# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 88 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મંગળવાર, ૧૫ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 88 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૫ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતના સમુદ્રમાંથી ₹ ૧૮૦૦ કરોડની કિંમતનું ૩૧૧ કિલો ડ્રગ્સ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયાઈ વિસ્તારો ડ્રગ્સની દાણચોરી માટેનો મુખ્ય માર્ગ બની ગયા છે. તેમાં પણ ગુજરાતના દરિયામાંથી અવારનવાર નશીલા પદાર્થ ઝડપાતા રહે છે. આ દરમિયાન વધુ એક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં ભારતીય કોસ્ટ ગાર્ડ (આઈસીજી) અને ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ(એટીએસ)ને સફળતા મળી હતી.

ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવા માટે એટીએસ અને કોસ્ટ ગાર્ડ દ્વારા આ ઓપરેશન ૧૨-૧૩ એપ્રિલે પોરબંદરથી ૧૯૦ કિલોમીટર દૂર દરિયામાં આ ઓપરેશન હાથ ધરાયું હતું. ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડ દ્વારા રીકવર કરેલા ડ્રગ્સની તપાસ કરતા તેમાં કુલ ૩૧૧ પેકેટમાં આશરે ૩૧૧ કિલો માદક પદાર્થ મળી આવ્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત લગભગ રૂ. ૧૮૦૦ કરોડ થાય છે, આ મામલે ગુજરાત એટીએસ ખાતે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડ્રગ્સ મોકલનારનું નામ અગાઉ પણ એટીએસની તપાસમાં ખુલ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે માહિતી આપતા ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત એટીએસને એક ખાનગી બાતમીદારથી માહિતી મળી હતી કે, પાકિસ્તાનનો ફીદા નામનો ડ્રગ માફિયા ૪૦૦ કિલો જેટલો ગેરકાયદેસર માદક પદાર્થ

(જુઓ પાનું ૨) ▸▸



# મેહુલ ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ

## ₹૧૩,૦૦૦ કરોડની છેતરપિંડીના કેસમાં પકડાયા બાદ ટૂંક સમયમાં જ પ્રત્યર્પણ થવાની શક્યતા

નવી દિલ્હીઃ પંજાબ નેશનલ બૅન્કને લગતા કથિત રૂ. ૧૩,૦૦૦ કરોડની છેતરપિંડી સંબંધિત કેસને મામલે ભારતની તપાસ એજન્સીએ કરેલી વિનંતીને પગલે ભાગેડુ જાહેર કરાયેલા હીરાના વેપારી મેહુલ ચોકસી (૬૫)ની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કેસને મામલે તપાસ કરી રહેલી સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) જેવી તપાસ એજન્સી દ્વારા કરવામાં આવેલી વિનંતીને પગલે શનિવારે કેસના બીજા મુખ્ય શંકાસ્પદ મેહુલ ચોકસી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

તબીબી સારવારની ભૂમિકાને આધારે દેશમાંથી ભાગી ગયેલો ચોકસી છેલ્લે ગયા વરસે બેલ્જિયમમાં જોવા મળ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર ભારતથી નાસી છૂટ્યા બાદ વર્ષ ૨૦૧૮થી તે એન્ટિગુઆમાં

(જુઓ પાનું ૨) ▸▸

# સાઉદીએ ભારતના હજયાત્રીઓની સંખ્યામાં ૫૨,૦૦૦નો ઘટાડો કર્યો

## કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા, પીડીપીનાં પ્રમુખ મહેબૂબા મુફ્તિની વડા પ્રધાનને અપીલ

શ્રીનગરઃ સાઉદી અરબે ૫૨,૦૦૦ ભારતીય હજયાત્રીઓનો સ્લૉટ રદ કર્યા બાદ શાસક અને વિપક્ષે એકજૂટ થઈ એ અંગે ચિંતા વ્યક્ત કરી આ મુદ્દો સાઉદીની ટોચની નેતાગીરી સાથે ઉપાડી લેવાની કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી.

૫૨,૦૦૦ ભારતીય હજયાત્રીઓનો સ્લૉટ રદ કરવાનો સાઉદીનો નિર્ણય ચિંતા ઉપજાવનારો છે કેમ કે તેમાંના મોટાભાગનાઓએ હજયાત્રા માટેની રકમની ચુકવણી કરી દીધી છે.

અસરગ્રસ્ત યાત્રાળુઓના હિતમાં વહેલામાં વહેલી તકે સમાધાનકારી ઉકેલ લાવવામાં આવે તે માટે સાઉદીના સત્તાધિકારીઓ સાથે વાતચીત કરવાની અમે વિદેશ પ્રધાન એસ. જયશંકરને વિનંતી કરીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

પવિત્ર હજયાત્રા માટે જવા ઈચ્છુક અને આશા ધરાવતા હજારો યાત્રાળુઓની ચિંતા દૂર કરવા માટેનું

(જુઓ પાનું ૨) ▸▸

**મુંબઈ આતંકવાદી હુમલો**

# તહવ્વૂર રાણાની દરરોજ આઠથી દસ કલાક પૂછપરછ કરાય છેઃ એનઆઈએ

નવી દિલ્હીઃ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની ટીમ મુંબઈ આતંકવાદી હુમલાના મોટા ષડયંત્રનો પર્દાફાશ કરવા હુમલાના ચાવીરૂપ માસ્ટરમાઈન્ડ તહવ્વૂર રાણાની દરરોજ આઠથી દસ કલાક પૂછપરછ કરે છે, એમ સૂત્રોએ સોમવારે કહ્યું હતું.

એનઆઈએના અધિકારીઓ રાણાનું નિયમિત રીતે મેડિકલ ચેકઅપ થતું રહે અને તેને તેના વકીલને મળવાની પરવાનગી મળે તેની ખાતરી કરે છે, એમ દિલ્હી હાઈ કોર્ટેના આદેશમાં જણાવવામાં આવ્યું હતું.

દિલ્હી હાઈ કોર્ટે શુક્રવારે સવારે રાણાની ૧૮ દિવસની કસ્ટડી તપાસ એજન્સીને આપવાનો આદેશ આપ્યો હતો.

પાકિસ્તાનસ્થિત આતંકવાદી જૂથ લશ્કરે તૈયબા દ્વારા વર્ષ ૨૦૦૮માં કરવામાં આવેલા મુંબઈ આતંકવાદી હુમલાએ ૧૬૬ જણનો ભોગ લીધો હતો. આ હુમલામાં ૨૩૮ કરતાં વધુ લોકો ઘાયલ થયા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર હુમલા પાછળના મોટા કાવતરાંનો પર્દાફાશ કરવા તપાસ એજન્સી રાણાની દરરોજ આઠથી દસ કલાક પૂછપરછ કરે છે. મુખ્ય તપાસ અધિકારી જયા

(જુઓ પાનું ૨) ▸▸

# મુર્શિદાબાદમાં પરિસ્થિતિ સામાન્ય થઈ રહી છે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત મુર્શિદાબાદમાં પરિસ્થિતિ ઉત્તરોત્તર સામાન્ય બની રહી છે. પોલીસે કહ્યું હતું કે દુકાનો ખુલવા લાગી છે અને વિસ્થાપિત કુટુંબો પાછા આવવા લાગ્યા છે.

વધારાના ડિરેક્ટર જનરલ ( કાયદો અને વ્યવસ્થા) જાવેદ શમીમે કહ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવાના પ્રયાસો ચાલુ છે.

તેમણે કહ્યું હતું કે દુકાનો ખોલવાનું શરૂ થયું છે અને લોકો પાછા ફરી રહ્યા છે. અત્યાર સુધી ૧૯ કુટુંબો ઘરે પાછા આવ્યા છે. માલદા અને મુર્શિદાબાદ જિલ્લા વહીવટીતંત્ર જે લોકો ભાગી છુટ્યા છે તેમના પુનરાગમન માટે સાથે મળીને કામ કરી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અશાંતિ ફરી ન ફેલાય એ માટે અફવા ફેલાતા રોકવાની જરૂરી

(જુઓ પાનું ૨) ▸▸

# ટૅરિફ વૉરની વચ્ચે માર્ચ મહિનામાં ચીનની નિકાસ વધી અને આયાત ઘટી

બેંગકોકઃ દરેક કંપની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા ટૅરિફના વધારાને ચાતરી જવા ધસી રહ્યા છે ત્યારે ચીનની નિકાસ અગાઉના વર્ષના માર્ચની તુલનામાં ૧૨.૪ ટકા વધી ગઈ હતી. સરકારે આપેલી માહિતી પ્રમાણે ચીનની આયાતમાં ૪.૩ ટકાનો ઘટાડો થયો છે.

કસ્ટમ્સ વહીવટીકર્તાના જણાવ્યા પ્રમાણે વિશ્વના બીજા નંબરના મોટા અર્થતંત્રની નિકાસ ગયા ત્રિમાસિકની સરખામણીમાં આ વર્ષે ૫.૮ ટકા વધી હતી. બીજી બાજુ આયાત સાત ટકા ઘટી હતી.

માર્ચમાં ચીનની નિકાસ ૪.૫ ટકા વધતાં તેની અમેરિકા સાથેની વેપાર પુરાંત ૨૭.૬ અબજ ડૉલર થઈ હતી. વર્ષના

(જુઓ પાનું ૨) ▸▸



**પ્રતિજ્ઞાઃ** નરેન્દ્ર મોદી વડા પ્રધાન નહીં બને ત્યાં સુધી હું પગરખાં નહીં પહેરું એવી પ્રતિજ્ઞા ૧૪ વર્ષ અગાઉ લેનાર હરિયાણાના યમુનાનગરના રહેવાસી રામપાલ કશ્યપને સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે પગરખાં પહેરાવ્યા હતા. (એજન્સી)

# રાષ્ટ્રપતિ, પીએમ, શાહ અને અન્ય લોકોએ ઓડિશા અને આસામના લોકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી

ભુવનેશ્વર/ગુવાહાટી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ સહિત અનેક નેતાઓએ સોમવારે ઓડિશા અને આસામના લોકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

ઓડિશામાં આ દિવસને પના સંક્રાંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે અને આસામના લોકો બોહાગ બિહુને નવાં વર્ષ નિમિત્તે ઊજવે છે.

ઓડિશાના વતની રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર લોકોને સંબોધતા કહ્યું કે, ''પવિત્ર ઓડિયા નવા વર્ષ, પના સંક્રાંતિ અથવા મહા બિશુબા સંક્રાંતિના અવસર પર, હું ઓડિશાના લોકોને અને વિદેશમાં રહેતા આપણા ઓડિયા ભાઈ-બહેનોને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. પના સંક્રાંતિ આપણા સમાજમાં પ્રેમ અને શાંતિનો સંદેશ લાવે છે.

આ આનંદકારક તહેવાર આપણને આપણા દેશ માટે સમર્પિતપણે કામ કરવાની પ્રેરણા પણ આપે છે. આ પ્રસંગે, હું દરેકને સુખ અને સમૃદ્ધિની શુભેચ્છા પાઠવું છું.''

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ લોકોને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, ''ઓડિયા નવા વર્ષની શુભકામનાઓ.''


મોદીએ તેમની એક્સ પોસ્ટ પર ઓડિયાઓ દ્વારા તુલસીના છોડની પૂજા દર્શાવતું સ્ટીકર પણ શેર કર્યું હતું અને લખ્યું હતું કે, ''મહા બિશુબા પના સંક્રાંતિની શુભકામનાઓ. આવનારું વર્ષ તમારાં બધાં સપનાઓની પરિપૂર્ણતા લાવે, અને સર્વત્ર સુખ, સંવાદિતા અને સમૃદ્ધિ પ્રવર્તે.''

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, ''મહા બિશુબ સંક્રાંતિ નિમિત્તે ઓડિશાના મારા બહેનો અને ભાઈઓને હાર્દિક શુભેચ્છાઓ. ઓડિયા નવા વર્ષના આગમન પર, મહાપ્રભુ બધા પર આનંદ, સુખાકારી અને સમૃદ્ધિના આશીર્વાદ વરસાવે.''

મુર્મૂએ એક્સ પર એક પોસ્ટમાં દેશ અને વિદેશમાં રહેતા તમામ ભારતીયોને બોહાગ બિહુ, તેમજ દેશભરમાં એકસાથે ઉજવાતા અન્ય મુખ્ય તહેવારો વૈશાખી, વિશુ, પોઈલા વૈશાખ, મેશાદી, વૈશાખડી અને પુથંડુ પીરાપુની શુભેચ્છાઓ પાઠવી હતી.

મોદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે, ''તમને આનંદદાયક અને જીવંત બોહાગ બિહુની શુભેચ્છાઓ! નવું વર્ષ તમારાં બધાં કાર્યોમાં નવી શરૂઆત, ખુશી અને સમૃદ્ધિ લાવે. દરેકના સારા સ્વાસ્થ્ય અને બધી આકાંક્ષાઓની પરિપૂર્ણતા માટે પ્રાર્થના.''

શાહે એક્સ પરની પોતાની પોસ્ટમાં બોહાગ બિહુ નિમિત્તે લોકોને શુભેચ્છાઓ પાઠવતા લખ્યું હતું કે, ''બ્રહ્મપુત્ર નદીના કિનારે ગુંજતા આસામી નવા વર્ષનું સ્વાગત કરવાનો આનંદ દરેક માટે સમૃદ્ધિ અને સુખાકારીનું આમંત્રણ આપે.''



**કળશ પૂજાઃ** અયોધ્યાસ્થિત રામ મંદિરના ગર્ભગૃહના મુખ્ય શિખર પર સોમવારે કળશ બેસાડવામાં આવ્યો હતો. (એજન્સી)

# હિમાચલમાં એક જ પરિવારના પચીસ સભ્યોને ભમરી કરડતાં પાંચની હાલત ગંભીર

હમીરપુરઃ હિમાચલ પ્રદેશમાં એક અસામાન્ય ઘટનામાં હમીરપુર જિલ્લાના રક્કડ ગામમાં સોમવારે સવારે ભમરીઓ કરડતાં એક જ પરિવારના ૨૫ સભ્યો ઘાયલ થયા હતા. તેઓ એક લગ્ન સમારોહમાં હાજરી આપી રહ્યા હતા. ભમરીઓના હુમલા સમયે તેઓ મંદિર ગયા હતા.

આ ઘટના ત્યારે બની જ્યારે વરરાજો નવીન સિંહ અને તેના પરિવારના સભ્યો લગ્નની વિધિના ભાગરૂપે ગુગા મંદિરમાં પૂજા કરવા ગયા હતા. પૂજા બાદ મંદિર પરિસરની નજીક અચાનક ભમરીઓએ તેમના પર હુમલો કર્યો અને તેમને ડંખ માર્યા હતા. આ અચાનક થયેલા હુમલાથી ગભરાટ ફેલાયો હતો. દરેક વ્યક્તિ પોતાને બચાવવાનો પ્રયાસ કરી રહી હતી.

વરરાજાના પિતા દિલીપ સિંહે જણાવ્યું કે તેઓને નાદૌન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેઓની સારવાર ચાલી રહી છે. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે તેમાંથી પાંચની હાલત ગંભીર છે. જ્યારે વરરાજા સહિત કેટલાક અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલા બાદ પરિવારમાં ખુશીનો માહોલ દુઃખમાં ફેરવાઇ ગયો છે. હાલમાં લગ્નની વિધિઓ થોડા સમય માટે મુલતવી રાખવામાં આવી છે.

આ પહેલા શનિવારે સાંજે બિલાસપુર જિલ્લાના અલાગ(જોલ) ગામમાં ઘાસ કાપતી બે મહિલાઓ પર મધમાખીઓએ હુમલો કર્યો હતો. અત્રે નોંધનીય છે કે ભમરી માંસાહારી હોય છે, જે જંતુઓ, કરોળિયા અને અન્ય જીવો ખાય છે. જ્યારે મધમાખીઓ મુખ્યત્વે શાકાહારી હોય છે.

# છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા પાંચ આઈઈડી શોધાયા

બીજાપુરઃ પોલીસે જણાવ્યું કે, સોમવારે છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં નક્સલીઓ દ્વારા સુરક્ષા દળોને નિશાન બનાવવા માટે લગાવવામાં આવેલા પાંચ ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઈઈડી) શોધી કઢાયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, છત્તીસગઢ સશસ્ત્ર દળ (સીએએફ) અને સ્થાનિક પોલીસની સંયુક્ત ટીમ જ્યારે વિસ્તારના પ્રભુત્વ અને ડિમાઇનિંગનાં ઓપરેશન પર હતી ત્યારે માનકેલી ગામ નજીક એક ધૂળિયા રસ્તા પર આઈઈડી મળી આવ્યા હતા.

તેમણે જણાવ્યું કે, ત્રણ આઈઈડી, દરેક બે કિલો વજનના, બિયરની બોટલોમાં પેક કરવામાં આવ્યા હતા, જ્યારે બે ઉપકરણો, જે દરેક ત્રણ કિલોથી પાંચ કિલો વજનના હતા, સ્ટીલના ટિફિન બોક્સમાં પેક કરવામાં આવ્યા હતા.

''જમીન નીચે ત્રણ મીટરથી પાંચ મીટરના અંતરે શ્રેણીબદ્ધ સ્થિતિમાં મૂકવામાં આવેલા આઈઈડીમાં કમાન્ડ સ્વિચ મિકેનિઝમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે સુરક્ષા દળોને નિશાન બનાવવા માટે મૂકવામાં આવ્યા હતા.''

તેમણે કહ્યું કે, આ રિકવરીને કારણે મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી ગઈ હતી.

માઓવાદીઓ ઘણીવાર બીજાપુર સહિત સાત જિલ્લાઓ ધરાવતા બસ્તર પ્રદેશના આંતરિક ભાગોમાં પેટ્રોલિંગ દરમિયાન સુરક્ષા કર્મચારીઓને નિશાન બનાવવા માટે જંગલોમાં રસ્તાઓ અને ધૂળિયા રસ્તાઓ પર આઈઈડી પ્લાન્ટ કરે છે. ભૂતકાળમાં, નાગરિકો ઘણીવાર આવા ફાંદાનો શિકાર બન્યા છે, એમ પોલીસે જણાવ્યું હતું.

૬ જાન્યુઆરીના રોજ, નક્સલીઓએ બીજાપુર જિલ્લામાં એક શક્તિશાળી આઈઈડી વડે વાહનને ઉડાવી દીધું હતું, જેમાં આઠ પોલીસ કર્મચારી અને તેમના નાગરિક ડ્રાઇવરનું મોત નીપજ્યું હતું.

# આગામી વર્ષે બંગાળ વિધાનસભાની ચૂંટણી રાષ્ટ્રપતિ શાસન હેઠળ યોજવી જોઈએઃ સુવેન્દુ અધિકારી

કોલકાતાઃ ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારીએ સોમવારે માગ કરી હતી કે ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી રાષ્ટ્રપતિ શાસન હેઠળ યોજવામાં આવે, અને મુર્શિદાબાદ જિલ્લામાં તાજેતરની હિંસા બાદ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ભાંગી પડી હોવાનો આરોપ લગાવ્યો હતો.

અધિકારીએ કહ્યું કે મુર્શિદાબાદના સુતી, ધુલિયાન, જાંગીપુર અને શમશેરગંજ સહિત કેટલાક ભાગોમાં ચાલી રહેલી અશાંતિ, નાગરિકોનું રક્ષણ કરવામાં અને શાંતિ જાળવવામાં રાજ્ય સરકારની અસમર્થતા દર્શાવે છે.

તેમણે દાવો કર્યો હતો કે ટોળાએ તોડફોડ કરી ત્યારે શાસક સરકાર ''મૌન પ્રેક્ષક'' બની રહી છે.

''જ્યાં પણ હિન્દુઓ લઘુમતીમાં હોય ત્યાં તેમને મતદાન કરવાથી રોકવામાં આવે છે. પોલીસ શાસક પક્ષના કાર્યકરોની જેમ વર્તે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે, વિધાનસભાની ચૂંટણીઓ રાષ્ટ્રપતિ શાસન હેઠળ થવી જોઈએ,'' એમ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અધિકારીએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

તાજેતરની હિંસા પાછળ ''જેહાદી તત્વો'' હોવાનો આરોપ લગાવતા અધિકારીએ કહ્યું કે, ''આ જૂથોને હિંસા કરવાની છૂટ છે. અમે તેમનો સામનો કરવા તૈયાર છીએ, પરંતુ સમાન રમતનું મેદાન હોવું જોઈએ. ચૂંટણી પંચે ચૂંટણી પહેલા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરવાનું વિચારવું જોઈએ.''

અધિકારીઓએ જણાવ્યું હતું કે હિંસાથી પ્રભાવિત સેંકડો લોકોએ ભાગીરથી નદી પાર કરીને પડોશી માલદા જિલ્લામાં આશરો લીધો હોવાના અહેવાલ છે. દરમિયાન, અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કાર્યવાહી કરતા, કોલકાતા હાઇકોર્ટે શનિવારે કાયદો અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સીએપીએફ) તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે.

વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષે એપ્રિલ-મેમાં યોજાવાની છે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજ્યપાલો બિલ રોકી રાખે તો વિધાનસભાનું કામ શું?

**રાજ્યપાલો** દ્વારા રાજ્યોની વિધાનસભામાં પસાર કરાતાં બિલોને રોકી રાખવા મુદ્દે સુપ્રીમ કોર્ટે લીધેલા આકરા વલણના કારણે રાજકીય વિવાદ પેદા થઈ ગયો છે અથવા તો રાજકીય વિવાદ ખડો કરાઈ રહ્યો છે. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ન્યાયિક અતિરેક ગણાવ્યો છે. આર્લેકરનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટ પોતાની મર્યાદા ઓળંગીને સરકાર અને વિધાનસભાના કામમાં દખલ કરી રહી છે. આર્લેકરે તો સવાલ પણ કર્યો છે કે, કોર્ટ બંધારણમાં સુધારો કરવા માંડે તો સંસદ અને વિધાનસભાની ભૂમિકા શું હશે? આર્લેકરનો સવાલ વાહિયાત છે ને તેની વાત કરીશું પણ પહેલાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાની વાત કરી લઈએ.

તમિળનાડુ સરકારે વિધાનસભામાં પસાર કરાયેલાં બિલોને રાજ્યપાલે રોકી રાખ્યાં છે એ કેસમાં ઐતિહાસિક ચુકાદો આપીને આદેશ આપ્યો હતો કે રાજ્યપાલે એક મહિનાની અંદર વિધાનસભા દ્વારા મોકલવામાં આવેલા બિલ પર નિર્ણય લેવો પડશે. સુપ્રીમ કોર્ટે તમિળનાડુ વિધાનસભા દ્વારા મોકલાયેલાં પણ રાજ્યપાલે મંજૂર નહીં કરેલાં ૧૦ બિલોને મંજૂર કરાયેલાં પણ જાહેર કરી દીધાં. એ પછી સુપ્રીમ કોર્ટે રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલાં બિલો અંગે પણ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે દેશના રાષ્ટ્રપતિએ કેટલા સમયમાં રાજ્યપાલે મોકલેલાં બિલો અંગે નિર્ણય લેવો તેની મર્યાદા પણ નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ પર ૩ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. સુપ્રીમ કોર્ટે પોતાની વેબસાઇટ પર અપલોડ કરેલા આદેશમાં બંધારણની કલમ ૨૦૧નો ઉલ્લેખ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, રાજ્યપાલો દ્વારા મોકલવામાં આવેલાં બિલોના કિસ્સામાં રાષ્ટ્રપતિ પાસે સંપૂર્ણ વીટો અથવા પૉકેટ વીટોનો અધિકાર નથી. રાષ્ટ્રપતિ કોઈ બિલને મંજૂરી ના આપે તો તેમના નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે અને ન્યાયતંત્ર બિલની બંધારણીયતા નક્કી કરશે. આ વાત સો ટકા સાચી છે કેમ કે દેશની સુપ્રીમ કોર્ટને બંધારણીય અર્થઘટનનો સંપૂર્ણ અધિકાર છે.

બિલ મળ્યાના ૩ મહિનાની અંદર રાષ્ટ્રપતિએ નિર્ણય લેવો ફરજિયાત છે. વિલંબ થાય તો વિલંબનાં કારણો જણાવવાં આવશ્યક છે. રાષ્ટ્રપતિ બિલને રાજ્ય વિધાનસભામાં સુધારા અથવા પુનર્વિચાર માટે પાછું મોકલે પણ વિધાનસભા તેને ફરીથી પસાર કરે તો રાષ્ટ્રપતિએ બિલ પર અંતિમ નિર્ણય લેવો પડશે કેમ કે વારંવાર બિલ પાછું ના મોકલી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે રાષ્ટ્રપતિના નિર્ણયની કલમ ૨૦૧ હેઠળ ન્યાયિક સમીક્ષા કરી શકાય છે. બીજા કોઈ પણ સંજોગોમાં પણ ન્યાયતંત્રને બિલની સમીક્ષા કરવાનો અધિકાર છે જ.

સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે કેટલાંક લોકોએ વાંધો લીધો છે કે, સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ કઈ રીતે આપી શકે ? તેમની દલીલ છે કે, રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે ત્યારે તેમનાથી ઉપર કોઈ ના હોઈ શકે એ જોતાં સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપીને પોતાની મર્યાદા ઓળંગી રહી છે.

આ વાંધો વાહિયાત છે અને આ દલીલ પણ વાહિયાત છે કેમ કે રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે, પોતે બંધારણ નથી. આ દેશમાં બંધારણીય વડા હોય કે સામાન્ય નાગરિક હોય, દરેકે બંધારણ પ્રમાણે વર્તવું ફરજિયાત છે. બંધારણીય વડા કે બીજો કોઈ પણ ચૂંટાયેલો હોદ્દેદાર કે સરકારમાં બેઠેલો અધિકારી કે બીજું કોઈ પણ બંધારણ પ્રમાણે વર્તે છે કે નહીં એ નક્કી કરવાનું કામ સુપ્રીમ કોર્ટનું છે કેમ કે આ દેશના બંધારણે જ સુપ્રીમ કોર્ટને બંધારણીય અર્થઘટન માટેની સર્વોપરી સંસ્થા ગણાવી છે.

આપણા બંધારણની જોગવાઈ પ્રમાણે, રાષ્ટ્રપતિએ પણ બંધારણીય બાબતોમાં અર્થઘટન માટે સુપ્રીમ કોર્ટની સલાહ લેવી જરૂરી છે. રાષ્ટ્રપતિ પોતાની રીતે નિર્ણય ના લઈ શકે એવી સ્પષ્ટ જોગવાઈ છે. સદનસીબે આ દેશને મોટા ભાગે એવા રાષ્ટ્રપતિ મળ્યા કે જેમણે બંધારણીય ગૂંચવાડા વખતે સુપ્રીમ કોર્ટની સલાહ લીધી તેથી સુપ્રીમ કોર્ટે કોઈ રાષ્ટ્રપતિને આદેશ ના આપવો પડ્યો પણ તેનો અર્થ રાષ્ટ્રપતિ સર્વોપરી છે ને તેને કોઈ પડકારી કે આદેશ જ ના આપી શકે એવો નથી. રસપ્રદ વાત એ છે કે જે લોકો રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટ આદેશ ના આપી શકે એવી દલીલ કરે છે એ જ લોકો ૧૯૭૫માં રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહમદે લીધેલા કટોકટી લાદવાના નિર્ણયને ગેરબંધારણીય જાહેર કરાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાવી છે.

કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ન્યાયિક અતિરેક ગણાવ્યો છે તેની પણ વાત કરી લઈએ. આર્લેકરે આડકતરી રીતે કહ્યું છે કે, કોર્ટ પોતાની મર્યાદા ઓળંગીને સરકાર અને વિધાનસભાના કામમાં દખલ કરી રહી છે. આર્લેકરની દલીલ છે કે, રાજ્યપાલે કોઈ પણ બિલ પર કેટલા સમયમાં નિર્ણય લેવો એ માટે બંધારણમાં કોઈ સમયમર્યાદા નથી કરાઈ. આ સંજોગોમાં કોર્ટે ૩ મહિનાની મર્યાદા નક્કી કરી એ બંધારણીય સુધારો કરવા જેવું છે. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે નહીં પણ રાજ્યપાલોએ પોતાની મર્યાદા ઓળંગી તેના કારણે સમસ્યા સર્જાઈ છે.

આર્લેકરની વાત સાચી છે કે બંધારણમાં કોઈ સમયમર્યાદા નક્કી કરાઈ નથી પણ સામે બિલને મંજૂર ના કરવાં કે કોઈ નિર્ણય ના લેવાં એવું પણ કહેવાયું નથી. રાજ્યપાલો કોઈ બિલને પાંચ-પાંચ વર્ષ સુધી રોકી રાખી શકે એવું બંધારણમાં ક્યાંય લખાયેલું નથી ને બંધારણમાં સમયમર્યાદા નક્કી કરી નથી તેનો અર્થ બિલોને રોકી રાખવાં એવો થતો નથી.

આર્લેકર સંસદ અને વિધાનસભાના અધિકારની દુહાઈ આપી રહ્યા છે ત્યારે અમે કરીએ એ લીલા ને બીજાં કરે એ છિનાળું જેવું લાગે છે કેમ કે સુપ્રીમ કોર્ટ વિધાનસભાનો અધિકાર નથી છિનવી રહી પણ રાજ્યપાલો એ અધિકાર છિનવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ તો રાજ્યોની વિધાનસભાના અધિકારને ફરી સ્થાપિત કરી રહી છે. રાજ્યોની વિધાનસભા જે બિલ પસાર કરે તેને એક વ્યક્તિ એટલે કે રાજ્યપાલ રોકી રાખે તો વિધાનસભાનો મતલબ શું છે? પ્રજાએ પોતાના પ્રતિનિધિઓને જખ મારવા ચૂંટીને મોકલ્યા છે ? રાજેન્દ્ર આર્લેકરે એ સવાલનો જવાબ આપવો જોઈએ કે, વિધાનસભાએ પસાર કરેલાં બિલ તમે રોકી રાખો છો તો તમે વિધાનસભાથી ઉપર છો? આ બિલો રોકવાનો અધિકાર તમને કોણે આપ્યો છે ? આર્લેકર સહિતના રાજ્યપાલોએ બંધારણ વાંચવું જોઈએ અને તેની ગરિમા જાળવવી જોઈએ. બંધારણની કલમ ૨૦૧ કહે છે કે વિધાનસભા બિલ પસાર કરે છે પછી તે રાજ્યપાલને મોકલવું જોઈએ અને રાજ્યપાલે તેને રાષ્ટ્રપતિ પાસે વિચારણા માટે મોકલવું જોઈએ. આ સ્થિતિમાં રાષ્ટ્રપતિએ કાં બિલને મંજૂરી આપવી પડે અથવા મંજૂરી આપી રહ્યા નથી એવું કારણ સાથે કહેવું પડે. લોકશાહીમાં સંસદ અને વિધાનસભા સર્વોપરી છે ત્યારે રાજ્યપાલોને તેમની સર્વોપરિતા સ્વીકારવામાં વાંધો શું છે એ જ ખબર નથી પડતી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૧૫-૪-૨૦૨૫, હિમાચલ ડે, વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૫, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૯ સુધી (તા. ૧૬મી), પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૦-૨૬ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક.૧૩-૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૨ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૬-૫૧, રાત્રે ક. ૧૯-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – દ્વિતીયા. વૈશાખાદિ (બંગાલ), માઘ બિહુ (આસામ), સારહુલ (બિહાર), હિમાચલ ડે, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૦-૨૬. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪-૦૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ઈન્દ્ર પૂજા, અગ્નિ પૂજા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવા વસ્ત્ર, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અણધાર્યા ફેરફારો આવે, ચંદ્ર-રાહુ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-શનિ ત્રિકોણ જવાબદારીવાળું સ્થાન પ્રાપ્ત કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૧૬),

ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## કૉંગ્રેસના શાસનમાં દેશમાં અંધારપટ જોવા મળતું, હવે દેશ વીજળીની નિકાસ કરી રહ્યો છેઃ મોદી

યમુનાનગર (હરિયાણા) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલા કૉંગ્રેસ સત્તામાં હતી ત્યારે અંધારપટ થતો હતો, પરંતુ છેલ્લા દાયકામાં ભારતનું વીજ ઉત્પાદન બમણું થયું છે અને તે વીજળી નિકાસ કરી રહ્યું છે.

અહીં દીનબંધુ છોટુરામ થર્મલ પાવર પ્લાન્ટ ખાતે ૮૦૦ મેગાવોટના અલ્ટ્રા ક્રિટિકલ આધુનિક થર્મલ પાવર યુનિટનો શિલાન્યાસ કર્યા બાદ એક સભાને સંબોધતા તેમણે કહ્યું કે હરિયાણા ભાજપની ડબલ-એન્જિન સરકારની બમણી ગતિ જોઈ રહ્યું છે.

૨૩૩ એકરમાં ફેલાયેલું અને લગભગ ૮,૪૭૦ કરોડ રૂપિયાનું આ થર્મલ પાવર યુનિટ માર્ચ ૨૦૨૯ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. તે હરિયાણાની ઊર્જા સ્વ-નિર્ભરતાને નોંધપાત્ર રીતે વધારશે અને રાજ્યભરમાં અવિરત વીજ પુરવઠો પૂરો પાડશે.

'ગોબરધન' (ગેલ્વનાઇઝિંગ ઑર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સિસ ધન) ના વિઝનને આગળ ધપાવતા, મોદીએ અહીં મુકરબપુરમાં એક કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનો શિલાન્યાસ પણ કર્યો.

૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાનો લક્ષ્યાંક ધરાવતા આ પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૨૬૦૦ મેટ્રિક ટન હશે અને સ્વચ્છ ઊર્જા ઉત્પાદન અને પર્યાવરણીય સંરક્ષણમાં યોગદાન આપવાની સાથે અસરકારક કાર્બનિક કચરા વ્યવસ્થાપનમાં મદદ કરશે, એમ અગાઉ એક નિવેદનમાં જણાવાયું હતું.

અહીંથી, મોદીએ ભારતમાલા પરિયોજના હેઠળ આશરે રૂ.૧૦૭૦ કરોડના ૧૪.૪ કિમી લાંબા રેવાડી બાયપાસ પ્રોજેક્ટનું ડિજિટલી ઉદઘાટન પણ કર્યું હતું.

બાયપાસ રેવાડી શહેરની ભીડ ઘટાડશે, દિલ્હી-નારનૌલ મુસાફરીનો સમય એક કલાક ઘટાડશે અને પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિને વેગ આપશે. ■

## વક્ફ કાયદાના વિરોધ પ્રદર્શનમાં હવે બંગાળના ભાંગરમાં હિંસા ભડકી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ભાંગરમાં વક્ફ (સુધારો) કાયદા સામેના દેખાવ દરમિયાન ઈન્ડિયન સેક્યુલર ફ્રન્ટ (આઈએસએફ)ના ટેકેદારો અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં અનેક લોકો ઘાયલ થયા હતા અને અનેક પોલીસ વાહનોને આગ ચાંપવામાં આવી હતી.

પોલીસે ફ્રન્ટના ટેકેદારોને કોલકાતાના રામલીલા મેદાનમાં યોજાયેલી વક્ફ કાયદાવિરોધી રૅલીમાં ભાગ લેવા જતાં રોકતાં આ અથડામણ થઈ હતી. આ રૅલીને તેમના પક્ષના નેતા અને ભાંગરના વિધાનસભ્ય નૌશાદ સિદ્દીકી સંબોધવાના હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આઈએસએફના ભાંગર અને પડોશના મિનાખાન અને સંદેશખાલી વિસ્તારમાંથી આવેલા કાર્યકર્તાઓને બસંતી હાઈવેના ભોજેરહાટમાં રોકવામાં આવ્યા હતા. ટોળાએ પોલીસ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કરતાં તંગદિલી વધી હતી. આને લીધે પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે દેખાવકારોએ પોલીસના વાહનોને આગ ચાંપી હતી અને દેખાવકારોએ પોલીસ પર હુમલો કરતાં થોડા પોલીસને ઈજા થઈ હતી.

બનાવ નજરે જોનારાઓનું કહેવું છે કે પોલીસે દેખાવકારોને વિખેરવા લાઠીચાર્જ કર્યો હતો, કારણ કે રામલીલા મેદાન પરની રૅલી યોજવાની પોલીસની યોગ્ય પરવાનગી નહોતી. લાઠીચાર્જમાં ફ્રન્ટના એક કાર્યકર્તાને માથામાં ઈજા થઈ હતી.

પરિસ્થિતિ વકરતા દેખાવકારોએ હાઈવે પર ધરણાં કર્યાં હતાં અને આને લીધે ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલ્યો હતો.

પરિસ્થિતિને કાબૂમાં લાવવા સિનિયર અધિકારીઓ સહિત પોલીસના મોટા દળને તહેનાત કરવામાં આવ્યો હતો. નજીકના વિસ્તારમાં હાઈ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. દેખાવકારોને પછી વિખેરવામાં આવ્યા હતા.

કોલકાતામાં સંબોધન કરતાં નૌશાદે વક્ફ કાયદાની ટીકા કરી હતી અને એને પાછા લેવાની માગણી કરી હતી. તેમણે કહ્યું હતું કે આ કાયદો મુસ્લિમો પર હુમલો છે. આ બંધારણ પર હુમલો છે. અમે આ કાયદો સ્વીકારીશું નહીં. આવા કાયદાને ટેકો આપનાર સરકાર જવી જોઈએ.

આઈએસએફએ ભાજપ પર કોમી તંગદિલી વધારવાનો અને તૃણમૂલ કૉંગ્રેસ પર વિરોધ પક્ષના દેખાવને દબાવવાનો આક્ષેપ કર્યો હતો.

નૌશાદે કહ્યું હતું કે મુખ્ય પ્રધાને કહ્યું છે કે નવો વક્ફ કાયદો પશ્ચિમ બંગાળમાં લાગુ નહીં પડાય. અમે એનું સ્વાગત કરીએ છીએ. તો પછી પોલીસ અમારા કાર્યકર્તાઓને કેમ શાંત રૅલીમાં જતા રોકી રહી છે. શું વિરોધ કરવાનો અધિકાર તૃણમૂલ કૉંગ્રેસનો જ છે.

કેનિંગ પૂર્બના ટીએમસીના વિધાનસભ્ય શૌકત મુલ્લાએ આઈએસએફને કોઈ પણ વજુદ વિનાનો પક્ષ ગણાવ્યો હતો. તેઓ અશાંતિ અને ખલેલ સર્જવા માગે છે. તેમનો કોઈ જનાધાર નથી.

સુતી, ધુલિયન, સમસેરગંજ અને જાન્ગીપુરના વિસ્તારોમાં હિંસા શુક્રવારથી ફાટી નીકળતા ત્રણ જણ મરણ પામ્યા હતા અને બીજા અનેક લોકો ઘાયલ થયા હતા. ■

## હિસારમાં મોદીનો દાવોઃ કૉંગ્રેસે દલિતોને બીજા વર્ગના નાગરિકો બનાવી દીધા

હિસારઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બી. આર. આંબેડકરની જન્મજયંતીએ કૉંગ્રેસ પર મજબૂત પ્રહારો કર્યા હતા. મોદીએ કૉંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસે સત્તા પર હતી ત્યારે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બીજી પછાત જાતિઓને 'બીજા વર્ગના નાગરિકો' બનાવી દીધા હતા. મહારાજા અગ્રસેન હવાઈમથકથી અયોધ્યાની પહેલી કમર્શિયલ ફ્લાઈટને લીલી ઝંડી બતાડ્યા બાદ અને હવાઈમથકના નવા ટર્મિનલનો શિલાન્યાસ કર્યા બાદ મોદીએ જનસમુદાયને સંબોધન કરતાં કહ્યું હતું કે કૉંગ્રેસ આંબેડકરે લખેલા બંધારણની સંહારક બની છે. બાબાસાહેબ આંબેડકર સમાનતા લાવવા માગતા હતા, પરંતુ કૉંગ્રેસે દેશમાં વોટ બૅન્કના વાઈરસને ફેલાવ્યો હતો. આંબેડકર ઈચ્છતા હતા કે દરેક ગરીબ માણસ ગૌરવ સાથે જીવે, મસ્તક ઊંચું રાખે તથા સપના જુએ અને સાકાર કરે. જોકે કૉંગ્રેસે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બીજી પછાત જાતિઓને ' બીજા વર્ગના નાગરિકો' બનાવી દીધા.મુખ્ય વિરોધ પક્ષ પર જોરદાર પ્રહારો કરતાં મોદીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસે પવિત્ર બંધારણને સત્તા મેળવવાનું હથિયાર બનાવી દીધું અને વોટ બૅન્કના વાઈરસને ફેલાવ્યો.

તેમણે કૉંગ્રેસના નેતૃત્વની ટીકા કરતાં કહ્યું હતું કે જો નેતૃત્વને કચડાયેલા લોકોના કલ્યાણની એટલી ફિકર હોત તો હાલના દિવસોમાં દરેક ગલીમાં પ્રવચન કરતા લોકોએ એની તકેદારી લીધી હોત કે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બીજી પછાત જાતિઓને ઘરમાં પાણી મળે.

મોદીએ કહ્યું હતું કે આપણે એ ન ભૂલવું જોઈએ કે તેઓએ આંબેડકર સાથે શું કર્યું. જ્યારે આંબેડકર જીવતા હતા ત્યારે કૉંગ્રેસે તેમનું અપમાન કર્યું હતું. આંબેડકર બે વાર ચૂંટણી હારી ગયા હતા. ત્યારની કૉંગ્રેસ તેમની સરકારમાંથી હકાલપટ્ટી કરવા માગતી હતી. તેમને સિસ્ટમની બહાર રાખવા કાવતરું કરવામાં આવ્યું હતું. આંબેડકર જીવતા નહોતા ત્યારે કૉંગ્રેસ તેમની યાદ પણ ભુંસી નાખવા માગતી હતી. કૉંગ્રેસ તેમના વિચારોને પણ ખતમ કરવા માગતી હતી. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### મેહુલ ચોકસીની

રહેતો હતો અને ત્યારથી ભારતની તપાસ એજન્સીઓ તેની સોંપણી માટેનાં પ્રયાસો કરી રહી હતી.

વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૨૧ એમ બે વાર મુંબઈની વિશેષ અદાલતે તેની વિરુદ્ધ બે એરેસ્ટ વૉરંટ જારી કર્યાં હતાં. ચોકસી તબીબી કારણોને આગળ ધરીને જામીનની માગણી કરી શકે એ બાબતને ધ્યાનમાં રાખીને તેની ધરપકડ બાદ જરૂરી પેપર વર્ક કરી દેવામાં આવ્યું હતું.

મુંબઈસ્થિત પંજાબ નેશનલ બૅન્ક સાથે કથિત રૂ. ૧૩,૦૦૦ કરોડની છેતરપિંડી સંબંધિત કેસને મામલે સીબીઆઈ અને ઈડીએ ચોકસી, મોદી, તેમનાં પરિવારનાં સભ્યો અને કર્મચારીઓ, બૅન્ક અધિકારીઓ તેમ જ અન્યો વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર વૈશ્વિક પોલીસ સંસ્થા દ્વારા થોડા સમય અગાઉ જ ચોકસી અને નીરવ મોદી વિરુદ્ધની ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસ પાછી ખેંચી લેવામાં આવી હતી ત્યારથી સીબીઆઈ અને ઈડી સોંપણીને માર્ગે બંનેને ભારત પરત લાવવાનાં પ્રયાસ કરી રહી હતી. ચોકસી, તેની કંપની ગીતાંજલિ જેમ્સ અને અન્યોએ બૅન્કના અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરીને નિયમોનું ઉલ્લંઘન કરીને તેમ જ યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના લેટર ઑફ અન્ડરટેકિંગ (એલઓયુ) અને ફોરેન લેટર ઑફ ક્રેડિટ (એફએલસી) મેળવ્યા હતા.

તપાસ એજન્સીઓના જણાવ્યાનુસાર માર્ચ-એપ્રિલ ૨૦૧૭ના સમયગાળામાં પીએનબી મુંબઈની બ્રાડી હાઉસ શાખાના અધિકારીઓએ ૧૬૫ એલઓયુ અને ૫૯ એફએલસી જારી કર્યા હતા જેની સામે ૩૧૧ બિલ મંજૂર કરવામાં આવ્યા હતા. કંપની ડિફૉલ્ટ કરે તેવા સંજોગોમાં કોઈપણ પ્રકારની તપાસને ટાળી શકાય તે માટે મંજૂરીની મર્યાદા કે કેશ માર્જિન વિના તેમ જ પીએનબીની સેન્ટ્રલ બૅંકિંગ સિસ્ટમમાં કોઈપણ પ્રકારની એન્ટ્રી કર્યા વિના જ ચોકશીની કંપનીને આ એલઓયુ અને એફએલસી આપવામાં આવી હતી. એલઓયુ એટલે ગ્રાહક વતી બેન્ક દ્વારા વિદેશી બૅન્કને આપવામાં આવતી ગેરેન્ટી. ડિફોલ્ટના કિસ્સામાં જવાબદારી ગેરેન્ટર બૅન્કની રહે છે. પીએનબી દ્વારા જારી કરવામાં આવેલા એલઓયુને આધારે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, અલાહાબાદ બૅન્ક, હોંગકોંગ બૅન્ક. એક્સિસ બૅન્ક, બૅન્ક ઑફ ઈન્ડિયા (એન્ટવર્પ), કેનેરા બૅન્ક (માનામા) અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા (ફ્રેન્કફર્ટ)એ ચોકસી અને તેની કંપનીને ધિરાણ આપ્યું હતું. એલઓસી અને એફએલસીને આધારે મેળવેલી ધિરાણની રકમ આરોપીઓએ બેન્કને પરત ન કરતાં પીએનબીએ વ્યાજ સહિત વિદેશી બેન્કોને રૂ. ૬,૩૪૪.૯૭ કરોડની ચુકવણી કરી હતી.

ચોકસી વિરુદ્ધના કેસને મામલે ઈડીએ રૂ. ૨,૫૬૫.૯૦ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી અને કોર્ટે તેનું વેચાણ કરી રકમ વસૂલવાની પરવાનગી આપી હતી.

કેસને મામલે સીબીઆઈએ ઓછામાં ઓછી બે અને ઈડીએ ત્રણ ચાર્જશિટ દાખલ કરી હતી. કેસને મામલે સીબીઆઈ અને ઈડીએ ચોકસી અને નીરવ મોદીની ભારતને સોંપણી કરવા કરેલી કાયદેસર વિનંતીને આધારે વર્ષ ૨૦૧૯માં તેમની ધરપકડ કરી લંડનની જેલમાં રાખવામાં આવ્યા હતા. ચોકસીના વકીલ વિજય અગ્રવાલે કહ્યું હતું કે બેલ્જિયમ પોલીસે મારા અસીલની ૧૨ એપ્રિલ શનિવારે ધરપકડ કરી હતી. હાલ તે જેલમાં છે તેમ જ જામીન માટે નહીં પણ અપીલમાં જવાની પ્રક્રિયા આરંભવામાં આવી છે અને મારા અસીલને જેલમાં ન રાખવાની અને પોતાનો બચાવ કરવાની તેમ જ જેલમાં હોય ત્યારે તેની ભારતને સોંપણીનો વિરોધ કરવાની પરવાનગી આપવાની માગણી કરવામાં આવી છે. ચોકસી ગંભીર રીતે બીમાર છે અને તે કેન્સરની સારવાર લઈ રહ્યો હોવાને કારણે ભાગી શકવા અસમર્થ હોવાની સ્વાભાવિક બાબતો જ અપીલની ભૂમિકાનો મુખ્ય આધાર હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ગુજરાતના સમુદ્રમાંથી

પાકિસ્તાની ફિશિંગ બોટમાં ભરી ૧૨ એપ્રિલે સાંજે ૮ વાગ્યાથી ૧૩ એપ્રિલના સવારે ૪ વાગ્યા દરમિયાન પોરબંદરના આઈએમબીએલ (ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન) નજીક ગુજરાતના દરિયાકાંઠે લાવવાનો છે. જ્યાંથી ચેનલ નંબર ૪૮ પર પોતાની કોલ સાઇન 'રમિઝ'ના નામથી તમિળનાડુની કોઈ બોટને 'સાદિક'ના નામે બોલાવી તમામ ડ્રગ્સને તમિળનાડુ મોકલવાનો છે.

બાતમીના આધારે એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડના ઉચ્ચ અધિકારીઓએ તુરંત જ ગંભીરતા લઈ ઓપરેશનની તૈયારી કરી ભારતની જળ સીમામાં બાતમીવાળી જગ્યાએ પહોંચી વોચમાં પહોંચી ગયા હતા. તે દરમિયાન આઈએમબીએલ નજીક આ બાતમીવાળી બોટ દેખાતા તેને કોસ્ટગાર્ડની શીપ દ્વારા પકડવા જતા હતા. ત્યારે બોટ પર રહેલા ઇસમોએ બ્લુ રંગના ડ્રગ્સ દરિયામાં ફેંકી દીધા તથા ઝડપથી આઈએમબીએલ તરફ આગળ વધવા લાગ્યા હતા. કોસ્ટગાર્ડે આ પાકિસ્તાની બોટનો પીછો કર્યો, પરંતુ આ પાકિસ્તાની બોટ આઈએમબીએલ ઓળંગી નાસી ગઇ હતી. જ્યારે દરિયામાં નાખેલા તમામ ડ્રગ્સ રિક્વર કરવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત ડ્રગ્સ દાણચોરીનું પ્રવેશદ્વાર બની ગયું છે. ગુજરાત એટીએસ દ્વારા વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધી દરિયાઇ માર્ગે ફિશિંગ બોટ મારફતે ઘૂસણખોરી કરવામાં આવતા માદક પદાર્થો બાબતે અલગ અલગ રેડ દરમિયાન દરિયાઇ માર્ગમાંથી ૭૭ પાકિસ્તાની, ૩૪ ઈરાન, બે નાઈજેરિયન સહિત ૫૪૦૦ કિલો ડ્રગ્સ ઝડપાયું છે જેની કિંમત ૧૦ હજાર કરોડ જેટલી થાય છે. ■

### ટૅરિફ વૉરની વચ્ચે

પ્રથમ ત્રિમાસિકમાં ચીનની પુરાંત ૭૬.૬ અબજ ડૉલર થઈ હતી. ટ્રમ્પે વેપારનીતિની સમીક્ષા કરતાં અમેરિકામાં ચીનની નિકાસ પર ૧૪૫ ટકા ટૅરિફ લગાવી હતી. કસ્ટમ્સ ખાતાના પ્રવકતાએ કહ્યું હતું કે ચીન જટિલ અને કાતીલ બાહ્ય પરિસ્થિતિનો સામનો કરે છે, પરંતુ આને લીધે તેના પર કંઈ આભ નહીં તૂટી પડે. તેમણે ચીનના નિકાસના વિકલ્પો અને મોટી ઘરેલુ બજારનો ઉલ્લેખ કર્યો હતો. (એજન્સી) ■

### મુર્શિદાબાદમાં

છે. તેમણે વધુમાં કહ્યું હતું કે અત્યાર સુધી ૨૧૦ ધરપકડો કરવામાં આવી છે. હું લોકોને અફવાને ન માનવાનું અને માહિતી ચકાસવાનો અનુરોધ કરું છું. જો શાંતિ સ્થાપવી હોય તો અફવાનો પ્રસાર રોકવો જ પડશે. સુતી, ધુલિયન, સમસેરગંજ અને જાન્ગીપુરના વિસ્તારોમાં હિંસા શુક્રવારથી ફાટી નીકળતા ત્રણ જણ મરણ પામ્યા હતા અને બીજા અનેક લોકો ઘાયલ થયા હતા. પિતા અને પુત્રની કરપીણ હત્યા અંગે શમીમે કહ્યું હતું કે આનો અલગ કેસ નોંધવામાં આવશે અને આમાં સંડોવાયેલા બધા લોકો-કાવતરાબાજો અને દર્શકોને જવાબદાર ગણવામાં આવશે. તેમને ચોક્કસ રીતે ઓળખવામાં સમય લાગશે, પરંતુ કોઈને બક્ષવામાં નહીં આવે. પોલીસે સવારમાં જાહેરમાં એવો અનુરોધ કર્યો હતો કે દુકાનદારો તેમનો ધંધો ચાલુ કરે અને રહેવાસીઓ તેમનું સામાન્ય જીવન જીવે. શમિમે કહ્યું હતું કે પોલીસનો ટોચનો અગ્રતાક્રમ એ છે કે મુર્શિદાબાદમાં પરિસ્થિતિ સંપૂર્ણ સામાન્ય બનવાનો છે. અમને વિશ્વાસ છે કે અમે તત્કાળ એમ કરી શકીશું. (એજન્સી) ■

### સાઉદીએ ભારતના

આ મહત્ત્વનું પગલું હશે, એમ જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું. શાસક નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુખ અબ્દુલ્લાએ પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ મામલે સાઉદી સરકાર સાથે વાતચીત કરવાની અને ભારતીયોનો હજયાત્રાનો ક્વૉટા ઘટાડવામાં ન આવે તેની ખાતરી કરવાની વિનંતી કરી હતી. પીડીપીનાં પ્રમુખ મહેબૂબા મુફ્તિએ કહ્યું હતું કે સાઉદી અરબે અચાનક લીધેલા આ નિર્ણયને કારણે હજયાત્રીઓ અને ટૂર ઑપરેટરો બંનેમાં હતાશા ફેલાઈ ગઈ છે. આ સમસ્યાનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવવાની પણ તેમણે વિનંતી કરી હતી. (એજન્સી) ■

### તહવ્વૂર રાણાની

રોયના વડપણ હેઠળ એનઆઈએના અધિકારીઓ રાણાની દરરોજ પૂછપરછ કરે છે અને રાણા તેમાં સંપૂર્ણ સહકાર આપે છે, એમ તેમણે કહ્યું હતું.

રાણાએ અત્યાર સુધીમાં ત્રણ જ વસ્તુઓ માગી છે. પેન, કાગળ-નોટપેડ અને કુરાન અને આ તમામ વસ્તુઓ તેને પૂરી પાડવામાં આવી છે. રાણાએ વિશેષ વસ્તુ ખાવાની માગણી પણ નથી કરી અને તેને જેલના સામાન્ય શિષ્ટાચાર મુજબ અન્ય આરોપીઓને આપવામાં આવતું ખાવાનું જ આપવામાં આવે છે. સીજીઓ કોમ્પલેક્સ ખાતે આવેલા એનઆઈએના વડામથકસ્થિત ઉચ્ચ સુરક્ષા ધરાવતી જેલમાં રાણાને રાખવામાં આવ્યો છે. તપાસ દરમિયાન એકઠા કરવામાં આવેલા વિવિધ પુરાવાઓને આધારે પાકિસ્તાની મૂળ ધરાવતો કેનેડિયન બિઝનેસમેન ૬૪ વર્ષના રાણાની એનઆઈએ દ્વારા પૂછપરછ કરવામાં આવે છે. આ પુરાવાઓમાં રાણા અને સાથી કાવતરાખોર અને અમેરિકાના નાગરિક ડૅવિડ કૉલમેન ઉર્ફે દાઉદ ગિલાની વચ્ચે ફોન પર થયેલી વાતચીતનો પણ સમાવેશ થાય છે. ડૅવિડ કૉલમેન હાલ અમેરિકાની જેલમાં છે. અમેરિકા દ્વારા સોંપણી કરવામાં આવ્યા બાદ ૧૦ એપ્રિલે ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચેલા રાણાની ધરપકડ કરી એનઆઈએએ તેને પટિયાલા હાઉસસ્થિત એનઆઈએની વિશેષ અદાલતમાં રજૂ કર્યો હતો. રાણા પર કાવતરું ઘડી કાઢવા સહિત હત્યા, છેતરપિંડી, આતંકવાદી પ્રવૃત્તિના આરોપ મૂકવામાં આવ્યા હતા. વરસોના પ્રયાસ બાદ એનઆઈએ રાણાની સોંપણીના પ્રયાસોમાં સફળ થયું હતું. એનઆઈએની તપાસ દરમિયાન લશ્કરે તૈયબા, હરકત-ઉલ જેહાદી ઈસ્લામી (હૂજી), હાફિઝ મોહમ્મદ સઈદ ઉર્ફે તાય્યાજી, ઈલ્યાસ કાશ્મીરી અને અબ્દર રહેમાન હાસિમ ,સૈયદ ઉર્ફે મેજર અબ્દુર રહેમાન ઉર્ફે પાશાના નામ પણ બહાર આવ્યા હતા. એનઆઈએના જણાવ્યાનુસાર આ તમામ લોકોએ પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ સાથે મળીને કામ કર્યું હતું, (એજન્સી) ■

### રાહુલ ગાંધીની આજે અમદાવાદમાં નિરીક્ષકો સાથે બેઠક

# ૧૬ એપ્રિલે સંગઠન સર્જન અભિયાનનો મોડાસાથી આરંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અમદાવાદમાં યોજાયેલા પાર્ટીના ૮૪મા અધિવેશનમાં ગુજરાતમાં જિલ્લા અને તાલુકા સ્તરે પાર્ટીના સંગઠનને સંગઠનને મજબૂત કરવાની હાંકલ કરી હતી. આ કવાયતના ભાગરૂપે રાહુલ ગાંધી ૧૫ એપ્રિલે અમદાવાદમાં કૉંગ્રેસ પ્રદેશ કાર્યાલયે એઆઈસીસી (ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી)ના ૪૩ નિરીક્ષકો, ૭ સહ નિરીક્ષક અને ગુજરાત કૉંગ્રેસના નિરીક્ષકો સાથે ઓરિયેન્ટેશન બેઠક યોજશે. કૉંગ્રેસ પાર્ટી દ્વારા દરેક જિલ્લા પંચાયત સીટ અને તાલુકા પંચાયત બેઠક દીઠ એક કન્વીનર નિયુક્ત કરવામાં આવશે. આ વ્યવસ્થા બૂથ લેવલ સુધી વિસ્તારવામાં આવશે.મતદારોને કૉંગ્રેસ તરફી મતદાન માટે પ્રેરિત કરી શકાય તે અંગે વ્યુહરચના ઘટવામાં આવશે. બાદમાં તેઓ ૧૬ એપ્રિલે સંગઠન સર્જન અભિયાનનો મોડાસાથી પ્રારંભ કરાવશે.

કૉંગ્રેસ મહાસચિવ રાહુલ ગાંધી ૧૬ એપ્રિલના રોજ અરવલ્લીના મોડાસામાં આવશે. તેઓ બાયપાસ રોડ પર આવેલા બીએપીએસ સ્વામિનારાયણ મંદિર હોલમાં જિલ્લાના ૧૨૦૦ કાર્યકરને માર્ગદર્શન આપશે.

આ અંગે અરવલ્લી જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવારે આ કાર્યક્રમની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ પહેલથી કૉંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ગુજરાતમાં કૉંગ્રેસને સત્તા અપાવવા માટેની આ મહત્ત્વપૂર્ણ રણનીતિની શરૂઆત અરવલ્લી જિલ્લાથી થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ જે કાર્યક્રમ નિર્ધારિત કરાયો હતો એમાં બંને દિવસ મોડાસાના કાર્યક્રમો હતા. નવા કાર્યક્રમ મુજબ એક દિવસ અમદાવાદ અને બીજા દિવસે મોડાસામાં સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું છે. ■

# આજથી ફરી હિટવેવની આગાહીઃ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં ગત સપ્તાહ ગરમીથી આંશિક રાહત મળ્યા બાદ ફરી એક વખત તાપમાનનો પારો ઊંચકાયો છે. સતત છેલ્લા ત્રણ દિવસથી રાજ્યભરમાં તાપમાન વધી રહ્યું છે. હવામાન વિભાગે હજુ પણ આગામી ચાર દિવસ દરમિયાન ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરી હતી. પવનની દિશા હાલમાં પશ્ચિમ તથા ઉત્તર-પશ્ચિમ હોવાથી રણ પ્રદેશના સૂકા પવન ગુજરાત તરફ આવી રહ્યા છે, જેથી ગુજરાતના મહત્તમ તાપમાનમાં પણ વધારો થવાની શક્યતા છે. આવતીકાલથી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ જિલ્લાઓમાં અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ગરમીનો યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદથી ગરમીનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, હવામાન વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં ગરમીનું એલર્ટ જાહેર કર્યું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં હાલ પૂર્વથી ઉત્તર પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે. આ સાથે ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છવાયેલું છે જેના કારણે તાપમાનમાં ફરીથી વધારાની આગાહી હવામાન વિભાગે કરી હતી.

હવામાન વિભાગના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુજરાતના હવામાન અંગેની આગાહી કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ત્રણ દિવસ હિટવેવની વોર્નિંગ આપવામાં આવી છે. ૧૫થી ૧૭મી એપ્રિલ સુધીમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓ; સૌરાષ્ટ્રના રાજકોટ અને કચ્છ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ગરમીનું મોજું પ્રવર્તે તેવી શક્યતા છે. આ વિસ્તારોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સેલ્સિયસને પાર થાય એવી શક્યતા છે. ઉષ્ણ લહેરની ચેતવણીની સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

આ સાથે તેમણે જણાવ્યું હતું કે, ૧૫થી ૧૭મી તારીખ સુધી દરિયાકિનારાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી છે. ગુજરાતના દરિયાકિનારે પવનની ગતિ ૪૦થી ૫૦ કેએમપીએસની રહેશે.

આ સાથે ગતિ ૫૫ સુધી પણ પહોંચી શકે છે. અમદાવાદ શહેરમાં યલો એલર્ટની ચેતવણી સાથે ૪૨ ડિગ્રી તાપમાન થવાની શક્યતા છે. ■

# છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવાએ ભાજપ સાથે છેડો ફાડ્યોઃ પક્ષમાં પોતાના કામને ન્યાય મળતો ન હોવાનો આક્ષેપ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી નેતા છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવાએ ભાજપ સાથેનો છેડો ફાડતા રાજકારણ ગરમાયું હતું. તાજેતરમાં મહેશ વસાવા માજી ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ મારુતિસિંહ અટોદરિયાના માર્ગદર્શન હેઠળ ૨૦૨૪માં ભાજપમાં જોડાયા હતા. તેમણે પક્ષમાં પોતાના કામને ન્યાય મળતો ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

મહેશ વસાવાએ જણાવ્યું કે, અમે વર્ષોથી અમારી રીતે લડતા હતા. ભાજપની પદ્ધતિ, અહંકારના કારણે છેડો ફાડ્યો છે. નર્મદામાં દર્દીઓને ઝોળીમાં લઈ જવા પડે છે. લોકોના કામ થાય તે માટે જ જોડાયા હતા. કામ નથી થઈ રહ્યા તેટલા માટે રાજીનામું આપ્યું છે. મેં સોશિયલ મીડિયાથી જાણ કરી છે. આ અંગે ભાજપના નેતા યજ્ઞેશ દવેએ જણાવ્યું હતું કે, તેમણે રાજીનામું આપ્યું છે તેવી કોઈ નકલ ભારતીય જનતા પાર્ટીને મળી નથી. તેની નકલ મળશે ત્યાર બાદ ભારતીય જનતા પાર્ટીનું મોવડી મંડળ ચર્ચા કરીને નક્કી કરશે અને એ નક્કી કર્યા બાદ ભાજપ મીડિયાને જાણ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે ૧૧મી માર્ચ ૨૦૨૪ના રોજ ગાંધીનગરના ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભારતીય ટ્રાઇબલ પાર્ટી (બીટીપી)ના વડા મહેશ વસાવા ભાજપમાં જોડાયા હતા. નર્મદા અને ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં બીટીપીનું સારું એવું પ્રભુત્વ છે. મહેશ વસાવાના ભાજપમાં જોડાઈ જવાને કારણે અનેક વિવાદ થયા હતા. વસાવા પરિવારમાં જ આ મામલે બે ફાડ પડી ગઇ હતી. મહેશ વસાવાના પિતા છોટુભાઈ વસાવા ખુદ બીટીપી પાર્ટીના સ્થાપક છે. જ્યારે મહેશ વસાવાએ ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. આ વાત જાણી પિતા છોટુભાઈ વસાવાને મોટો આંચકો લાગ્યો હતો. ■

# આ વર્ષે ધો.૧૦-૧૨નું બોર્ડનું પરિણામ વહેલું આવે તેવી આશઃ રિઝલ્ટ વહેલાં આવે તેવા પ્રયાસો ચાલુઃ પાનસેરિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયાને એક મહિનો થવા આવ્યો છે. ત્યારે અત્યારે ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડના પરિણામની વિદ્યાર્થીઓ રાહ જોઈ રહ્યાં છે. આ વર્ષે બોર્ડની પરીક્ષાઓ માર્ચની જગ્યાએ ફેબ્રુઆરીથી શરૂ કરી દેવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓને આશા છે કે, આ વર્ષે પરિણામ પણ વહેલા આવશે. મેં મહિનાના પ્રથમ અઠવાડિયામાં ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનાં પરિણામો જાહેર થાય એવી શક્યતાઓ છે.

મોટા ભાગે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયા સુધી ચાલતી હતી, પરંતુ આ વખતે માર્ચ મહિનાના બીજા જ અઠવાડિયામાં પરીક્ષા પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાબતે શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, ગત વર્ષે બોર્ડના સ્ટાફ દ્વારા મહેનત કરીને ધાર્યા કરતાં વહેલાં પરિણામ આપવામાં આવ્યાં હતાં. આ વર્ષે પણ બોર્ડનો સ્ટાફ મહેનત કરી રહ્યો છે, જેથી વહેલાં પરિણામ આવશે.

૨૦૨૪ની બોર્ડની પરીક્ષાની વાત કરવામાં આવે તો, ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સનું ૯મી મેના રોજ પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું હતું. જ્યારે ૧૧મી મેના રોજ ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ આ વર્ષે પણ મેના પ્રથમ અઠવાડિયામાં પરિણામ જાહેર થયા તેવી શક્યતાઓ છે. ■

# યાત્રાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી અંબાજી ગબ્બર ખાતે આગામી ૧૫થી ૧૭ એપ્રિલ સુધી રોપ-વે બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંબાજીમાં મા અંબાના દર્શન કરવા માટે દર વર્ષે હજારો લાખોની સંખ્યામાં ભક્તો આવતા હોય છે. એટલું જ નહીં પરંતુ અંબાજીમાં આવેલા ગબ્બર પર મા અંબા બિરાજમાન છે, ત્યાં દર્શનાર્થે જવા માટે ભક્તો રોપ-વે દ્વારા જતા હોય છે. પરંતુ યાત્રિકોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તારીખ ૧૫-૧૭ એપ્રિલથી સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, દર્શન પથ, ૫૧ શક્તિપીઠ પરિક્રમા તેમજ ગબ્બરની અન્ય જગ્યાઓએ મધપુડાઓ ખૂબ જ વધી ગયાં છે. હાલની ઉનાળાની ઋતુમાં વારંવાર મધમાખીઓ ઊડતી હોય છે, જેના કારણે યાત્રિકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તંત્ર દ્વારા મધપુડા ઉડાડવા અને નિયંત્રણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સમળગાળા દરમિયાન ગબ્બર ટોચ, ૫૧ શક્તિપીઠ પરિક્રમા ખાતે દર્શન તથા રોપ-વે સુવિધા પણ યાત્રાળુઓ માટે બંધ રહેશે. રોપ-વેની સુવિધા તારીખ ૧૮મી એપ્રિલથી ગબ્બર ખાતે રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવશે. ■

# અમદાવાદના કરુણા મંદિર ખાતે બની રહ્યું છે ગુજરાતનું પહેલું સીએનજી ડોગ સ્મશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં દાણીલીમડામાં કરુણા મંદિર ખાતે ગુજરાતનું પહેલું ડોગ સ્મશાન બનવા જઈ રહ્યું છે. નોંધનીય છે કે, અમદવાદ મહાનગરપાલિક દ્વારા રૂપિયા ૩૦ લાખના ખર્ચે આ સ્મશાન માટે મંજૂરી આપી દીધી છે, અહીં એકસાથે બે ડોગની સ્મશાન વિધિ કરી શકાશે. અહીં જે નાગરિકો પોતાના ડોગને અંતિમ સંસ્કાર કરવા માગતા હોય તેમના માટે આ સારી સુવિધા છે. જો કે, હજી કામ ચાલુ કરવાનું છે, જેથી તેના માટે કેટલો ચાર્જ રહેશે તેની કોઈ વિગતો બહાર આવી નથી. અમદાવાદની વાત કરવામાં આવે તો શહેરમાં આશરે ૫૦ હજારથી પણ વધારે પેટ ડોગ છે, જેમાંથી અમદાવાદ મહાનગરપાલિકામાં માત્ર ૫૫૦૦ પેટ ડોગના જ રજિસ્ટ્રેશન કરવામાં આવેલા છે. જો કે, હજી પણ નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે. છેલ્લા બે વર્ષથી આ સ્મશાન બનાવવા માટે વિચારણા ચાલી રહી હતી. તાજેતરમાં જ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા ડોગ સ્મશાન બનાવવાનો આદેશા આવ્યો હતો. દાણીલીમડામાં કરુણા મંદિરમાં જ્યાં ડોગ રિહેબ સેન્ટર બનાવવામાં આવ્યું છે, ત્યાં જ હવે ડોગ સ્મશાન બનાવવા અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ■

# ડૉ.આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વ્યાયામ શિક્ષકોનું ૨૯ દિવસ બાદ પણ આંદોલન યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ૨૯ દિવસથી વ્યાયામ શિક્ષકો આંદોલન કરી રહ્યાં છે. ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે આ આંદોલન ૨૯ દિવસ બાદ પણ ચાલી રહ્યું છે. વ્યાયામ શિક્ષકોએ ડો.બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે વિધાનસભા સામે આંબેડકરની પ્રતિમાનો પુષ્પાંજલિ અર્પણ કરી અને પોતાનું આંદોલન યથાવત રાખ્યું હતું. નોંધનીય છે કે, વ્યાયામના શિક્ષકો ગુજરાતની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાયમી ભરતી કરવા માટે માગણી કરી રહ્યાં છે.

વર્તમાનમાં રાજ્ય સરકાર ૧૧ માસના કરાર પર ખેલ સહાયકની ભરતી કરે છે, જેથી વ્યાયામના શિક્ષકોએ કરાર આધારિત ખેલ સહાયક યોજનાનો વિરોધ કર્યો અને કાયમી ભરતીની માગ કરી રહ્યા છે. વ્યાયામ શિક્ષકોના જણાવ્યા મુજબ છેલ્લા દોઢ દાયકાથી વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી નથી. શિક્ષકોએ કહ્યું કે, ખેલ સહાયકોના કારણે વર્ષમાં માત્ર ૮ મહિના જ કામ મળે છે. બાકીના ૪ મહિના તેમને ઘરે બેસવું પડે છે.

સ્વાભાવિક છે કે, આવી ભરતીના કારણે પરિવારનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલ બની જાય છે. સરકાર દ્વારા આ આંદોલનને લઈને કોઈ પ્રતિસાદ આપવામાં આવ્યો નથી જેથી શિક્ષકોએ અહિંસક લડત શરૂ કરી છે. પોલીસ પણ સત્યાગ્રહ છાવણી વિરોધ પ્રદર્શન કરતા ઉમેદવારોની અટકાયત કરે છે. પરંતુ આંદોલન કરી રહેલા વ્યાયામ શિક્ષકોએ કહ્યું હતું કે, જ્યાં સુધી માગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે ત્યા સુધી આંદોલન ચાલુ રહેશે. ■

# ગુજરાતના ૧૫ જિલ્લાની ૨,૩૯૮ બિનસરકારી અનુદાનિત શાળાના હિસાબોનું ઓડિટ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સરકારના ઓડિટ રડાર પર આવી ગઈ છે. રાજ્ય સરકારે કુલ ૧૫ જિલ્લાની ૨૩૯૮ ગ્રાન્ટેડ શાળાઓના ખાતાકીય હિસાબોની ઓડિટ કરવા માટે કાર્યવાહી શરૂ કરી છે. આ માટે કમિશનર ઓફ સ્કૂલોની કચેરી દ્વારા ખાસ કેમ્પ યોજવાનું સૂચન કરવામાં આવ્યું છે, જે ૧૫ એપ્રિલથી શરૂ થઈ ૧૯ જુલાઈ સુધી ચાલશે.

આ ઓડિટ માટે ત્રણ જુદી જુદી ટીમોની રચના કરવામાં આવી છે, જે અલગ અલગ વિસ્તારોમાં શાળાઓના હિસાબોની તપાસ કરશે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને મોકલાયેલા પત્રમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, શાળાઓના આચાર્યો તમામ જરૂરી દસ્તાવેજો સાથે ઓડિટ કેમ્પમાં હાજર રહે તે સુનિશ્ચિત કરવું.

મળતી માહિતી મુજબ, ટીમ-૧ તારીખ ૧૫ એપ્રિલથી ૧૯ જુલાઈ દરમિયાન ૭ જિલ્લાની ૭૬૨ શાળાઓના હિસાબોની તપાસ કરશે. જ્યારે ટીમ-૨: ૧૫ એપ્રિલથી ૧૮ જુલાઈ દરમિયાન ૪ જિલ્લાની ૮૧૫ શાળાઓનું અને ટીમ-૩: ૧૫ એપ્રિલથી ૧૯ જુલાઈ દરમિયાન ૪ જિલ્લાની ૮૨૧ શાળાઓનું ઓડિટ કરશે.

અહીં ખાસ ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરની ૩૯૩ શાળાઓ માટે ૧૫ થી ૨૧ એપ્રિલ દરમિયાન ઓડિટ કેમ્પ યોજાશે. રાયખડ ખાતે આવેલી સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં આ કેમ્પ યોજાશે અને આચાર્યને તમામ રેકોર્ડ સાથે હાજર રહેવા માટે તાકીદ કરવામાં આવી છે. શાળા ઓડિટની કામગીરી હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ સહિત અગાઉના બાકી રહેલાં વર્ષોના હિસાબોની પણ તપાસ કરવામાં આવશે. પરિણામે, સરકારના દસ્તાવેજી દોરાણ પર ખોટી માહિતી આપતી કે ચુક કરનાર શાળાઓ સામે કાર્યવાહી થવાની સંભાવના ઊભી થઈ છે.

આ પગલાંથી રાજ્ય સરકાર બિનસરકારી અનુદાનિત શાળાઓમાં નાણાકીય વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારી લાવવાનો પ્રયાસ કરી રહી છે. અગાઉ આવા ઓડિટના અભાવે શાળાઓના હિસાબમાં ગડબડીઓ અને ભ્રષ્ટાચારના આક્ષેપો થતાં રહ્યા છે. હવે હિસાબી વ્યવસ્થાને પાટા પર લાવવાનો પ્રયાસ શરૂ થયો છે. ■

# માનવભક્ષી દીપડાએ ત્રણ વર્ષની બાળકીને શિકાર બનાવીઃ પરિવારને માત્ર અવશેષો જ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના મોરાસા ગામમાં એક માનવભક્ષી દીપડાએ ત્રણ વર્ષની દીકરીનો શિકાર કર્યો હોવાની ઘટના બની હતી. ઘટના અંગે મળતી વિગતો મુજબ, આ દીકરી તેના ઘરની બહાર હાથ ધોવા માટે ગઈ હતી અને તે સમયે દીપડો આવ્યો અને બોચીમાં ઝાલીને લઈ ગયો હતો. આ દીકરીના આજે સવારે લોહી વાળા કપડા અને મૃતદેહના અવેશેષો મળી આવ્યાં હતાં. આ સમગ્ર ઘટનાને લઈને પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો હતો.

માનવભક્ષી દીપડાના આતંકથી પંથકમાં ભયનો માહોલ પણ છવાયો હતો. ઘટના રવિવારે રાત્રે નવ વાગ્યાની આસપાસ બની હતી અને દીકરીના મૃતદેહના આવશેષો કાલે સવારે મળી આવ્યા હતા. નોંધનીય છે કે, ખેતી કામ કરતા રમેશભાઈ પાલાભાઈ ચાવડાની ત્રણ વર્ષની દીકરી કુંદના ઘરની બહાર ફળિયામાં હાથ ધોવા ગઈ હતી. તે સમયે પરિવારના સભ્યો ઘરમાં જમી રહ્યા હતા. અચાનક જ દીપડો આવ્યો અને બાળકીને ઉઠાવીને લઈ ગયો હતો. પરિવાર બાળકીને બચાવવા માટે દીપડા પાછળ દોડ્યાં હતાં પરંતુ કઈ ફાયદો થયો નહોતો.

પરિવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ વન વિભાગને જાણ કરી હતી, જેથી વન વિભાગ દ્વારા પણ દીકરીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. વન વિભાગ અને સ્થાનિકો દ્વારા આખી રાત શોધખોળ કર્યા બાદ કાલે સવારે સાત વાગ્યે મોરાસા ગામના વોકળામાંથી દીકરીનો મૃતદેહ મળી આવ્યો હતો. વન વિભાગ દ્વારા અત્યારે માનવભક્ષી દીપડાને પકડવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. ■

# અમદાવાદના નિકોલમાં ૧૦ દિવસથી પાણીની રેલમછેલઃ સ્થાનિકોએ રસ્તા પર ઊતરી વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના અનેક વિસ્તારોમાં ગટરની સમસ્યાઓ સર્જાઈ. છેલ્લા ૧૦ દિવસથી નિકોલ સહિત ગોપાલ ચોક વિસ્તાર, શાલીગ્રામ ફ્લેટ વિસ્તાર, સંકલ્પ સ્કૂલ રોડ કઠવાડા સત્યાગ્રહ, લાઈફ સ્ટાઈલ અને મનમોહન પોલીસ ચોકી નજીક આવાસ યોજના વિસ્તારના લોકો ગટરની સમસ્યાથી પરેશાન છે. વારંવાર રજૂઆત કરવા છતાં પણ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કોઈ નિકાલ લાવવામાં આવતો નથી. જેથી નિકોલ વિસ્તારમાં ૧૦૦ જેટલા સ્થાનિકોએ રસ્તા પર ઊતરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આ વિસ્તારના સ્થાનિકો સહિત બાળકો પણ છેલ્લા દસ દિવસથી ગટરના ગંદા પાણીથી હેરાન થઈ ગયાં છે. એટલું જ નહીં પરંતુ ગટરનું પાણી સોસાયટીની પાણીની લાઈનમાં આવી ગયું છે જેના કારણે ગંદું પાણી પીવા માટે મજબૂર બન્યા હતા. આવા ગંદા પાણીના કારણે લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાયું છે. આ મામલે સ્થાનિક લોકો તંત્ર પર ભારે રોષે ભરાયા હતા. તેમણે વિરોધ પ્રદર્શન કરી ગટરના પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવામાં આવે તેની માગણી કરી હતી. ■

# આંબેડકર યુનિ.ના પદવીદાન સમારોહમાં ૧૮,૧૦૮ વિદ્યાર્થીને પદવી એનાયત કરાઈ

### ૩૯ને ગોલ્ડ, ૪૯ને સિલ્વર અને ૪૨ને સર્ટિફિકેટ અપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના આંબેડકરની જન્મ જયંતીના દિવસે ૧૦ મો પદવીદાન સમારોહ યોજાયો હતો જેમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ૧૮૧૦૮ વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવી હતી. પદવીદાન સમારોહમાં ઋષિકેશ પટેલ,પ્રફુલ પાનસેરિયા, યુજીસીના પૂર્વ ચેરમેન એમ.જગદીશ કુમાર હાજર રહ્યા હતા.

પદવીદાન સમારોહમાં ૧૮૧૦૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી જેમાં યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો પૈકી પીએચડીની ૧૬, એમ.ફીલ ૧,સ્નાતક ૯૦૦૩,અનુસ્નાતક ૪૦૭૫, અનુ સ્નાતક ડિપ્લોમા ૮૪, ડિપ્લોમા ૫૪૫, સર્ટિફિકેટ ૪૩૮૪ આપવામાં આવ્યા હતા. સમારોહમાં કુલ ૩૯ ગોલ્ડમેડલ અને ૪૯સિલ્વરમેડલ અને ૪૨ સર્ટિફિકેટ એમ કુલ મળીને ૧૨૧ જેટલા પદકો અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

પલ્લવી ગિરીશ ગુપ્તેને ‘‘ડો. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર’’ તેમ જ યુનિવર્સિટી દ્વારા શ્રેષ્ઠ પ્રાદેશિક કેન્દ્ર પુરસ્કાર પણ અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ ત્રીજી એઆઈયુ રાષ્ટ્રીય મહિલા વિદ્યાર્થી સંસદ ૨૦૨૪-૨૫ માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી યુનિવર્સિટીની વિદ્યાર્થિનીને પણ સન્માનિત આવી હતી. ■

# નીટની પરીક્ષા સરકારી સંસ્થાઓમાં જ લેવાશેઃ પરીક્ષામાં પારદર્શકતા જળવાઈ રહે તે માટે નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં નેશનલ ટેસ્ટ એજન્સી દ્વારા મેડિકલમાં પ્રવેશ માટે લેવામાં આવતી નીટ એટલે કે નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટમાં ૨ મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. આગામી ૪ મેએ આ ફેરફારો સાથે નીટ પરીક્ષા લેવાશે, જેમાં ગત વર્ષે નીટની પરીક્ષા દરમિયાન ગેરરીતિના કિસ્સાઓ સામે આવતાં આ વખતે પ્રથમ વખત એકપણ ખાનગી સંસ્થાને સેન્ટરની ફાળવણી કરવામાં નહીં આવે. માત્ર સરકારી સંસ્થા પર જ પરીક્ષા યોજાશે. આ ઉપરાંત કોરોનાકાળમાં ૪ વર્ષ સુધી વિદ્યાર્થીઓને પેપરમાં ઓપ્શનનો લાભ મળતો હતો, જેને હવે બંધ કરાશે.

ગત વર્ષે નીટની પરીક્ષા દરમિયાન ગેરરીતિના કિસ્સાઓ સામે આવ્યા હતા. ગુજરાતના ગોધરા સહિત દેશમાં અલગ અલગ જગ્યાએથી ગેરરીતિની બાબતો સામે આવી હતી, જેમાં વિદ્યાર્થીઓને અમુક પ્રશ્નો મૂકી દેવાનું કહેવામાં આવ્યું તો કેટલાક પરીક્ષા કેન્દ્ર પરથી ઉત્તરવહીઓ મોડી સબ્મિટ થઈ હતી. આ પ્રકારની ગેરરીતિને ધ્યાનમાં રાખીને આ વખતે લેવાનાર નીટ પરીક્ષા સરકારી સંસ્થાઓ ખાતેથી જ લેવામાં આવશે એકપણ ખાનગી સંસ્થાઓને પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરવામાં નહીં આવે, જેથી પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે.

બીજો મહત્ત્વનો ફેરફાર એ છે કે જ્યારથી મેડિકલમાં પ્રવેશ માટે નીટ પરીક્ષા શરૂ થઈ ત્યારથી ૭૨૦ માર્કના ૧૮૦ પ્રશ્ન પૂછવામાં આવતા હતા, પરંતુ વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ સુધી ૨૦૦માંથી ૧૮૦ પ્રશ્નો લખવાના થતા, એટલે કે વિદ્યાર્થીઓને ઓપ્શન આપવામાં આવતાં હતાં, જેમ કે ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના ૧૮૦-૧૮૦ માર્કના ૪૫-૪૫ પ્રશ્નો લખવાના થતા. એમાં ૫૦-૫૦માંથી ૩૫-૩૫ પ્રશ્ન ફરજિયાત તો ૧૫-૧૫માંથી કોઈપણ ૧૦-૧૦ સવાલો લખવાના થતા હતા. જ્યારે બાયોલોજીમાં ૯૦ પ્રશ્ન લખવાના થતા, જેમાં ૭૦ પ્રશ્ન ફરજિયાત તો બાકીના ૩૦માંથી ૨૦ પ્રશ્નો લખવાના થતા હતા. ■

# શંકરસિંહ વાઘેલાના ભાજપ પર ગંભીર આક્ષેપઃ ગોધરા-અક્ષરધામ-પુલવામાકાંડ કરીને સત્તા મેળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કડીમાં પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના નવા કાર્યાલયનું ઉદઘાટન ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. છત્રાલ રોડ પર આવેલા તપોવન કોમ્પ્લેક્સમાં ૧૪મી ફેબ્રુઆરીએ ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદઘાટન પ્રસંગે શંકરસિંહ વાઘેલાએ ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે કતલખાના ચલાવનારાઓ ભાજપને કરોડો રૂપિયા આપે છે. ભાજપે ગોધરાકાંડ, અક્ષરધામ પર હુમલો અને પુલવામાકાંડ કરીને સત્તા મેળવી છે.

શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે ભાજપ માનવતા વગરની પાર્ટી છે. સત્તા મેળવવા માટે ગોધરા ટ્રેન સળગાવી પડે તો પણ તેમને સંકોચ થતો નથી કે શરમ આવતી નથી. ગોધરાકાંડ બાદ ભાજપે લઘુમતી સમુદાય, બહેનો, બાળકો વૃદ્ધો પર અત્યાચારો કર્યા. ભાજપે ગોધરાકાંડ , કત્લેઆમ કરીને અને પુલવામાકાંડ કરીને, અક્ષરધામ કરીને સત્તા મેળવી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે આપણે ગાયની પૂજા કરીએ છીએ, પણ ગૌમાતા જે કતલખાનામાં કપાય છે, એ કતલખાનાવાળા લોકો ૫૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે ભાજપને ચૂંટણી સમયે ડોનેશન તરીકે આપે છે અને ભાજપ એનાથી લોકોના મત ખરીદે છે. હું જૈન સમાજને કહેવા માગું છું કે જે સમાજ અહિંસાનો પૂજારી થઇને હિંસા કરનાર ભાજપને મત આપે છે. જૈન સમાજ અને તેના ધર્મગુરુઓને ખબર નથી કે આ ગાયો કાપવાવાળાનું ડોનેશન લેવાય નહીં. ■

# સયાજીરાવ ગાયકવાડની જીવનગાથા લખવા માગતા હતા ડૉ. આંબેડકર

છત્રપતિ સંભાજી નગરઃ બાબાસાહેબ આંબેડકર બરોડાના મહારાજા સયાજીરાવ ગાયકવાડનું જીવન ચરિત્ર લખવા માગતા હતા, એમ છત્રપતિ સંભાજી નગર સ્થિત લેખક બાબા ભાંડએ સોમવારે બંધારણના મુખ્ય ઘડવૈયા અને સુપ્રસિદ્ધ સમાજ સુધારક આંબેડકરની જન્મજયંતીએ જણાવ્યું હતું.

વધુ જાણકારી આપતા ભાંડએ જણાવ્યું હતું કે આંબેડકરે ૧૦ ઓક્ટોબર,૧૯૫૦ના દિવસે સયાજીરાવ ગાયકવાડના પૌત્ર પ્રતાપસિંહ રાવ ગાયકવાડને લખેલા પત્રની વિગતો આ સંદર્ભમાં તેમણે સમાવી લીધી છે. મને આ પત્ર પાંચ વર્ષ પહેલા જોવા મળ્યો હતો. પત્રમાં બાબાસાહેબે જણાવ્યું હતું કે સ્વર્ગીય મહારાજા સયાજીરાવ ગાયકવાડના જીવન અને કવન પર લખવાની તેમની ઈચ્છા હતી. આ પત્રનો ઉલ્લેખ મેં મારા પુસ્તક 'મહારાજા સયાજીરાવ આણી ડો.બાબાસાહેબ આંબેડકર'માં કર્યો છે. આંબેડકરે પત્રમાં એમ પણ જણાવ્યું હતું કે પુસ્તક લખવાની તીવ્ર ઈચ્છા હોવાનું મુખ્ય કારણ એ છે કે તેમની સહાયતાને કારણે જ હું ઉચ્ચ શિક્ષણ મેળવી હું દેશના જાહેર જીવનમાં ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરી શક્યો છું. ગાયકવાડ મારા આશ્રયદાતા અને મારા ભાવિના ઘડવૈયા હતા.એમનું ઋણ ચૂકવવા હું કાયમ તત્પર છું. એમની જીવનકથા લખી હું ઋણ અદા કરી શકીશ જો જીવનચરિત્ર લખાયું હોત તો મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને બાબાસાહેબ આંબેડકરના સંબંધો વિશે વધુ જાણકારી મળી શકી હોત એમ ભાંડએ ભારપૂર્વક જણાવ્યું હતું. (પીટીઆઈ)

## આંબેડકરને હજારોએ દીક્ષાભૂમિમાં અંજલિ આપી

નાગપુરઃ સોમવારે સવારે હજારો લોકો નાગપુર સ્થિત દીક્ષાભૂમિ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરને તેમની ૧૩૪મી જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ આપવા માટે એકઠા થયા હતા અને આ પ્રસંગે નિર્ધારિત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

બંધારણના મુખ્ય ઘડવૈયા અને સમાજ સુધારક આંબેડકરે ૧૯૫૬માં દીક્ષાભૂમિ ખાતે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો અને તેમના લાખો અનુયાયીઓ માટે એ એક આદરણીય સ્થળ બની ગયું. દીક્ષાભૂમિ ખાતે આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવા માટે ભારતભરના લોકો રવિવારથી મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં પહોંચવા લાગ્યા હતા.

ડો.બાબાસાહેબ આંબેડકર સ્મારક સમિતિના ટ્રસ્ટી વિલાસ ગજઘાટેએ જણાવ્યું હતું કે આંબેડકરના લાખો અનુયાયીઓ દિવસ દરમિયાન સ્થળની મુલાકાત લેવાના હોવાથી તેમના સંગઠન, જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ વિભાગે લોકોની સલામતી અને કાર્યક્રમના યોગ્ય સંચાલન માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. લોકો માટે પરિસરમાં પંડાલ ઊભા કરવામાં આવ્યા છે.

વધુ માહિતી આપતા ગજઘાટેએ જણાવ્યું હતું કે સમિતિના સભ્યો સવારે ૧૦ વાગ્યે દીક્ષાભૂમિ ખાતે રાખવામાં આવેલા ડો.આંબેડકર અને તેમના 'અસ્થિ' (પાર્થિવ દેહ)ના કાયદા પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ૩૦ માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દીક્ષાભૂમિની મુલાકાત લઈ સ્તૂપની અંદર રાખવામાં આવેલી આંબેડકરની 'અસ્થિ' ને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું હતું કે ''વિકસિત અને સર્વસમાવેશક ભારત''નું નિર્માણ એ ડો. આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ હશે. (પીટીઆઈ)

# પવનોની પેટર્ન-સૂકી જમીન વારંવારના હીટવેવ માટે જવાબદાર

### આઈઆઈટી-બૉમ્બેનું ૨૦૨૨માં હીટવેવનાં કારણો માટેનું તારણ

મુંબઈઃ ઊંચાઇ પરની પવનની પેટર્ન તથા સૌથી સૂકી જમીનને કારણે ૨૦૨૨માં ભારતમાં એક પછી એક હીટવેવની સ્થિતિ નિર્માણ થઇ હતી, એમ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓપ ટેક્નોલોજી-બૉમ્બે (આઇઆઇટી-બી)એ એક અભ્યાસમાં જણાવ્યું હતું.

માર્ચ અને એપ્રિલ, ૨૦૨૨માં વારંવાર ગંભીર હીટવેવની સ્થિતિ નિર્માણ થઇ હતી. તે વર્ષે તાપમાન સામાન્ય કરતા ઘણું વધુ નોંધાયું હતું અને તેને કારણે વિવિધ વાતાવરણમાં ગરમીની લહેરો ફરી વળતી હતી, એમ આઇઆઇટી-બીના સંશોધકો અને જર્મનીની જોહાનીસ ગુટેન્બર્ગ-યુનિવર્સિટી મૈન્ઝ દ્વારા કરાયેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું.

માર્ચમાં હીટવેવની ઘટનાઓ બની હતી તેની માટે ટૂંકાગાળાના વાતાવરણીય રોસબી તરંગોના કદમાં અચાનક થયેલો વધારો જવાબદાર હતો, પરંતુ એપ્રિલમાં હીટવેવની ઘટનાઓ સૌથી વધુ સૂકી જમીનની સ્થિતિ તથા પાકિસ્તાન-અફઘાનિસ્તાનના ઉત્તર-પશ્ચિમમાંથી આવતા ગરમ પવનોને કારણે બની હતી.

આ સૂકી સ્થિતિ આંશિક રીતે માર્ચના અગાઉના હીટવેવને કારણે નિર્માણ થઇ હતી જેને કારણે વધુ તાપમાન અને સ્વચ્છ આકાશને કારણે જમીનો પહેલાથી સુકાઇ ગઇ હતી, એમ અભ્યાસમાં જણાવાયું હતું.

સ્વચ્છ આકાશની સ્થિતિમાં જો જમીનમાં ભેજ હોય તો હવા ગરમ થવાને બદલે તે ભેજનું વાષ્પીભવન થવા લાગે છે, એમ આઇઆઇટી-બીનાં એસોસિએટ પ્રોફેસર અને અભ્યાસનાં સહલેખિકા અર્પિતા મોંડલે જણાવ્યું હતું.

# નાગપુરની સરકારી શાળાઓમાં ૫૮૦ શિક્ષકોની ગેરકાયદે ભરતીનો દાવો

નાગપુરઃ નાગપુર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૫૮૦ શિક્ષકોની ગેરકાયદેસર નિમણૂક કરવામાં આવી હોવાનો દાવો ભૂતપૂર્વ વિધાન પરિષદના સભ્ય નાગો ગાનરે કર્યો હતો. રાજ્ય સરકારના પ્રારંભિક અહેવાલનો ઉલ્લેખ કરતાં મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષક પરિષદના કાર્યકારી પ્રમુખ ગણરે કહ્યું કે, રિપોર્ટ મુજબ, આ વ્યક્તિઓને ૨૦૧૯ થી કોઈપણ પ્રકારની ચકાસણી વિના 'શાળાર્થ' (શિક્ષકો માટે ઓનલાઈન પગાર પદ્ધતિ) આઇડી આપવામાં આવ્યું હતું. સબમિટ કરેલા દસ્તાવેજો બોગસ હતા અને પગારના દાવા ગેરકાયદે રીતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ કૌભાંડની તપાસ માટે એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરવી જોઈએ. આ ભરતીમાં કથિત સંડોવણી બદલ રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ૧૦ એપ્રિલના રોજ નાગપુર જિલ્લા પરિષદના અધિક્ષક નીલેશ વાઘમારેને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નાગપુર પોલીસે હજુ સુધી આ કેસમાં એફઆઈઆર દાખલ કર્યો નથી. બીજા એક કેસમાં, શિક્ષણ વિભાગના નાયબ નિયામક ઉલ્હાસ નારદની ૧૧ એપ્રિલના રોજ નાગપુરની એક ખાનગી શાળામાં કામના અનુભવનો દાવો કરતા બોગસ દસ્તાવેજો રજૂ કરનારા શિક્ષકના ઓળખપત્રને મંજૂરી આપવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

### બાબાસાહેબે હિન્દુઓમાં એકતા લાવવાનું કામ કર્યું હતુંઃ સંઘ નેતા

પુણેઃ ડૉ. ભીમરાવ આંબેડકરે સમાજમાં, ખાસ કરીને હિન્દુ સમુદાયોમાં એકતા લાવવા માટેના પગલાં લીધા હતા, એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના નેતા સુનીલ આંબેકરે સોમવારે જણાવ્યું હતું. સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ આંબેકરે કહ્યું હતું કે એકમાત્ર બંધારણ દ્વારા આપણો દેશ ચાલી રહ્યો છે. ભારતીય બંધારણની રચના કરવામાં બાબાસાહેબ આંબેડકરનું યોગદાન અનન્ય છે. તે સમયે કદાચ લોકો સમજી શક્યા નહોતા, પરંતુ થોડા વર્ષો વિત્યા બાદ હવે આપણને ખબર પડી રહી છે કે ડૉ. આંબેડકરે સમાજ માટે શું પગલાં લીધા હતા, ખાસ કરીને હિન્દુ સમુદાય માટે, એમ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે પુણે રેલવે સ્ટેશને તેમના સ્મારકને પુષ્પાંજલિ અર્પણ કરતી વખતે આંબેકરે કહ્યું હતું.

# પવઈ સબ-સ્ટેશનમાં ખામીઃ કુર્લા, સાકીનાકામાં પાણી ન મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પવઈ જળાશયમાં ઈલેક્ટ્રિક સબ-સ્ટેશનમાં ખામી સર્જાતા સોમવારે કુર્લા, સાકીનાકા સહિતના વિસ્તારમાં પાણીપુરવઠો ઠપ થઈ ગયો હતો. યુદ્ધનાં ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું અને મોડેથી તબક્કાવાર આ વિસ્તારમાં પાણીપુરવઠો પૂર્વવત્ કરવામાં આવ્યો હતો. પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પવઈમાં આવેલા જળાશયમાં બાવીસ કિલોવોટના સબ-સ્ટેશનમાં ખામી સર્જાઈ હતી. તેને પગલે 'એલ' વોર્ડમાં સોમવારના પાણીપુરવઠો ઠપ થઈ ગયો હતો. તો અમુક વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણી મળ્યું હતું. તાત્કાલિક સ્તરે સમારકામ હાથમાં લેવામાં આવ્યું હતું. સમારકામ થયા બાદ પવઈ જળાશય નંબર-બેમાં પાણી ભરાયાં બાદ પાણીપુરવઠો તબક્કાવાર કરવામાં આવશે એવું જાહેર કરવામાં આવ્યું હતું.

દિવસ દરમ્યાન 'એલ' વોર્ડના ન્યૂ મિલ રોડ, મેચ ફેક્ટરી લેન, તકિયા પરિસર, શિવાજી કુટીર, ટેક્સીમેન કોલોની, ઈંદિરા નગર, મહારાષ્ટ્ર કાટા, એ.બી.એસ માર્ગ, ચાફે ગલી ચુનાભટ્ટી, વિજય નગર, જરીમાતા મંદિર પરિસરમાં સંપૂર્ણપણે પાણીપુરવઠો ઠપ રહ્યો હતો. તો કાજુપાડા, ક્રિશ્ચન વિલેજ, મસરાની લેન, એ.એચ.વાડિયા માર્ગ, વાડિયા એસ્ટેટ, એમ.એન. માર્ગ, બૈલ બજાર, સંદેશ નગર, કાંતિનગર, બ્રાહ્મણવાડી, પટેલવાડી, બુદ્ધ કોલોની, એલઆઈજી-એમઆઈજી કોલોની, વિનોબા ભાવે નગર, પ્રીમિયર રેસિડન્સ, કાપડિયા નગરમાં ઓછા દબાણ સાથે આખો દિવસ પાણીપુરવઠો અપાયો હતો.

# એપ્રિલમાં જ મહારાષ્ટ્રમાં હિટસ્ટ્રોકના કેસમાં વધારો

### અત્યાર સુધીમાં ૩૪ કેસ નોંધાઇ ચૂકયા છે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગરમીએ માઝા મૂકી છે. હિટવેવને કારણે અનેક વિસ્તાર પર અસર પડી રહી છે. આ પરિસ્થિતિમાં રાજ્યસરકારે હેલ્થ અલર્ટ જાહેર કરી દીધું છે. રાજ્યમાં પ્રયામ સલામતી વ્યવસ્થા અંગેની ચિંતા વધી ગઈ છે. બુલઢાણા છ કેસ સાથે આ યાદીમાં ટોચ પર છે, જ્યારે ગઢચિરોળી, નાગપુર અને પરભણીમાં ચાર-ચાર કેસ છે. એપ્રિલના શરૂઆતના દસ દિવસમાં, મહારાષ્ટ્રમાં હીટસ્ટ્રોકની ૩૪ ઘટના નોંધાઈ છે. ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૪ કેસ નોંધાયા હતા. ગરમીને લગતી કોઈ જાનહાનિ થઈ હોવાની સત્તાવાર જાણકારી ઉપલબ્ધ નથી, પરંતુ બુલઢાણામાં એક ૧૧ વર્ષનો છોકરો બેભાન થઈ ગયો હતો અને હોસ્પિટલમાં લઈ જતી વખતે તેનું મૃત્યુ થયું હતું. આ કેસ ગરમી સહન ન થવાથી બન્યો હોવાનું માનવામાં આવે છે. ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ અનેક પ્રદેશો માટે યલો અલર્ટ જાહેર કર્યું છે. આ ચેતવણી અનુસાર ઊંચા ભેજના સ્તરની સાથે તાપમાનમાં સંભવિત ૩-૪ ડિગ્રી સેન્ટિગ્રેડનો વધારો થશે. ડોકટરોનું કહેવું છે કે હીટસ્ટ્રોક જોખમી છે અને ત્વરિત સારવાર ન મળે તો જીવલેણ બની શકે છે. યોગ્ય પ્રાથમિક સારવાર મળે એ જરૂરી છે. આ સારવારમાં હેરાન થતા લોકોને ઓછી ગરમી હોય એવી જગ્યાએ લઈ જવા અને તેમને પીવા માટે પ્રવાહી આપવાનો સમાવેશ થાય છે. મુંબઈમાં મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ગરમીમાં રાહત આપતા બગીચાઓ ખૂબ ગરમી પડી ત્યારે બંધ હતા.

નવમા પાનાનું ચાલુ

## વાલ્મિક કરાડનું

સમાચાર જોયા. એસઆઈટી બેસાડવાથી કોઈ ફાયદો નહીં થાય. જો એસઆઈટી જ બેસાડવી હોય તો કેન્દ્રની એસઆઈટી બેસાડો, તો જ સત્ય બહાર આવશે. મને વાલ્મિક કરાડનું એન્કાઉન્ટર કરવાની ઓફર કરવામાં આવી હતી. મેં કહ્યું આ પાપ હું નહિ કરું. ૧૦ કરોડ, ૨૦ કરોડ, ૫૦ કરોડની વન ટાઈમ ઓફર કરવામાં આવે છે. પોલીસ અધિકારી ગમે ત્યાં હોય, તેને જરૂર હોય એ વિભાગમાં બોલાવવામાં આવે છે. હું સાયબર વિભાગમાં હતો. તેઓ જાણતા હતા કે આ વ્યક્તિ દમદાર છે, કામ કરી શકે છે. હું મારા ગુણગાન નથી ગાતો.'

વધુમાં રણજિત કાસલેએ જણાવ્યું હતું કે 'પોલીસની ચાર સભ્યની ટીમ તેમજ મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન વચ્ચે ગુપ્ત બેઠક યોજાઇ હતી. હવે શું કરવું એનો વિચાર આવી બેઠકમાં કરવામાં આવે છે. ત્યારબાદ પાંચ-છ વિશ્વાસુ લોકોની બીજી ટીમ પસંદ કરવામાં આવે છે, જે સ્થળ પર જાય છે. અક્ષય શિંદેના કેસમાં આવું જ બન્યું હશે. આ ટીમમાં એક અધિકારી, બે અમલદાર, હવાલદાર હોય છે. આ તમામને પાંચ કરોડ, દસ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવે છે. જો તપાસ થશે તો પણ અમારી સરકાર હોવાથી તમને તપાસમાંથી મુક્ત કરીશું એમ પોલીસને કહેવામાં આવે છે. આ રીતે બોગસ એન્કાઉન્ટર થાય છે.'

## સલમાન ખાનને

આવ્યો હતો. પોલીસ હવે મેસેજ મોકલનાર વ્યક્તિની શોધ ચલાવી રહી છે. અભિનેતા સલમાન ખાનને અગાઉ પણ અનેકવાર ધમકી આપવામાં આવી હતી. ગયા વર્ષે એપ્રિલમાં સલમાન ખાનના બાન્દ્રાના નિવાસસ્થાન બહાર ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ ટોળકીના સભ્ય દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. બાદમાં લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલે હુમલાની જવાબદારી સ્વીકારી હતી. દરમિયાન મુંબઈ પોલીસે લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના અનેક સભ્યોની ધરપકડ કરી હતી અને તેમની સામે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ લગાવ્યો હતો. નવેમ્બર, ૨૦૨૪માં પોલીસે કર્ણાટકના હુબલીથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી, જેણે ટ્રાફિક પોલીસ કન્ટ્રોલના હેલ્પલાઇન પર કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ અનમોલ બિશ્નોઇ તરીકે આપી હતી. એ વ્યક્તિએ કથિત રીતે અભિનેતાને જીવતા રહેવા માટે બે વિકલ્પ આપ્યા હતાઃ કાં તો મંદિરમાં જઇ માફી માગવી અથવા પાંચ કરોડ રૂપિયા ચૂકવવા.

## બાબાસાહેબ આંબેડકરના

દેશને મહાસત્તાનો દરજ્જો આપવાનો માર્ગ મોકળો કર્યો છે. બાબાસાહેબની પ્રતિમા બંધારણ વિના અધૂરી છે. તેમણે બંધારણ દ્વારા પીડિત અને શોષિત લોકોને ન્યાય અપાવવાનું કામ કર્યું હતું. બંધારણે બધાને સમાન તકો આપી છે. બંધારણનાં નિર્માણમાં તેમની દૂરંદેશી અને બુદ્ધિની ઊંડાઈ સ્પષ્ટ દેખાય છે. મેટ્રિક પાસ કર્યા પછી ડો. બાબાસાહેબનો પહેલો સન્માન સમારોહ મુંબઈમાં યોજાયો હતો. એટલું જ નહીં, કેન્દ્રીય પ્રધાન, પ્રાંતીય અધ્યક્ષ, ગોળમેજી પરિષદમાંથી દેશ પરત ફર્યા પછી અને બંધારણ પૂર્ણ કર્યા પછી, આવી અવિસ્મરણીય ક્ષણમાં મુંબઈમાં જ બાબાસાહેબ આંબેડકરનું સન્માન કરવામાં આવ્યું. તેમણે એમ પણ કહ્યું હતું કે બાબાસાહેબના ૫૦મા જન્મદિવસ નિમિત્તે મુંબઈની ચૈત્યભૂમિ ખાતે અભિનંદન સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બાબાસાહેબના જીવન દરમ્યાન, મુંબઈએ ઘણી એવી ઘટનાઓનો અનુભવ કર્યો છે જેણે તેમને પ્રકાશિત કર્યા છે અને તેમની સ્મૃતિને જાગૃત કરી છે. તેમના પુસ્તકોનું પ્રકાશન અને છાપકામ પણ મુંબઈમાં થયું હતું. તેમના રાજકીય જીવનની ધાર્મિક વિધિઓ મુંબઈમાં શરૂ થઈ હતી. ફડણવીસે આ પ્રસંગે એમ પણ કહ્યું કે તેઓ જીવનભર પીડિતોનો અવાજ બનીને લડ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં પૂર્ણ લંબાઈની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. એક એમ્બ્યુલન્સ પણ જનતાને સમર્પિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ હાજર રહ્યા હતા.

## માલવણીના

એસઆરએ ઓથોરિટી તરફથી લેટર ઓફ ઇન્ટેન્ટ (એલઓઆઇ) પણ આપવામાં આવ્યો છે. મ્હાડા ડિવિઝનના ગોરેગામ વિભાગે રાજીવગાંધી નગર પુનર્વસન યોજના હેઠળ ૫૧ હેક્ટર જમીન પરના ૧૪,૦૦૦ ઝૂંપડાનું પુનર્વસન કરવામાં આવનાર છે.

### ૧૫ વર્ષથી રખડેલી યોજના

રાજીવ ગાંધી નગર એસઆરએ યોજના ખાનગી બિલ્ડરો દ્વારા પૂર્ણ કરવામાં આવનાર હતી. તે માટે ડેવલપરની નિમણૂક પણ કરાઇ હતી, પરંતુ આર્થિક અને ટેક્નિકલ ખામીને કારણે આ યોજના ૧૫ વર્ષથી રખડી પડી હતી. હવે છ વર્ષમાં આ યોજના પાર પાડવામાં આવશે. મ્હાડાને પણ આ યોજના દ્વારા લોટરી માટે વધુ ઘરો મળશે. ઘાટકોપરના રમાબાઇ નગરના પુનર્વસનના આધારે રાજીવ ગાંધી નગરનો પુનર્વિકાસ કરવામાં આવશે.

## પત્ની ભાવ નથી આપતી

ખારઘર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જેલના સત્તાવાળાઓને ગવળીના સેલમાંથી તેની ડાયરી મળી આવી હતી, જેમાં ગવળીએ નોંધ્યું હતું કે તેની પત્નીએ (આ કેસની સહઆરોપી) તેની સાથે વાતચીત બંધ કરી દીધી છે અને પત્નીને તેના પર વિશ્વાસ ન હોવાથી તે હતાશ થઈ ગયો છે. ગવળીએ ડાયરીમાં એમ પણ નોંધ્યું છે કે તેના આ પગલા (આત્મહત્યા) માટે કોઈને જવાબદાર ન ગણવા, એમ પોલીસે જણાવ્યું હતું. ડિસેમ્બર, ૨૦૨૪માં કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકીની બળાત્કાર બાદ હત્યા કરવાનો ગવળી પર આરોપ હતો. ઘટનાને પગલે નાગરિકોમાં આક્રોશ ફેલાયો હતો અને આરોપીને કડક સજા કરવાની માગણી કરવામાં આવી હતી.

બાળકી કલ્યાણના કોલસેવાડી વિસ્તારમાંથી ગુમ થઈ હતી અને તેનો મૃતદેહ થાણે ગ્રામીણ પોલીસની હદમાં પડઘાના બાપગાંવ ખાતેથી મળી આવ્યો હતો. આ પ્રકરણે કોલસેવાડી પોલીસે તપાસ કરી આરોપી ગવળી અને તેની પત્ની સાક્ષીની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)

## ઈસ્ટર્ન એક્સપ્રેસ

રોડ સિગ્નલ ફ્રી હશે આ એલિવેટેડ રોડ સિગ્નલ ફ્રી હશે જેથી મુંબઈથી થાણેનો પ્રવાસ ફક્ત ૩૦થી ૩૫ મિનિટમાં કરી શકાશે. વાહનોને સિગ્નલ ફ્રી માર્ગ ઉપલબ્ધ કરાવવા માટે એલિવેટેડ રોડને ઇસ્ટર્ન ફ્રી-વેથી કનેક્ટ કરવામાં આવશે.

દક્ષિણ મુંબઈથી આવતા વાહનો ટ્રાફિકમાં ફસાય નહીં તે માટે સીએસએમટીથી ઓરેન્જ ગેટ નજીકથી માનખુર્દ સુધી ૧૬.૮ કિ.મી. લાંબો ઇસ્ટર્ન ફ્રી-વે બનાવવામાં આવ્યો છે. ૨૦૧૪થી વાહનો ફ્રી-વેનો ઉપયોગ કરી રહ્યા છે અને કોઇ પણ ટ્રાફિક વગર દક્ષિણ મુંબઈથી માનખુર્દ સુધી સરળતાથી પહોંચી રહ્યા છે. એવામાં આ એલિવેટેડ રોડ બનવાથી વાહનો સીએસએમટીથી કોઇ પણ અડચણ વગર સીધા થાણે પહોંચી શકશે. ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે મુંબઈના સૌથી વધુ ટ્રાફિક ધરાવતા માર્ગોમાંથી એક છે જ્યાંથી ભિવંડી, નાશિક અને ગુજરાત તરફ જનારા વાહનો આ માર્ગે જ પસાર થતા હોય છે.

આ પ્રકલ્પ માટે બહુ ઓછા સમયમાં જમીન ખાલી કરાવવામાં આવી હતી. અન્ય પ્રકલ્પો માટે જમીન સંપાદનની પ્રક્રિયામાં બહુ સમય લાગતો હોય છે, પરંતુ આ પ્રોજેક્ટ માટે એસઆરએએ એક વર્ષમાં સર્વે પૂર્ણ કરીને ઝૂંપડાઓ દૂર કરવાનું કામ શરૂ કરી દીધું હતું.

## પાસપોર્ટ માટે જરૂરી

બાંગ્લાદેશી નાગરિકની સરખામણીએ ભારતીય નાગરિક તરીકે વિદેશમાં વર્ક પરમિટ મેળવવી આસાન હોય છે. ભારતીય પાસપોર્ટ માટે પહેલાં આધાર અને પૅન કાર્ડની વ્યવસ્થા કરવી જરૂરી હતી. ભારતીય નાગરિક તરીકેનાં આધાર અને પૅન કાર્ડ માટે તે વ્યક્તિને મળ્યો હતો, જેણે બનાવટી આધાર અને પૅન કાર્ડ બનાવી આપવા માટે ૩૦ હજાર રૂપિયા માગ્યા હતા. બનાવટી દસ્તાવેજો મળ્યા પછી તે પાસપોર્ટ માટે અરજી કરવાનો હતો, એવું આરોપનામામાં પોલીસે જણાવ્યું હતું.

ચોરીના નિષ્ફળ પ્રયાસ પછી આરોપી શરીફુલ ઈસ્લામ શેહઝાદ સૌપ્રથમ તેના રૂમમેટ્સ ડબલુ કુમાર બાલેશ્વર યાદવ અને રોહિત યાદવને મળ્યો હતો. શરીફુલ ૧૬ જાન્યુઆરીની સવારે ૭.૩૦ વાગ્યે વરલીના ઘરે પહોંચ્યો હતો અને પછી ડબલુ કુમારે તેને નજીકના એટીએમમાંથી એક હજાર રૂપિયા કઢાવી આપ્યા હતા, એવું પણ ચાર્જશીટમાં જણાવાયું હતું.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી, હાલ માટુંગા/દાદર, મુંબઈ. ગુણવંતરાઈ હરખચંદ શાહ (ઉં. વ. ૮૯), તે જ્યોતિબેનના પતિ. અતુલ, દીપિકા પંકજકુમાર બગડીયા, નીલિમા યજ્ઞેશકુમાર કામદાર અને પલ્લવી પંકજકુમાર દેસાઈના પિતાશ્રી. વંદના અતુલ શાહના સસરા. પર્લ-રોનકકુમાર, યશ-શ્રુતિના દાદાજી અને નિતારાના વડદાદાજી. કરણ-ધૃતિ, મિલોની-જય, જશ, આરવ, આશનાના નાનાજી. ડૉ. રતિભાઈ, અમૃતભાઈ, કંચનબેન અને દિવાળીબેનના ભાઈ. તથા મોરબી નિવાસી હાલ મુંબઈ, જમનાદાસ કાશીદાસ શાહના જમાઈ. નવીનચંદ્ર, ઈન્દુભાઈ અને વનીતાબેન જયંતીલાલ સંઘવીના બનેવી તે સોમવાર, તા.૧૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી રતિલાલ જટુભાઇ મહેતા (ઉં. વ. ૯૪) સ્વ. હંસાબહેનના પતિ. અતુલ, રાજીવ, હીનાના પિતા. સ્મિતા, હેમા, મહેશભાઇ કોટીચાના સસરા. તથા સ્વ. ભોગીલાલ, સ્વ.ધીરજલાલના ભાઇ. સ્વ. જશવંતીબેન, સ્વ. તરુલતાબેનના દિયર/જેઠ. સ્વ. અભેચંદ ન્યાલચંદ વોરાના જમાઇ રવિવાર, તા. ૧૩-૪-૨૫ના અરિહંતશરણ પામલે છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડીના સચિન મહેન્દ્ર વસનજી દેઢિયા (ઉં.વ. ૪૫) તા. ૧૧-૪-૨૫ના અવસાન પામેલ છે. રૂક્ષ્મણી મહેન્દ્રના પુત્ર. ઉર્વીના ભાઈ. પ્રિયાના પતિ. સવીરના પિતા. મીના દિનેશ સાવલાના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લઘુ નીસર હોલ. દાદર (વે) ટા. ૧ થી ૨.૩૦.

ત્રગડીના કીરણ ચાપશી ગોગરી (ઉં.વ. ૬૩) ૧૩-૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ચાપશીના પુત્ર. ચેતનાના પતિ. પરીન, જીતના પિતા. ડુંગરશી, રામાણીયા ભાણબાઇ હીંમતલાલ, નવાવાસ વનીતા વીજપાર, ચુનડી મંજુલા રવજી, ગઢશીશા દિલીપ પ્રેમજીના ભાઇ. ભુજપુર મંજુલા ભુપેન્દ્ર નાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કિરણ ગોગરી, એ૧૦૦૨, એમઆરસીસી પાર્ક અંબાવાડી, નાલાસોપારા (ઇ).

છસરાના રમણીકલાલ જાદવજી ગાલા (ઉં.વ. ૭૪) તા. ૧૩-૪-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબાઇ/મણીબાઇ જાદવજીના પુત્ર. લત્તા (લક્ષ્મી)ના પતિ. રશ્મીન, કોમલના પિતા. શાંતિલાલ, હેમલતા, ઉષા, દિનેશના ભાઇ. હિરબાઇ/જીવીબાઇ/સોનબાઇ નાનજી માણેકના જમાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. રશ્મીન ગાલા, ૧૦૦૧, નિલકંઠ હાઇટસ, બીપીએસ ક્રોસ રોડ નં. ૩, મુલુંડ (વે).

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ બોરીવલી કુ. શિયા (ઉં.વ. ૨૧) તે પ્રિતીબેન અંકિતભાઈના પુત્રી. મીનાબેન કિશોરભાઈ અમૃતલાલ પારેખના દોહિત્રી. તા. ૧૪/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બી/૧૭૦૩, લોટસ પ્રેસ્ટીજ, ભટ્ટ લેન, ઓશાકા ફરનીસીંગની પાછળ, પોઇસર, કાંદિવલી (૫), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાવનગામ ભાવસાર જૈન**

ભાવનગર નિવાસી હાલ અંધેરી, રમેશકુમાર રાણપુરા (ઉં.વ. ૭૮) સ્વ. શામજીભાઈ રાણપુરા તથા લીલીબેનના પુત્ર. ભારતીબેનના પતિ. રીતી સંદેશ મોરે તથા રીમા દીપેશ દીવાનના પિતા. જય તથા કાવ્યાના નાના. તા. ૧૨/૪/૨૫ અરિહંતશરણ પામેલ છે. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ દશા શ્રીમાળી જૈન**

ખેરવા (જતના) હાલ બોરીવલી, ધનજીભાઈ તુલસીદાસ શાહના સુપુત્ર પૂનમચંદ (ઉં.વ. ૮૨) તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. પરાગ, બીજલના પિતાજી. ભદ્રેશભાઈ, અમીના સસરા. નીલ, વિધિ, ધ્રુવીના દાદા. સ્વ. પ્રવીણભાઈ, વ્રજલાલભાઈ, હસમુખભાઈ, સ્વ. સવિતાબેન, સ્વ. જયાબેન, સ્વ. ગીતાબેનના ભાઈ, તા. ૧૨/૪/૨૫ના શનિવારે અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એ/૩૦૨ અર્જુન નિવાસ, ભટ્ટ લેન, કાંદિવલી વેસ્ટ.

## ટેન્કરવાળાઓની

એપ્રિલ, ૨૦૨૫, મંગળવારથી પોતાના હાથમાં લઈ લેવાની જાહેરાત કરી હતી. તેમ જ ખાનગી હાઉસિંગ સોસાયટી સહિત સંબંધિતોને ટેન્કર દ્વારા પાણી પુરવઠો કરવા માટે પાલિકાએ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) પણ બહાર પાડી હતી.

પાલિકાની આકરી કાર્યવાહી બાદ સોમવારે મુંબઈ વોટર ટેન્કર અસોસિયેશનને નમતું જોખવું પડ્યું હતું અને કમિશનર ભૂષણ ગગરાણી સાથે તેમના બંગલામાં સોમવારે લાંબી ચર્ચા કરી હતી, જેમાં વોટર ટેન્કર માલિકોએ નિયમોમાં સુધારો કરવાની માગણી કરી હતી. તેમ જ કૂવા અને બોરવેલ હસ્તગત કરવાની કાર્યવાહી પણ પાછી લેવાની માગણી કરી હતી. તેમની માગણી પર કમિશનરે કહ્યું હતું કે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીના નિયમનું પાલન કરવા માટે પાલિકાએ બહાર પાડેલી નોટિસ પર ૧૫ જૂન, ૨૦૨૫ સુધી સ્ટે આપવામાં આવ્યો છે. તેમ જ નિયમ નહીં પાળનારા કૂવા અને બોરવેલના માલિકોની માન્યતા રદ કરવાની નોટિસ પણ પાછી ખેંચવામાં આવશે.

જોકે જે માલિકાએ હજી સુધી માન્યતા લીધી નથી તેમને લેવી જ પડશે, તેમ જ કેન્દ્ર સરકાર સાથે જોડાયેલી માગણીને પાલિકા તેમના સુધી પહોંચાડશે પણ ટેક્નિકલ બાબતો એ કેન્દ્ર સરકારના હાથમાં હોવાથી પાલિકા તેમા હસ્તક્ષેપ કરી શકશે નહીં એવી ચોખવટ આ સમયે કમિશનરે કરી હતી. બંને પક્ષે સકારાત્મક ચર્ચા બાદ વોટર ટેન્કરના માલિકોએ હડતાળ પાછી ખેંચવાની તૈયારી બતાવી હતી.

## પારસી મરણ

ખોરશેદ ફિરોઝ ભરૂચા તે ફિરોઝના ધનિયાની. તે મરહુમો શીરીન નાદીરશા કાયાદીયાના દીકરી. તે જેસમીન ને પરીઝાદના માતાજી. તે ખુરશેદ ને વિવેક ગુપ્તાના સાસુજી. તે ઝાહાનના મમઇજી. (ઉં.વ. ૮૫) રે. ઠે. મુનરીચ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં-૬, બીજે માળે, પ્રભાદેવી, મુંબઇ-૪૦૦૦૨૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૪-૨૫ને દિને બપોરના ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

જાલુ જમશેદ મિસ્ત્રી તે મરહુમ જમશેદ નસરવાનજી મિસ્ત્રીના ધનિયાની. તે મરહુમો દીના, પુનજીશા કેપતનના દીકરી. તે નોશીર ને ડો. રશીદના માતાજી. તે સુન્નુ ને બીનાઇફરના સાસુ. તે મરહુમો રુસ્તમ, અદી ને પરવેઝના બહેન. તે નતાશા, જેનીફર ને સોહરાબના બપઇજી. (ઉં. વ. ૯૯) રે. ઠે. ૬૦૨-બી, કેપતન હાઉસ, ડો. આંબેડકર રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯. ઉઠમણાંની ક્રિયાઃ તા.૧૫-૪-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે. રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

તણસા નિવાસી હાલ મુંબઇ ગૌતમરાય દુર્લભજી જોષી (ઉં. વ. ૯૮) તે સ્વ. લીલાવંતી જોષીના પતિ. તે સ્વ. કશ્યપભાઇ, બિમલ તથા જીતેન્દ્રના પિતાશ્રી. હંસાબેન, હિરલ, હેતલના સસરા. તે જનમ, પાર્થના દાદાજી. સ્વ. ભુપતરાય જોશી, સ્વ. વીદુબેન દવેના ભાઇ. ભાવનગર નિવાસી સ્વ. મોહનલાલ મણીશંકર દવેના જમાઇ ગુરુવાર, તા. ૧૦-૪-૨૫ના કૈલાસવાસ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૫-૪-૨૫ના ભારતીય વિદ્યાભવન, ચોપાટી મુંબઇ-સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ભાવનાબેન પતાણી મૂળગામ ભાણવડ હાલ વિરાર (ઉં. વ. ૬૪) તે ગં. સ્વ. મંજુલાબેન વિઠલદાસ પતાણીના પુત્રવધૂ. અરુણકુમારના ધર્મપત્ની. વિરલના માતુશ્રી. અ. સૌ. આરતીબેનના સાસુજી. અ.સૌ. ઇલાબેન દિપકભાઇ ગાંધીના વેવાણ. ગં. સ્વ. કાંતાબેન ધીરજલાલ ખખરના સુપુત્રી તા. ૧૩-૪-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. પ્રેમલતા ભાટીયા તે સ્વ. મણીબેન આણંદજી નયગાંધીના (પુત્રી). પ્રતાપસિંહ મોરારજી ભાટીયાના (ધર્મપત્ની). હરીશભાઇ, રાજકુમારના માતુશ્રી. તે અ. સૌ. ગીતા તથા અ.સૌ. પૂર્ણિમાના સાસુ. ચિ. આનંદ, માનસી, મેહાના દાદી તા. ૧૩-૪-૨૫ના (ઉં.વ. ૮૨) શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૪-૨૫ રાખેલ છે. ઠે. સનરાઇસ પાર્ટી હોલ, શ્રીજી મહલ બિલ્ડિંગ, ઓપો આનંદીબાઇ કાલે કોલેજ, સાયબાબા નગર, કાંદિવલી (વેસ્ટ).

**માંગરોળ દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

ગં. સ્વ. ભાનુમતી (ઉં.વ. ૮૨) સ્વ. પ્રિયકાંત દામોદરદાસ ભગતના પત્ની. સ્વ. ગોરધનદાસ હરિદાસ જુઠાણીના દિકરી. નિલેશ, હેમા જયેશકુમાર તથા નિશાના મમ્મી. અ. સૌ. પ્રીતીના સાસુ. આકાંક્ષા તથા પ્રેક્ષાના દાદી. રોહન, વૈશાલી, આદિત્ય તથા જયના નાની. ગુરુવાર તા. ૨૭/૩/૨૫ના સિકંદરાબાદ મુકામે શ્રીજીચરણ પામેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સાવરકુંડલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શારદાબેન જયંતભાઈ ઓધવજી દાણીના સુપુત્ર નરેનભાઈ (ઉં.વ. ૭૪) શનિવાર તા. ૧૨/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. વિશ્વા, હર્ષિતના પિતા. નિર્મલ અને ધ્રુવલના સસરા. સુલભા મહેશભાઈ ગાંધી, લીના અમોલભાઈ સાવંત, ગીતા પિયુષભાઇ શાહ, આનંદભાઈના ભાઈ. હળવદ નિવાસી સ્વ. કેશુભાઈ કૃષ્ણલાલ ગાંધીના જમાઈ, લૌકિક વ્યવહાર બંધ છે.

**દરજી સઈ સુથાર જ્ઞાતી**

મૂળ ગામ સામખિયારી હાલે વસઈ, મ.ક.સ.સુ. ગોવિંદભાઈ કાજાણી (ઉં.વ. ૬૩) સ્વ. કાશીબેન રાઘવજીભાઈ ભચુભાઈ કાજાણીના પુત્ર. સ્વ. લક્ષ્મીબેનના પતિ. શીતલ પિયુષભાઈ, કવિતા મનદીપભાઈ, અનુરાધા, જયસુખ, કાલિદાસ, ઓમના પિતાશ્રી. સ્વ. હરખચંદ રાઘવજી (વાંઢિયા)ના જમાઈ. કમળાબેન વસંતલાલ, ભગવતીબેન કાંતિલાલના ભાઈ. તા. ૬-૪-૨૫ના રામશરણ પામેલ છે. લૌકિક ક્રિયા અને મોરીયા (ઘડા) તા. ૧૭-૪-૨૫ ગુરુવારના, સી/૩૦૨ - આકાંશા એપાર્ટમેંટ, સાઈનગર, દીવાનમાન તળાવ, વસઈ (વે) તા. ૧૭-૪-૨૫ના ગુરુવારે પ્રાર્થનાસભા ૪.૦૦ થી ૫.૦૦. એડ્રેસઃ- કે.ટી વાડી, હોલી પેરેડાઇઝ સ્કૂલના પાસે, ૬૦ફિટ રોડ, વસઈ વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મીરાં રોડ નિવાસી, સ્વ. નલિનભાઈ (બટુકભાઈ) તન્નાનાં ધર્મપત્ની હર્ષિદાબેન તન્ના (ઉં.વ. ૫૭) તે પ્રાગજીભાઈ મેઘજીભાઇ તન્નાનાં પૂત્રવધૂ. વિક્કીના માતૃશ્રી. સ્વ. સુશિલાબેન કલ્યાણજીભાઇ ખાખરીયા અને સ્વ. કલ્યાણજીભાઇ દામજીભાઇ ખાખરીયાના સુપુત્રી. નરેશભાઈ ખાખરીયા અને નલિનભાઇ ખાખરીયા, જશ્મિના તન્નાના બહેન તા. ૧૨/૪/૨૫ને શનિવાર મીરા રોડ શ્રીજીચરણ પામેલ છે. નિવાસસ્થાનઃ બી/૨૦૨ ચૌહાણ ગેલેક્સી સુંદર સરોવર પાસે, મીરા ભાઇંદર રોડ, મીરારોડ મું.૪૦૧૨૦૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસનગરા નાગર**

બલોલના વતની વિલપાર્લે નિવાસી, સ્વ. વિદ્યાબેન ઇન્દુપ્રસાદ રાવલના પુત્ર બિપિનકુમાર (ઉં.વ. ૭૯) દેવલોક પામ્યા છે. તે નયનાબેનના પતિ. સ્વ. અશ્વિનભાઈ, અ.સૌ. યોગિનીબેન, સ્વ. દીપિકાબેન, સ્વ. નીતાબેનના ભાઈ. નિર્મળાબેનના દિયર. સ્નેહલ અને સોનાલીના પિતા. અખિલાંદિની અને શ્રેયસકુમારના સસરા. પ્રાર્થનાસભા તા. ૧૪-૪-૨૫, સોમવાર ૫:૦૦ થી ૭:૦૦. ગ્રાઉન્ડ ફ્લોર, ચટવાણી બાગ, રેલ્વે સ્ટેશન પાસે, વિલે પાર્લે ઈસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

## તન-મન-ધનથી રહો તરોતાજા




# ધિરાણનું જોખમ લેતાં પહેલાં શું શું ધ્યાનમાં લેવાતું હોય છે...

**'પૈસો પૈસાને ખેંચે છે અને તેના વળતરમાંથી વધુ વળતર મળે છે એ પછી આ જ ક્રમ આગળ વધતો જાય છે.' - બેન્જામિન ફ્રેન્કલિન**

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**ઑફિસમાં** સાથે કામ કરતા રાજેશ અને પરાગ છેલ્લાં બે વર્ષથી ઘનિષ્ઠ મિત્રો બની ગયા હતા. એક દિવસ રાજેશ કેન્ટીનમાં જમવા જઈ રહ્યો હતો ત્યારે તેની પાસે ફક્ત બે હજાર રૂપિયાની એક નોટ હતી. આથી એણે પરાગ પાસે જઈને ૪૦૦ રૂપિયા ઉછીના માગ્યા. સાંજે ઍટીએમમાંથી પૈસા કઢાવીને પાછા આપવાનું વચન પણ આપ્યું. ૪૦૦ રૂપિયાની વાત પરાગ માટે કોઈ મોટી વાત ન હતી. રાજેશે બે દિવસ રહીને પણ પૈસા પાછા આપવાનું કહ્યું હોત તો પરાગને તેનો વાંધો ન હતો, કારણ કે એ બન્નેની મની દોસ્તી એવી હતી.

આ કિસ્સામાં રાજેશ પૈસા પાછા નહીં આપે એવું જોખમ નહીંવત્ હતું. એ પૈસા પાછા આપવાનું ભૂલી ગયો હોત તો પણ પરાગને વાંધો ન હતો. ટૂંકમાં, રાજેશને પૈસા આપવાની વાતને લઈને કોઈ સવાલ જ ન હતો.

ધારો કે બાજુની ઑફિસના ચપરાસીએ પરાગ પાસેથી ૪૦૦ રૂપિયા માગ્યા. આ કિસ્સામાં જો ચપરાસી પરાગને ઓળખતો ન હોત તો એણે કદાચ નાણાં ધીરવાની ના પાડી હોત અથવા તો કચવાતા મને નાણાં ધીર્યાં હોત...

આપણા દરેકના જીવનમાં એવું બને છે કે કોઈ વ્યક્તિ ઉછીના લેવા આવે ત્યારે મનમાં શંકા કે સવાલ ઊભાં થાય છે. કોઈકને આપેલું ધિરાણ પાછું નહીં મળવાનું જોખમ એટલે 'ક્રેડિટ રિસ્ક.'

ક્રેડિટ રિસ્કનો વિચાર કરતી વખતે લેણદારની ઓળખાણ પણ ધ્યાનમાં લેવાતી હોય છે. લેણદાર ઓળખીતો ન હોય તો જોખમ વધી જાય છે.

ઉપરોક્ત ઉદાહરણમાં કોઈ પણ પ્રકારની જમાનત (સિક્યોરિટી) આપવાનો સવાલ ન હતો. ઘણી વાર જમાનત લીધા-દીધા વગર જ ધિરાણના વ્યવહાર થતા હોય છે, પરંતુ ઔપચારિક વ્યવહારોમાં જમાનત આપવાની હોય છે. એવા વખતે જે વસ્તુ (એટલે કે અસ્કયામત - ઍસેટ)

જમાનત તરીકે આપવામાં આવી હોય તેની ગુણવત્તા પણ ચકાસવાની હોય છે. જો કોઈને સોનાની સામે ધિરાણ આપવામાં આવ્યું હોય તો સોનાની શુદ્ધતા ચકાસવામાં આવતી હોય છે.

ધિરાણ આપતાં પહેલાં બીજાં અનેક પરિબળને ધ્યાનમાં લેવામાં આવે છે. ધીરવામાં આવેલાં નાણાં સમયસર પાછાં મળે તેની ખાતરી કરવા માટે આમ કરવું જરૂરી છે. આપેલા ધિરાણ પર વ્યાજ મળે તેની તકેદારી પણ લેવાની હોય છે. આમ, ધિરાણ આપતાં પહેલાં ચકાસણી કરીને ક્રેડિટ રિસ્ક ઘટાડી શકાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે બેન્કો કે નાણાકીય સંસ્થાઓ કોઈને રોકાણ આપે ત્યારે તેનો ક્રેડિટ સ્કોર ધ્યાનમાં લેતી હોય છે. 'સિબિલ' (જૂનું નામ - ક્રેડિટ ઇન્ફર્મેશન ઇન્ડિયા લિમિટેડ) અને એના જેવી બીજી ત્રણ સંસ્થા આવો ક્રેડિટ સ્કોર તૈયાર કરી આપે છે.

આપણે જે રીતે વ્યક્તિઓને નાણાં ઉછીના આપીએ છીએ એ જ રીતે બેન્કને પણ નાણાં ધીરીએ છીએ. સેવિંગ્સ અકાઉન્ટ કે ફિક્સ્ડ

ડિપોઝિટમાં રખાયેલી રકમ એ આપણે બેન્કને કરેલું ધિરાણ જ હોય છે.

આપણે બોન્ડ, ડિબેન્ચર, વગેરેમાં રોકાણ કરીએ ત્યારે પણ સંબંધિત સંસ્થાને ધિરાણ આપીએ છીએ. એવા વખતે તેની સાથે સંકળાયેલા જોખમનું મૂલ્યાંકન કરવાનું હોય છે. આપણી મુદ્દલ સુરક્ષિત રહેશે કે કેમ અને સમયસર વ્યાજ મળશે કે કેમ એ બન્ને બાબતની પણ ચકાસણી કરી લેવી જરૂરી હોય છે. ઑફર ડોક્યુમેન્ટમાં અપાયેલી વિગતો વાંચીને આ ચકાસણી થાય છે. સંસ્થાની ભૂતકાળની કામગીરીની, તેના રેટિંગની, વગેરે વિગતો પ્રાપ્ત કરી લેવી જોઈએ. મુદ્દલ સલામત રહેશે કે નહીં અને સમયસર વ્યાજ ચૂકવવામાં આવશે કે નહીં, લેવાયેલા ધિરાણની સામે કોઈ ઍસેટ જમાનત તરીકે અપાઈ છે કે નહીં અને તેની ગુણવત્તા કેટલી છે એ બધી વાતનો અભ્યાસ કરીને રેટિંગ આપતી એજન્સીઓ અસ્તિત્વમાં છે.

કરજદાર માણસ નાણાંની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ જાય ત્યારે ધિરાણસંબંધી જોખમ પેદા થાય છે. ઘણીવાર આપણે ઊંચા વ્યાજની આવકના વાયદાથી ભોળવાઇને બિનજરૂરી રીતે ધિરાણસંબંધી જોખમ લઈ લઈએ છીએ માટે આપણે હંમેશાં યાદ રાખવું જોઈએ કે વ્યાજનો દર ઊંચો હોય તો જોખમ પણ વધારે હોય છે. ■

---

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

# સુકન્યા સમૃદ્ધિ યોજના

## આ પણ જાણી લો, અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દા...

ગયા અઠવાડિયે, આપણે 'સુકન્યા સમૃદ્ધિ યોજના' (SSY) વિશે વાત શરૂ કરી. ખાતું ખોલાવવા માટેની પાત્રતાથી લઈને બીજા અનેક મુદ્દા આપણે જોયા. આજે બાકીની કેટલીક અગત્યની વાત જાણી લેવી જરૂરી છે.

આ SSY હેઠળ ઓફર કરવામાં આવતો વ્યાજદર સરકારી સિક્યોરિટીઝની ઊપજના આધારે સરકાર નક્કી કરે છે. વર્તમાન વ્યાજ દર ૮.૨% રાખવામાં આવ્યો છે. વ્યાજની ગણતરી વાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ આધારે કરવામાં આવે છે. આ રીતે ગણવામાં આવેલું વ્યાજ નાણાકીય વર્ષના અંતે એકવાર ખાતામાં જમા કરવામાં આવે છે.

**ન્યૂનતમ ડિપોઝિટ રકમમાં ડિફોલ્ટઃ**

વ્યક્તિએ પંદર વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછી રૂ. ૨૫૦ ની રકમ જમા કરવી

જરૂરી છે. હવે, જો લઘુતમ ડિપોઝિટ કરવામાં આવે નહીં તો ખાતું નિષ્ક્રિય થઈ જાય છે. એકાઉન્ટ સક્રિય કરવા માટે જમા કરવાની રકમની સાથે રૂ. ૫૦નો દંડ ભરવો પડે છે. જો આ દંડ પણ ચૂકવવામાં આવે નહીં તો જમા રકમ પર વ્યાજ આપવામાં આવતું નથી.

આવી સ્થિતિમાં, ડિપોઝિટની સંપૂર્ણ રકમ પર ઓછા દરે વ્યાજ ચૂકવવામાં આવશે, અર્થાત્ નિશ્ચિત વ્યાજદર લાગુ નહીં પડે, સેવિંગ્સ ખાતામાં મળતો વ્યાજદર લાગુ પડશે SSY એકાઉન્ટમાંથી મુદત પૂર્વે ઉપાડઃ

આ યોજના હેઠળ મુદત પૂર્વે ઉપાડ માત્ર અમુક પરિસ્થિતિઓમાં અને

અમુક શરતોના આધારે જ માન્ય છે, જે આ મુજબ છેઃ

૧) કન્યા ૧૮ વર્ષની થઈ જાય પછી જ એકાઉન્ટમાંથી આંશિક ઉપાડની મંજૂરી છે.

૨) ધારક કુલ બચતના, એટલે કે દીકરીનાં લગ્ન અથવા ઉચ્ચ શિક્ષણના હેતુને પૂર્ણ કરવા માટે પાછલા નાણાકીય વર્ષના અંતે ખાતામાં ઉપલબ્ધ બેલેન્સના ૫૦% સુધી ઉપાડી શકે છે.

૩) આંશિક ઉપાડની સુવિધા મેળવવા માટે, વ્યક્તિએ SSY ખાતાની પાસબુક સાથે યોગ્ય રીતે ભરેલું ઉપાડ ફોર્મ જ્યાં એકાઉન્ટ હોય એ બેન્ક અથવા પોસ્ટ ઑફિસની શાખામાં સુપરત કરવું આવશ્યક છે.




૪) જો ઉચ્ચ શિક્ષણના હેતુ માટે ઉપાડ કરવામાં આવ્યો હોય તો ઉપાડ માટેની અરજી સાથે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ નિશ્ચિત થયાનો દસ્તાવેજી પુરાવો અથવા ફીની સ્લિપ બીડાણમાં હોવી જોઈએ. કન્યાએ એનું શિક્ષણ દસમા ધોરણ સુધી પૂર્ણ કર્યું હોવું પણ જરૂરી છે.

૫) નિર્ધારિત નિયમો અનુસાર, નિર્દિષ્ટ મર્યાદા અને ફી અથવા અન્ય શુલ્કની શરતોને આધીન રહીને મહત્તમ ૫ વર્ષ માટે દર વર્ષે મહત્તમ એક ઉપાડ કરી શકાય છે.

**SSY એકાઉન્ટ મુદત પૂર્વ બંધ કરાવવુંઃ**

આ એકાઉન્ટ માત્ર અહીં દર્શાવેલા સંજોગોમાં મુદત પૂર્વ બંધ કરાવી શકાય છેઃ

૧) જ્યારે બાળક બિન-નિવાસી અથવા બિન-નાગરિક બને છે, ત્યારે ખાતું આપમેળે બંધ થઈ જાય છે. જો કે, સ્ટેટસમાં ફેરફાર થયાના એક મહિનાની અંદર ફેરફારની જાણ સંબંધિત બેન્ક અથવા પોસ્ટ ઓફિસને કરવાની જરૂર હોય છે.

૨) આ ખાતું અકાળે બંધ કરવાની મંજૂરી ખાતું ખોલવાની તારીખથી ૫ વર્ષ પછી આપી શકાય છે. જો કે, કોઈ તબીબી કટોકટી અથવા જીવન માટે જોખમી સ્થિતિ હોય તો જ આ ઉપાડની મંજૂરી માત્ર કરુણાના ધોરણે આપવામાં આવે છે.

૩) જો ખાતું અન્ય કોઈ કારણોસર સમય પહેલાં બંધ કરાવી દેવાય, તો જ્જ્ઢનો વ્યાજ દર લાગુ થશે નહીં. તે કિસ્સામાં, બચત ખાતાનો વ્યાજ દર થાપણો પર લાગુ થશે.

૪) કન્યાના મૃત્યુના કિસ્સામાં, મૃત્યુ પ્રમાણપત્ર રજૂ કરીને ખાતામાં રહેલી રકમ ઉપાડી શકાય છે.

૫) કન્યા ૧૮ વર્ષની થઈ જાય પછી એનાં લગ્ન માટે એકાઉન્ટ મુદત પહેલાં બંધ કરી શકાય છે. આ સંબંધેની અરજી લગ્નના એક મહિના પહેલાં અને લગ્ન પછીના ૩ મહિનાની વચ્ચે, એની ઉંમરના પુરાવા અને અન્ય જરૂરી દસ્તાવેજો સાથે શાખામાં સુપરત કરવી જરૂરી હોય છે. ■

---

feedback@bombaysamachar.com
ફોકસ
રેખા દેશરાજ



# હિમોફિલિયાને અટકાવવું અસંભવ, પણ અસર ઘટાડી શકાય..!

## ૧૭ એપ્રિલ વિશ્વ હિમોફિલિયા દિવસ

**હિમોફિલિયા** એ એક ગંભીર અને અસાધ્ય આનુવંશિક રક્ત વિકાર છે જેમાં વ્યક્તિના લોહીમાં ગંઠાઈ જવાની પ્રક્રિયા યોગ્ય રીતે થતી નથી. આ કારણે જો હિમોફિલિયાથી પીડિત લોકોને નાની-મોટી ઈજા પણ થાય તો તેમને લાંબા સમય સુધી લોહી બંધ થતું નથી. આ ડિસઓર્ડર મુખ્યત્વે પુરુષોમાં જોવા મળે છે અને જન્મથી જ જોવા મળે છે, પરંતુ તે જાણ્યા પછી પણ આપણે આપણી લાઇફસ્ટાઇલ દ્વારા તેને નિયંત્રિત કરી શકતા નથી. આટલું જ નહીં, લોહીની બીજી કેટલીક વિકૃતિઓ પણ છે, જેની અસર આપણે આપણી જીવનશૈલી પ્રત્યે સાવધ રહીને અમુક અંશે ઘટાડી શકીએ છીએ, પરંતુ તેને સંપૂર્ણપણે દૂર કરી શકતા નથી, જેમ કે થેલેસેમિયા, સિકલસેલ એનિમિયા વગેરે. આ પણ જન્મજાત હોવાથી તેનું કારણ પણ લાઇફસ્ટાઇલ નથી પણ આનુવંશિક જનીન ખામી છે.

૧૭મી એપ્રિલ વિશ્વ હિમોફિલિયા દિવસ છે.

તબીબી વિજ્ઞાન સદીઓથી હિમોફિલિયા વિશે જાણે છે, પરંતુ સેંકડો વર્ષોથી તેની જટિલતાને સમજવાનો પ્રયાસ કરવા છતાં, માનવ તેને સંપૂર્ણ રીતે સમજી શક્યો નથી. આ જ કારણ છે કે આ ૨૧મી સદીમાં પણ તેની કોઈ ચોક્કસ સારવાર નથી. હિમોફિલિયાનો સૌથી જૂનો ઉલ્લેખ બીજી સદીમાં આરબ દેશોના દસ્તાવેજોમાં જોવા મળે છે, જ્યાં છોકરાઓમાં 'અતિશય રક્તસ્રાવ થતો રોગ' નો ઉલ્લેખ છે, પરંતુ તેને તેના આધુનિક સ્વરૂપમાં ૧૯મી સદી (૧૮૨૮)માં જહોન ઓટ્ટો નામના અમેરિકન ચિકિત્સક દ્વારા સમજવામાં આવ્યું હતું, જેમણે તેને સૌ પ્રથમ વખત 'પારિવારિક રક્તસ્રાવ રોગ' તરીકે દર્શાવ્યું હતું. જહોન ઓટ્ટોએ સૌ પ્રથમ વિશ્વને કહ્યું કે આ રોગ વારસાગત છે અને છોકરાઓમાં વધુ સામાન્ય છે, જો કે તેની વાહક સ્ત્રીઓ છે. પાછળથી છેલ્લી સદી (૧૯૩૦-૪૦) ના ત્રીજા-ચોથા દાયકામાં આ અંગેના સંશોધનમાં જાણવા મળ્યું કે તેના કેટલાક દર્દીઓમાં ફેક્ટર ૮ અને કેટલાકમાં ફેક્ટર ૯ની ઊણપ હોય છે. તેના આધારે, હિમોફિલિયાને બે ભાગમાં વહેંચવામાં આવે છે - હિમોફિલિયા એ - ફેક્ટર ૮ ની ઊણપ અને હિમોફિલિયા બી- ફેક્ટર ૯ ની ઊણપ

૧૯૬૦ ના દાયકામાં ફેક્ટર કન્સર્ટ્રેટ્સ બનાવવામાં આવી હતી, જેના કારણે દર્દીઓને ઈન્જેક્શન દ્વારા સારવાર મળવા લાગી હતી. હવે જિન થેરપી અને રોગ વ્યવસ્થાપન યોજનાઓ પણ વિકસાવવામાં આવી છે. જોકે આ ખૂબ ખર્ચાળ સારવાર છે. હિમોફિલિયા એ ખૂબ જ ખતરનાક સ્વાસ્થ્ય સમસ્યા છે. ખાસ કરીને જો કોઈ આંતરિક અંગ અથવા મગજમાં રક્તસ્રાવ થઈ જાય તો. આ ખતરનાક છે કારણ કે હિમોફિલિયાનો કોઈ કાયમી ઈલાજ નથી, પરંતુ સમયસર સારવાર અને જીવનશૈલીની જાગૃતિથી હિમોફિલિયાથી પીડિત કોઈપણ વ્યક્તિ લાંબા સમય સુધી સામાન્ય જીવન જીવી શકે છે. તેની સારવાર ખૂબ ખર્ચાળ હોવાથી દર્દીઓને ફેક્ટર ૮ અથવા ફેક્ટર ૯ પ્રોટીનના નિયમિત, ખર્ચાળ પુરવઠાની જરૂર હોય છે. જો યોગ્ય દવાઓ ન મળે તો ચેપગ્રસ્ત રક્ત ઉત્પાદનો એચઆઈવી, હેપેટાઈટિસ બી અને સી જેવા ગંભીર રોગોનું જોખમ પણ ઉભું કરે છે.

જ્યાં સુધી આપણા દેશમાં હિમોફિલિયાની સમસ્યાની વાત છે તો, એક અંદાજ મુજબ ભારતમાં ૨ લાખથી વધુ લોકો તેનાથી પીડિત છે, પરંતુ નોંધાયેલા દર્દીઓ ૨૫,૦૦૦ની આસપાસ છે. હકીકતમાં, ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં આ રોગ વિશે ખૂબ જ ઓછી માહિતી છે. ઉપરાંત, સરકારી હોસ્પિટલોમાં અલગ અલગ ફેક્ટરની દવાઓની ઉપલબ્ધતા ઘણી ઓછી છે, જ્યારે ખાનગી સારવાર ખૂબ મોંઘી છે. તેથી જ ભારત જેવા દેશમાં હિમોફિલિયા અસાધ્ય છે.

વિશ્વ હિમોફિલિયા દિવસની ઉજવણી ૧૭ એપ્રિલ ૧૯૮૯ ના રોજ શરૂ થઈ, ત્યારથી દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે. જો પૂછવામાં આવે કે આ દિવસ ૧૭મી એપ્રિલે જ શા માટે ઉજવવામાં આવે છે, તો તેનું કારણ વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયાના સ્થાપક ફ્રેન્ક શ્નાબેલનો આ દિવસે જન્મદિવસ છે. આ દિવસની ઉજવણીનો હેતુ સામાન્ય લોકોમાં હિમોફિલિયા અને અન્ય રક્ત વિકૃતિઓ વિશે જાગૃતિ ફેલાવવાનો છે. આ ઉપરાંત, તેનો હેતુ દર્દીઓ માટે સારી સારવાર, સુવિધાઓ અને નીતિઓ તૈયાર કરવામાં સહાય પૂરી પાડવાનો પણ છે. અન્ય મહત્ત્વના દિવસોની જેમ, આ દિવસની ઉજવણી લોકોમાં હિમોફિલિયા અંગે જાગૃતિ ફેલાવવા અને તેની નાબૂદી માટેના ખાસ સંકલ્પ સાથે કરવામાં આવે છે. તેથી દર વર્ષે એક ખાસ થીમ પસંદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ની થીમ છે 'તમામ રક્તસ્રાવ વિકૃતિઓની ઓળખ અને બધા સુધી તેની પહોંચ'. આ થીમ દ્વારા, હિમોફિલિયા, વોન વિલેબ્રાન્ડ રોગ, દુર્લભ ક્લોટિંગ ફેક્ટર ડિસઓર્ડર જેવી તમામ રક્તસ્રાવ વિકૃતિઓને પણ સમાન માન્યતા આપવાનો પ્રયાસ છે.

જોકે લાઇફસ્ટાઇલમાં જાગૃતિ દ્વારા હિમોફિલિયાને મટાડી શકાતો નથી, તેમ છતાં આવી જાગૃતિ દ્વારા સમાન રક્ત વિકૃતિઓના લક્ષણોને અમુક અંશે ઘટાડી શકાય છે.

આ લાઇફસ્ટાઇલ જાગૃતિ શું છે?

- સમયસર સારવાર અને નિયમિત દવા
- નિયમિત શારીરિક પ્રવૃત્તિ, પરંતુ સાવધાની સાથે
- ઇજા નિવારણ
- પૌષ્ટિક ખોરાક લેવો
- તણાવ ઓછો કરવો
- જો કોઈ પણ પરિવારમાં આ વિકૃતિઓનો ઈતિહાસ હોય તો બાળકના જન્મ પહેલા ડોક્ટરની સલાહ લો.

આ પ્રકારની સતર્કતાના ઘણા ફાયદા છે, ઉદાહરણ તરીકે, જ્યારે આપણે નિયમિતપણે સંતુલિત આહાર લઈએ છીએ, ત્યારે આયર્ન, વિટામિન બી૧૨ અને ફોલેટથી ભરપૂર ખોરાક એનિમિયાથી બચાવે છે. નિયમિત કસરત રક્ત પરિભ્રમણને સુધારે છે અને ગંઠાઇ જવાના જોખમને ઘટાડે છે. ધૂમ્રપાન/દારૂનો ત્યાગ કરવાથી કેન્સર જેવા રોગોનું જોખમ ઓછું થાય છે. હાઇડ્રેશન લોહીને ઘટ્ટ થવાથી અટકાવે છે. ■

### હિમોફિલિયા પીડિતનો સાપ્તાહિક આહાર પ્લાન

**સોમવાર**
સવારનો નાસ્તો - બીટ-ગાજરનો રસ, ફણગાવેલા મગ
બપોરનું ભોજન - બાજરાની રોટલી, પાલકનું શાક, દહીં
સાંજનો નાસ્તો - કિસમિસ, શેકેલા ચણા
રાત્રિભોજન - ખીચડી, મિક્સ વેજિટેબલ, સલાડ

**મંગળવાર**
સવારનો નાસ્તો - બ્રેડ, પીનટ બટર, ઓરેન્જ જ્યુસ
બપોરનું ભોજન - દાળ, બ્રાઉન રાઈસ, મેથીનું શાક
સાંજનો નાસ્તો - દાડમ, ચા
રાત્રિભોજન - લીલા સોયા ચંક્સ કરી, રોટલી, કોબીનું શાક

**બુધવાર**
સવારનો નાસ્તો - ઓટમીલ, દૂધ કિસમિસ
બપોરનું ભોજન - ચણાની દાળ, રોટલી, બિન્સ, કાકડી
સાંજનો નાસ્તો - તલની ચિક્કી
રાત્રિભોજન - પનીર ટિક્કા, પુલાવ

**ગુરુવાર**
સવારનો નાસ્તો - ચણાના લોટના પુડલા, લીંબુ શરબત
બપોરનું ભોજન - મગની દાળની ખીચડી, પાલકનું શાક, રાયતુ
સાંજનો નાસ્તો - સફરજન, શેકેલી સિંગ
રાત્રિભોજન - રોટલી, દૂધીનું શાક, લીલી ચટણી

**શુક્રવાર**
સવારનો નાસ્તો - ઓટ્સ, સૂકો મેવો
બપોરનું ભોજન - રાજમા ભાત, કાંદા ટમેટાનું સલાડ
સાંજનો નાસ્તો - નાળિયેર પાણી, ખજૂર
રાત્રિભોજન - મિક્સ દાળ, રોટલી, ભીંડાનું શાક

**શનિવાર**
સવારનો નાસ્તો - પૌઆ, દાડમ
બપોરનું ભોજન - છોલે, રોટલી, કોળાનું શાક
સાંજનો નાસ્તો - તાજા ફળો, છાશ
રાત્રિભોજન - મકાઈની રોટલી, સરસોનું શાક

**રવિવાર**
સવારનો નાસ્તો - ઉપમા, ટમેટાનું સૂપ
બપોરનું ભોજન - દાળ ભાત, ગાજર- ગ્રીન બીન્સનું શાક
સાંજનો નાસ્તો - પાલક, સફરજન, લીંબુ
રાત્રિભોજન - પનીરનું શાક, મલ્ટીગ્રેન રોટલી

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# બ્રહ્મચર્ય એટલે આચાર ને વિચારમાં સર્વ ઈન્દ્રિયોનો સંયમ

હવે આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે ચિત્તની વૃત્તિઓનો નિરોધ સાધવો કેવી રીતે? નિરોધ સાધવા માટેનો સાધનપથ શું છે? તે માટેનો કોઈ માર્ગ યોગ સૂચવે છે? હા, યોગ પાસે તે ધ્યેય સિદ્ધ કરવા માટે વ્યવસ્થિત સાધનમાર્ગ છે. આ સાધનપથ છે - અષ્ટાંગયોગ.

**૫. રાજયોગ સાધનપથ - અષ્ટાંગયોગઃ**

યોગને પોતાનું તત્ત્વજ્ઞાન છે; યોગને પોતાનું મનોવિજ્ઞાન છે. આ બધું છતાં યોગ મૂલતઃ સાધનમાર્ગ છે, સાધનપદ્ધતિ છે.

તત્ત્વજ્ઞાન, તાત્ત્વિક વિવેચનને અંતે જીવનના હેતુ તરીકે 'કૈવલ્ય' સૂચવે છે. સાધનમાર્ગ કૈવલ્ય સુધી પહોંચવાનો પથ બતાવે છે. હવે આપણે અહીં રાજયોગનો સાધનપથ સમજવા પ્રયત્ન કરીએ છીએ.

રાજયોગના સાધનપથને આઠ અંગો છે, તેથી તેને અષ્ટાંગયોગ કહેવામાં આવે છે.

यमनियमासनप्राणायाम प्रत्याहार धारणाध्यान समाधयोऽष्टावङ्गामि । - योगसूत्र; २-२९

'યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ - યોગનાં આ આઠ અંગો છે.'

પ્રત્યેક સાધનમાર્ગમાં, તે તે સાધનમાર્ગનાં અંગો કે તબક્કાઓ હોય છે. રાજયોગની સાધનપદ્ધતિનાં આ આઠ અંગો છે. રાજયોગરૂપી યોગમૂર્તિનાં આ આઠ અંગો છે.

હવે આપણે રાજયોગના આ આઠ અંગોને ક્રમપુરઃસર સમજવાનો પ્રયત્ન કરીએ.

**(૧) યમઃ**

अहिंसासत्यस्तेय ब्रह्मचर्यापरिग्रहायमाः ।
- योगसूत्र; २-३०

'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આ પાંચ યમ છે.'

★ **અહિંસાઃ** મન, વાણી કે કર્મથી કોઈ જીવને દુઃખ ન દેવું, તે અહિંસાનું સ્વરૂપ છે. અન્યને દુઃખ દેનાર વ્યક્તિના ચિત્તની શાંતિ જોખમાય છે અને તેનાથી સામાજિક જીવન પણ કલુષિત થાય છે. તેથી યોગસાધના કરનાર સાધકે હિંસાથી દૂર રહેવું જોઈએ.

★ **સત્યઃ** સત્ય જીવનનું કેન્દ્રસ્થ સ્વરૂપ છે. અધ્યાત્મ આખરે તો જીવનના અંતિમ સત્યની શોધ છે. અસત્યના માર્ગે સત્યને પામી શકાય નહિ. યોગસાધકે મન, વચન અને કર્મથી સત્યનું પાલન કરવું જોઈએ.

★ **અસ્તેયઃ** અસ્તેય એટલે ચોરી ન કરવી. જે પોતાનું નથી તેને પોતાનું બનાવવું તે ચોરી છે. માત્ર ધનને જ નહિ પરંતુ અધિકાર, વિચારો, યશ, 



માન વગેરેને પણ અસ્તેય લાગુ પડે છે.

માનસિક શુદ્ધિ અને સામાજિક સુખાકારી, બંને દૃષ્ટિએ અસ્તેયનું મૂલ્ય છે.

★ **બ્રહ્મચર્યઃ** બ્રહ્મચર્ય એટલે આચાર અને વિચારમાં સર્વ ઈન્દ્રિયોનો સંયમ.

યોગ અને ભોગ, બંને પરસ્પર વિરોધી બાબતો છે. ભોગમાં રાચતાં-રાચતાં યોગ ન થઈ શકે.

★ **અપરિગ્રહ એટલે સંગ્રહવૃત્તિનો ત્યાગઃ**

અપરિગ્રહને માત્ર સ્થૂળ અર્થમાં જ લેવાનું પર્યાપ્ત નથી. સાધકનું મનોવલણ પણ તે સ્વરૂપનું હોય તે આવશ્યક છે.

**(૨) નિયમઃ** शौचसंतोषतपःस्वाध्यायेश्वर प्रणिधानानि नियमाः । - योगसूत्र; २-३२

'શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન' - આ પાંચ નિયમો છે.

★ **શૌચઃ** શૌચ એટલે પવિત્રતા. યોગમાં આંતર-બ્રાહ્ય, બંને સ્વરૂપના શૌચને આવશ્યક ગણ્યા છે.

★ **સંતોષઃ** પ્રાપ્ત સંયોગોમાં સ્વસ્થ અને પ્રસન્ન રહેવું, તે સંતોષનું સ્વરૂપ છે. નવી નવી પ્રાપ્તિ માટે દોડાદોડી કરનાર યોગ ન સાધી શકે.

★ **તપઃ** તપ એટલે તિતિક્ષાયુક્ત, સંયમી અને સાધનપરાયણ જીવનપદ્ધતિ, તપનાં અનેક સ્વરૂપો છે.

★ **સ્વાધ્યાયઃ** સ્વાધ્યાય એટલે શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન.

★ **ઈશ્વર પ્રણિધાનઃ**

ઈશ્વર પ્રણિધાનના બે અર્થ છે.

ઈશ્વર પ્રણિધાન એટલે પૂજા, યજ્ઞ આદિ દ્વારા પરમાત્માનું યજન કરવું તે.

ઈશ્વર પ્રણિધાન એટલે ઈશ્વરને સમર્પણ.

બંને અર્થો વચ્ચે કોઈ વિરોધ નથી. પ્રથમ અર્થ ઈશ્વર પ્રણિધાનનું પ્રારંભિક સ્વરૂપ છે અને દ્વિતીય અર્થ ઈશ્વર પ્રણિધાનનું આત્યંતિક સ્વરૂપ છે, વિકસિત સ્વરૂપ છે.

**(૩) આસનઃ** આસન વિશે ભગવાન પતંજલિ ત્રણ સૂત્રો આપે છેઃ

- स्थिरसुखमासनम् -योगसूत्र; २-४६

'(શરીરની) સુખપૂર્વકની સ્થિર અવસ્થાને આસન કહે છે.'

- प्रयत्नशैथिल्यानन्तसमापतिभ्याम् । - योगसूत्र; २-४७

'પ્રયતનશૈથિલ્ય (effortlessness) અર્થાત્ પ્રયત્ન ઘટાડવાથી અને અનંત પર ધ્યાન કરવાથી તે (આસન) સિદ્ધ થાય છે.'

- ततो द्वन्द्वानभिघातः -योगसूत्र; २-४८

''તેના (અર્થાત્ આસનના) અભ્યાસથી દ્વન્દ્વપના આઘાતથી પર થવાય છે.''

પ્રથમ સૂત્રમાં આસનની વ્યાખ્યા, બીજામાં આસન સિદ્ધ કરવાની યુક્તિ અને ત્રીજામાં આસનના અભ્યાસની ફલશ્રુતિ બતાવવામાં આવેલ છે.

આસન દરમિયાન સાધક એવી વિશિષ્ટ સુખપૂર્ણ અવસ્થામાં બેસે છે કે જેમાં પ્રાણાયામ, જપ, ધ્યાન આદિનો અભ્યાસ કરવામાં વિશેષ અનુકૂળતા રહે છે.

પર્યાપ્ત સમયના અભ્યાસથી સાધક એવી અવસ્થામાં પહોંચે છે કે જ્યારે તે આ અવસ્થામાં લાંબા સમય સુધી કષ્ટ કે શ્રમ વિના બેસી શકે છે. આસનસિદ્ધિની આ અવસ્થા સુધી પહોંચવા માટે અહીં સૂત્રકાર બે ઉપાયો બતાવે છે. પ્રયત્ન શૈથિલ્ય એટલે કે વિના આયાસે આસનમાં બેસવાનો અભ્યાસ અને અનંતસમાપત્તિ એટલે કે ચિત્તને શરીર પરથી હઠાવીને આકાશ જેવી અનંત વસ્તુ પર લગાડવું.

આસનના પર્યાપ્ત અભ્યાસથી સાધક સતત બાધા ઉપસ્થિત કરતાં શીતોષ્ણાદિ સંવેદનાઓ તથા ચંચળતા વગેરે વિઘ્નોથી મુક્ત થાય છે.

પતંજલિની આસનની વ્યાખ્યાથી એટલું સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે રાજયોગના આસનનું સ્વરૂપ હઠયોગના આસનના સ્વરૂપથી ભિન્ન છે. હઠયોગમાં અનેકવિધ કઠિન આસનોનો સમાવેશ થાય છે, જ્યારે અહીં રાજયોગમાં તો સિદ્ધાસન, પદ્માસન આદિ ધ્યાનોપયોગી આસનોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ હઠયોગ અને રાજયોગના આસનનું સ્વરૂપ ભિન્ન ભિન્ન છે, તે સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ.

**(૪) પ્રાણાયામઃ** ભગવાન પતંજલિ પ્રાણાયામ વિશે પાંચ સૂત્રો આપે છેઃ

* तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिच्छिदः प्राणायामः। - योगसूत्र; २-४९

''તેમાં (આસનમાં) સ્થિત થઈને શ્વાસ - પ્રશ્વાસની ગતિમાં વિચ્છેદ એટલે પ્રાણાયામ.''

* बाह्याभ्यन्तरस्तम्भवृत्ति देशकालसंख्याभिः परिदृक्ष्टो दीर्घसूक्ष्मः।। - योगसूत्र; २-५०

''(પ્રાણાયામ) બાહ્ય, આંતર અને સ્તંભવૃત્તિ - એમ (ત્રણ પ્રકારના) દેશ, કાળ અને સંખ્યાથી જોવાયેલા, લાંબા કે ટૂંકા હોય છે.''

* बाह्याभ्यन्तर विषयाक्षेपी चतुर्थः। - योगसूत्र; २-५१

''બાહ્ય અને આંતર્ વિષયનો ત્યાગ કરનાર ચોથા પ્રકારનો (પ્રાણાયમ) છે.''

* ततः क्षीयते प्रकाशावरणम्। - योगसूत्र; २-५२

''તેનાથી પ્રકાશના આવરણનો નાશ થાય છે.''

* धारणासु च योग्यता मनसः। - योगसूत्र; २-५३

''અને ધારણાઓમાં મનની યોગ્યતા થાય છે.''

પ્રથમ સૂત્રમાં પ્રાણાયામની વ્યાખ્યા, બીજા અને ત્રીજા સૂત્રમાં પ્રાણાયામના પ્રકારો તથા ચોથા અને પાંચમા સૂત્રમાં પ્રાણાયામના અભ્યાસન ફલશ્રુતિ આપવામાં આવી છે.

શ્વાસની સતત વહેતી ગતિમાં વિચ્છેદ એટલેકે કુંભકને અહીં પ્રાણાયામ કહેવામાં આવેલ છે અને કુંભકના આંતર, બાહ્ય, સ્તભંવૃત્તિ અને કેવલ, એમ ચાર પ્રકારો આપવામાં આવ્યા છે.

પ્રાણાયામના અભ્યાસથી ચિત્તની જ્ઞાનવૃત્તિ પર ચડેલાં આવરણો નષ્ટ થાય છે, જ્ઞાનની કળા ખીલે છે અને ધારણા આદિ અંતરંગ અભ્યાસ માટે મનની યોગ્યતાનું નિર્માણ થાય છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
વિશેષ
સંજય શ્રીવાસ્તવ


# ભારે ગરમીથી બચવા 'હીટ પ્રોફાઈલિંગ' કરવું પડશે

(**ગરમી** માત્ર આપણા દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તબાહી મચાવી રહી છે. ઘણા દેશો તેનો ઉકેલ લાવવા માટે અનેકવિધ પગલાં લઈ રહ્યા છે અને તેમને આંશિક સફળતા પણ મળવા લાગી છે. આપણા દેશમાં તેનાથી છુટકારો મેળવવા માટે જે વ્યૂહરચના બનાવવી જોઈએ તેના માટે શહેરોની હિટ પ્રોફાઇલિંગ ખૂબ જ જરૂરી છે. આ કામ અઘરું છે, પણ સારી વાત એ છે કે સરકારે તેની શરૂઆત કરી દીધી છે.)

આ વખતે દેશમાં ગરમીનું મોજું અત્યંત જીવલેણ હશે, એક ડઝન રાજ્યોમાં તાપમાન અત્યારથી જ ૪૦ ડિગ્રીથી ઉપર છે, ભવિષ્યમાં તાપમાન પચાસને પાર કરશે અને હિટવેવના દિવસો બમણા થશે. આગામી દસ વર્ષમાં ગરમી આપણા માટે સૌથી મોટો પડકાર બનશે. આ તમામ માહિતી હવામાન વિભાગે આપી છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા ચાર દાયકામાં હિટ વેવને કારણે મૃત્યુની સંખ્યામાં ૬૨ ટકાનો વધારો થયો છે અને જાનહાનિ ઉપરાંત સંપત્તિને નુકસાન પણ દસ ગણું વધ્યું છે. આનું કારણ અત્યંત ગરમ 'અર્બન હિટ આઇલેન્ડ'ની સંખ્યામાં દર વર્ષે થતો વધારો. આ ચિંતાજનક પરિસ્થિતિનો સામનો કરવો અત્યારે મુશ્કેલ લાગે છે પરંતુ જો આપણી પાસે તેના વિરુદ્ધ અસરકારક વ્યૂહરચના હોય તો તે થોડું સરળ બની જશે. તેથી કોઈ પ્રકારની વ્યૂહરચના ઘડવા માટેનો આધાર અને પૂર્વશરત છે.

શહેરી ગરમી ટાપુઓની રચનાની આગાહી કરવા માટે શહેરો અને તેમના તમામ વિસ્તારોની વ્યાપક 'હિટ પ્રોફાઇલિંગ', જેનાથી અર્બન હિટ આઇલેન્ડની રચનાની આગાહી કરી શકાય, શંકાસ્પદ જોખમથી બચી શકાય.

ગયા વર્ષે જૂનમાં દિલ્હીના મુંગેશપુર વિસ્તારમાં ૫૨.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન એ ભારતમાં સૌથી વધુ ગરમીનો આંકડો બન્યો. કેટલાકે આ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કહ્યું કે હવામાન વિભાગની મેજરમેન્ટ સિસ્ટમ અને સાધનોમાં ખામી છે. એટલું જ નહીં તાપમાનનો પારો ૫૦ ને પાર કરી ગયો હોવાની પુષ્ટિ કરવા માટે એક સમિતિને મુંગેશપુર મોકલવામાં આવી હતી. આ વાતની પુષ્ટિ થઈ ગઈ. આમાં કંઈ આશ્ચર્યજનક ન હતું. તે જ સમયે, દિલ્હીના નરેલામાં તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું જ્યારે અન્ય સ્થળોએ ૩૭ થી ૪૫ ડિગ્રી હતું. હવામાન વિભાગે કદાચ આ તરફ અગાઉ બહુ ધ્યાન આપ્યું ન હતું, પરંતુ હવે એ કંઈ અસામાન્ય ઘટના નથી. ૨૦૨૦માં, હિટ મેપિંગ પ્રોજેક્ટ અંતર્ગત હ્યુસ્ટનની હેરિસ કાઉન્ટીમાં



સૌથી ગરમ અને સૌથી ઠંડા સ્થળ વચ્ચે ૧૭- ડિગ્રીનો તફાવત હતો. એ જ રીતે ન્યુયોર્કના સાઉથ બ્રોંક્સમાં એક જ દિવસ અને રાતના તાપમાનમાં ત્યાનાં સેન્ટ્રલ પાર્કથી ૨૦ થી ૨૨ ડિગ્રીનો ફરક હતો. હવે આવાં ઉદાહરણો ભારતનાં તમામ શહેરોમાં પણ છે. જ્યારે એવું કહેવામાં આવે છે કે આજે કોઈ ચોક્કસ શહેરનું સરેરાશ મહત્તમ સામાન્ય તાપમાન ૩૯ ડિગ્રી છે, તે જ સમયે તે જ શહેરના કેટલાક વિસ્તારનું તાપમાન ૪૮ ડિગ્રી અથવા કેટલાક વિસ્તારમાં ૩૫ ડિગ્રી પણ હોઈ શકે છે. જો ઉનાળા દરમિયાન શહેરોના વિવિધ ભાગોમાં સતત 'હિટ પ્રોફાઇલિંગ' કરવામાં આવે તો તે સ્પષ્ટ થશે કે વિવિધ શહેરોમાં ક્યાં ક્યાં એવી સ્થિતિ જોવા મળે છે કે અન્ય શહેરની તુલનામાં અત્યંત અસામાન્ય તાપમાન દર્શાવે છે, જેને કારણે સંબંધિત વિસ્તાર ક્યારે અને કેટલી વાર 'અર્બન હીટ આઇલેન્ડ' બની જાય છે.

અહીં કોઇ વિસ્તારની હિટ પ્રોફાઇલનો અર્થ એ છે કે વિસ્તારના તાપમાનમાં સમય-સંબંધિત ફેરફારોની પેટર્ન અથવા વર્ણન અને 'અર્બન હિટ આઇલેન્ડ'નો અર્થ છે શહેરોનો તે ચોક્કસ ભાગ જે સામાન્ય રીતે તેની આસપાસના અથવા નજીકના ગ્રામીણ વિસ્તારો કરતાં વધુ ગરમ હોય છે. 'હિટ પ્રોફાઇલિંગ'નો વ્યાપક ડેટા આપણને જણાવશે કે શહેરના ચોક્કસ વિસ્તારમાં 'અર્બન હિટ આઇલેન્ડ' જેવી પરિસ્થિતિઓ કેવી રીતે નિર્માણ થાય છે. તેના ડેટા અભ્યાસના તારણો કહી શકે છે કે કયા પરિબળો વિસ્તારને અર્બન હિટ આઇલેન્ડ બનાવી દે છે. એ પણ કે, આવી પરિસ્થિતિઓ લાંબાગાળાનું શું નુકસાન થાય છે અને વર્તમાન ગ્લોબલ વોર્મિંગના યુગમાં તેનાથી છુટકારો મેળવવા સંબંધિત વિભાગ અને સરકાર શું કરી રહી છે, શું કરવા જઈ રહી છે અને શું કરવું જોઈએ? અન્ય દેશો, જે ગરમીની સમસ્યા સામે આપણી જેમ ઝઝૂમી રહ્યા છે, અથવા આપણા કરતાં વધુ પરેશાન છે, તેઓ આ સમસ્યાથી છુટકારો મેળવવા શું કરી રહ્યા છે. તેમની પાસેથી શીખી લઈએ કે તેનાથી છુટકારો મેળવવા આપણે કઈ ફૂલપ્રૂફ વ્યૂહરચના અને નવી ટેકનિક અપનાવવી જોઈએ. આ બધા પ્રશ્નોના જવાબ એક છે, હિટ પ્રોફાઇલિંગ. દેખીતી રીતે, આપણે દેશના, શહેરોના વિવિધ વિસ્તારોમાં અને ખૂબ મોટા પાયે હીટ પ્રોફાઇલિંગ કરવું પડશે અને તેના ડેટાના પૃથક્કરણ પછી એ સમજવું પડશે કે કોઈ ચોક્કસ વિસ્તારનું અર્બન હિટ આઇલેન્ડ બનવાના મુખ્ય કારણો કયાં છે. આ સમજ્યા વિના, વધતી જતી ગરમીથી બચવા માટે કોઈ નક્કર અને દૂરગામી વ્યૂહરચના અશક્ય છે. કારણ કે હિટ પ્રોફાઇલિંગ પછી, તેમાંથી મેળવેલા ડેટાના આધારે, જ્યારે આપણે કોઈ ચોક્કસ વિસ્તારમાં પરિબળો અને કારણોનું વિશ્લેષણ કરીએ છીએ, ત્યારે આપણે જાણીશું કે શહેરના તે ચોક્કસ વિસ્તારમાં તીવ્ર હિટ વેવ માટે જવાબદાર કારણો શું છે જે જીવન અને સંપત્તિ માટે જોખમ ઊભું કરે છે. કયાં ક્ષેત્રોમાં કયાં કારણો પર ધ્યાન કેન્દ્રિત કરવું, ક્યાં તાત્કાલિક રાહતની વ્યવસ્થા કરવી અને ક્યાં લાંબા ગાળાની વ્યૂહરચનાનો અમલ કરવો. નિઃશંકપણે, આવી કોઈપણ વ્યાપક નક્કર વ્યૂહાત્મક યોજનાને અમલમાં મૂકતા પહેલા, આપણી પાસે તે હોવું જોઈએ અને તેના નિર્માણ માટે આપણી પાસે હિટ પ્રોફાઇલિંગ સંબંધિત પર્યાપ્ત ડેટા અને માહિતી હોવી જરૂરી છે. હાલમાં, સામાન્ય રીતે હવામાન વિભાગનાં માપન સાધનો દ્વારા શહેરનું સરેરાશ તાપમાન નોંધવામાં આવે છે. આના પરથી એ જાણી શકાતું નથી કે કોઈ શહેરના ક્યાં વિસ્તારમાં ગરમીને કારણે જાનમાલનું મોટું નુકસાન થવાનું જોખમ છે અને કયો વિસ્તાર ખતરાથી બહાર છે. આવી સ્થિતિમાં, શહેરોની હિટ પ્રોફાઇલિંગ સરળ નથી કારણ કે ઉનાળામાં તીવ્ર ગરમીથી પ્રભાવિત ન થનારાં રાજ્યો, ગરમીથી પ્રભાવિત થતાં રાજ્યો કરતાં વધારે છે. આ માટે સરકારે માનવ સંસાધન અને સાધનસામગ્રી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મોટા પાયે ખૂબ જ વ્યાપક વ્યવસ્થા ગોઠવવી પડશે.

આવી સ્થિતિમાં કાનપુર આઈઆઈટી દ્વારા નવા મોડલનું નિર્માણ એક સારા સમાચાર છે. આ મોડલ દ્વારા કોઈપણ શહેરના અલગ-અલગ સ્થળોએ તાપમાનનો સચોટ ડેટા અને આગાહી ઉપલબ્ધ થશે, એટલું જ નહીં, તે આવી સ્થિતિમાં શું કરવું જોઈએ તે પણ જણાવશે. તાત્કાલિક વ્યવસ્થા જેવી કે, ચેતવણી આપવી, સંબંધિત વિસ્તારમાં પાણી અને વીજળીનો અવિરત પુરવઠો, છાયાની જોગવાઈ, આરોગ્ય સુવિધાઓમાં વધારો, જનજાગૃતિનાં પગલાં અને અન્ય સંબંધિત વ્યવસ્થાઓ, લાંબા ગાળાનાં પગલાં જેવા કે વૃક્ષારોપણ, જળાશયોમાં વધારો, હરિયાળી વિસ્તાર, મકાન બાંધકામની યોગ્ય ટેકનોલોજીનો અમલ, કેટલીક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ વગેરે...

પરંતુ સમસ્યા એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત આ મોડલ હજુ પ્રાયોગિક તબક્કામાં છે. આમાં, એક ખાસ પ્રકારનું સેન્સર વિકસાવવાનું અને તેને માઇક્રો લેવલ પર ઇન્સ્ટોલ કરવાનું બાકી છે. આજે, શહેરોમાં હિટ આઇલેન્ડ કેમ રચાય છે તેની વિગતવાર માહિતીથી દરેક જણ પરિચિત છે. ઈન્ટરનેટ દ્વારા લોકો એ પણ જાણે છે કે સિંગાપોરથી સિએરા લિયોન, એથેન્સ અને બાંગ્લાદેશથી લઈને ઓસ્ટ્રેલિયા અને અમેરિકા જેવા દેશોએ ડીઆઈ એટલે કે થર્મલ ડિસકમ્ફર્ટ ઈન્ડેક્સના એટલાસ બનાવ્યા છે, ચીફ હિટ ઓફિસરની નિમણૂક કરી છે અને તે અધિકારીઓએ તેનો સામનો કરવા માટે શું કર્યું છે અને તેમને કેટલી સફળતા મળી છે. સવાલ એ છે કે આપણે શહેરોની હિટ પ્રોફાઇલિંગ દ્વારા આ કટોકટીનો સામનો કરવા માટે કેટલા તૈયાર છીએ, જે આ સમસ્યાનો ઈલાજ બની શકે છે. સારી વાત એ છે કે સરકારે આ દિશામાં ગંભીર પ્રયાસો શરૂ કરી દીધા છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# આમ આદમીકા આમ



હું હાંફળો ફાંફળો ને હાંફતો હાંફતો દુકાનેથી ઘેર જલ્દી ગયો તો

તુર્ત જ સરોજ ચમકી :

'કેમ આજે આટલા જલ્દી? હડકાયું કૂતરું પાછળ પડ્યું કે ઉઘરાણીવાળાને જોઈ ગયા? આમ હાર્મોનિયમના ધમણની જેમ કેમ હાંફો છો? શું થયું?'

'શું થયું? તારો ગુંડાવાળો વોટ્સએપ જોયો કે તુર્તજ ભાગ્યો, પણ સાલુ તને કેવી રીતે ખબર પડી કે માર્કેટમાં ગુંડા આવ્યા છે?'

'ગુંડા?.. અરે બાપરે.. મેરે ગંગારામ, એ તો અથાણાની સિઝન છે એટલે વોટસએપ કર્યો કે વળતાં થોડા ગુંદા લેતા આવો, ગુંડા નઇ!'

'મારી ગગી, પ્લીઝ તું ગુજરાતીમાં મેસજ કરતાં શીખી જા, તારા લીધે મે બધાને કીધું કે બજારમાં GUNDA આવ્યા છે અડધો કલાકમાં ફટાફટ આખું બજાર બંધ. હવે કાલે એ બધા મારી વાટ લગાડી દેશે'

'બફાઈ ગયું નઇ? સોરી સુભુ, હવે કાલે કેરી લેવા જઈએ ત્યારે હું સાથે જ આવીશ.. નો માથાકૂટ'

બીજા દિવસે અમારી કેરીખરીદ સવારી બજારમાં નીકળી ને જૂના ઓળખીતા ભૈયાને જોઈ સરોજ બોલી :

'કૈસે હૈ ભૈયાજી, ઓળખી હમકો? હર સાલ તુમસે કેરી ખરીદકે ખટાતી હું વો સરોજ, મુજે વો ખૂણેકે લાસ્ટમેં ટોપલા પડ્યા હૈ ઉસમેસે સબકો જરા ચખાડો'

'યે લંગડા હૈ બજારમે બહોત ચલતા હૈ' ભૈયાએ એક એક ચીરી બધાને ચખાડી.

'કમાલ હૈ લંગડા હૈ ફિર ભી ચલતા હૈ, ઓર યે ..'

'યે વલસાડ હૈ' ભૈયો બોલ્યો

'વલસાડ? અરે, એ મુંબઈકા કાંદિવલી પરા હૈ, વલસાડ ઇધર કિધરસે?'

'અરે મેરી ભાભીજી, યે સબ આમ કા નામ હૈ વલસાડ, હાફૂસ,પાયરી કેશર,બનારસ,રત્નાગિરિ...'

'સુભુ' મારી બાજુ ફરીને સરોજ બોલી :

'આ લોકો કાંદિવલીમાં થાણાની કેરી કેમ વેચે છે?'

'તું ભગા ન કર એ અથાણાની કેરી છે. પણ ટોપલાની પાછળ 'અ' ઢંકાઈ ગયો છે..

'દેખો ભૈયાજી' મેં કીધું 'કેરી મીઠી હોની ચાહીએ ગયા સાલ આપને જો દીયા થા બહોત ખટ્ટા થા ફીર ભી તુમ્હારી ભાભી તુમકો ખટાનેકો જ બોલતી હૈ'

'અરે સાહબ, ગયા સાલ ભાભીજી ખુદ બોલી થી હમકો કચ્ચા યાને ખાટા ખાનેકો મન કરતાં હૈ, મૈંને સોચા આપકે યહાં અચ્છે દિન આનેવાલે હૈ ઓર ખુશ ખબર મિલેગી આપકો તો રાજી હોના ચાહીએ કી યે ઉમ્રમે ભી...'

'અરે ચૂપ ટોપા વો જમાના યાદ મત દિલાઓ અભી અચ્છે દિન, મહિના કી સાલ કુછ નહીં આયેગા, અભી સબ જેશ્રીકૃષ્ણ ..સમજા?'

'યે સબ પાયરી-બાયરી, હાફૂસ-ફાફૂસ, કેશર-બેશરકો માર ગોળી યે લાલ-પીલી-લીલીમેસે થોડા થોડા લેકે પેક કર દો ઓર ભાવ બોલો'

સરોજ બોલી

'દેખો ભાભીજી મુઝે માલુમ હૈ કી યે સિઝનમે તુમ પરિવાર સે જ્યાદા રિલેસન મુજસે રખતી હો લેકિન યે બાર આમ બહોત મહેગા હૈ'

ભૈયો બોલ્યો

'અરે મહેગા બહેગાકો ભી માર ગોળી, સંબંધ જૈસી કોઈ ચીજ હૈ કી નહી? અભી સબકો થોડા થોડા ચખાકે બાકીકા મસ્ત પેક કર દો'

વાઈફની મીઠી ભાષાથી ભૈયો કેરી કરતાં મીઠો થઈ ગયો. પછી ૧૪૦૦ રૂપિયા આપ્યા.

'ઐસા મત કરો, મેરી વહાલી ભાભી, ૧૫૦૦મે તો હમકો ઘરમે ગીરતા હૈ' ભૈયો નારાજગીથી બોલ્યો.

'તો ઘરકા એડ્રેસ દો હમ ઘરપે આયેંગે,બસ? ચલો ચલો અગલી સાલ..' એટલું બોલી અમે નીકળી ગયા. ઘરે પહોંચી છોકરાઓને કહી દીધું :

'જુઓ છોકરાઓ, આજે રસ રોટલીનો પ્લાન હતો પણ ત્યાંતમે કેરીઓ ચાખી-ચાખીને પેટ ભર્યું છે એટલે ઘરે માત્ર રોટલી જ મળશે. તમારા માટે આજે રસ રોટલીનું જમણ પૂરું. સમજ્યા?'

પછી તો ચાર- પાંચ સિંહ એક હરણ પર તૂટી પડે એમ આખો પરિવાર કેરીઓ ઉપર તૂટી પડ્યો ને બે દિવસમાં તો બધુ સાફ..

ફરીને કેરીની ભૂખ ઊઘડી ને બીજા દિવસે હું એકલો બજારમાં કેરી લેવા નીકળ્યો પણ ભૈયાઓને અમારી મફતવૃત્તિનો ખ્યાલ આવી ગયો કે શું? બધા ભૈયા મંદ મંદ હસવા લાગ્યા..

મે હિંમતથી પૂછ્યું : 'આ હાફૂસનું શું છે?

'તમારે શેના માટે જોઈએ છે? ખાવા માટે કે સૂંઘવા માટે? ખાવા માટે મોંઘી પડશે.'

'લટકાવવા માટે! ' મારી પણ છટકી 'અને આ પેક ખોંખામાં છે એ કેરી'

'સાહેબ, એ પેક જ છે એ જોવાના પણ સો રૂપિયા પડશે. એના કરતાં આ સૂંઘવાની લઈ જાઓ, ઘરનાને, સગાને,પડોશીને સુંઘાડીને સાંજે પાછી આપી જજો, પણ ભાડું લાગશે.'

'ભાડેથી કેરીઓ?' હું સો ગ્રામ ચમક્યો

'શું કરીએ, સાહેબ? ભાવ સાંભળી કોઈ લેતું જ નથી. ગ્રાહક દસ પંદર દુકાનેથી જરાક સૂંઘે તો જરાક ચાખે પણ ભડદું થઈ જાય ત્યાં સુધી કોઈ ખરીદતું નથી. એક આઇડિયા આપું? આ કેરીનાં ચિત્ર વાળું બોક્સ ફ્રીમાં લઈ જાઓ રસોડામાં એના ચિત્ર સામે જોઈને જમવાનું. રોટલી-દાળના બદલે રસમાં બોળી હોય એવું લાગશે ને વર્ષો સુધી ચાલશે ..આમ આદમીકા આમ ઐસે હી હોતે હૈ...અરે સાહેબ, એક વાત કઉ? ત્રણ મહિનામાં કેરી એની મીઠાશ મૂકીને જતી રહેશે, કારણકે એને પણ જ્ઞાન છે કે અમે મીઠો રસ નઇ આપીએ તો છેવટે બગડી જઈશું ને ભડદું બની જઈશું. એમ તમારું ધન ભડદું થઈ જાય એ પહેલાં પ્રેમનો, લાગણીઓનો રસ પીવરાવજો. એક વાત સમજજો નદીનું પાણી મીઠું છે કારણકે વહેતું છે બાકી તળાવનું પાણી બનાવશો તો એક દિવસ ગંધાઈ ઊઠશે.. '

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ગરમીમાં રાહતદાયક છે શેરડીનો રસ



**ધોમ-ધખતા** તાપમાં બહાર નીકળીએ ત્યારે સુંદર ઘૂઘરીનો અવાજ સંભળાય તો કેવું મીઠું-મધુરું લાગે! મન બે ઘડી તે અવાજની દિશામાં પોરો ખાવા રોકાઈ જ જાય. જી હા, ઘૂઘરીઓનાં અવાજ તરફ નજર જાય ત્યારે ખ્યાલ આવે કે ત્યાં ગરમીમાં શરીરને ઝટપટ ઠંડક આપે તેવો શેરડીનો મીઠો-મધુરો રસ તૈયાર થઈ રહ્યો છે. શેરડીનો તાજો રસ તેમાં વળી ઉપરથી સ્વાદિષ્ટ મસાલાનો છંટકાવ કરવામાં આવે ત્યારે રસ પીને મન તૃપ્ત બની જતું હોય છે. શેરડીનો રસ ગરમીમાં ઠંડક આપવામાં પ્રથમ નંબર ધરાવે છે. જી હા, શેરડીનો રસ સંપૂર્ણ સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને બનતો હોવો જોઈએ. વળી રસમાં બરફનો ઉપયોગ થયો ના હોય તેની ખાસ કાળજી લેવાઈ હોય. ઓછા ખર્ચે સ્વાદસભર શેરડીનો રસ આરોગ્ય માટે ઘણો જ ગુણકારી ગણાય છે.

શેરડીની વાત કરીએ તો લગભગ ૩૬ પ્રકારની વિવિધતા જોવા મળે છે. શેરડીના રસમાં સુક્રોસ નામક શર્કરા સમાયેલી હોય છે. જે શરીરમાં ગ્લુકોઝનો સંચાર કરે છે. ગરમીમાં શરીરમાં પાણીની ઊણપથી બચાવે છે. જેથી રસ પીધા બાદ તરત જ શરીર તરોતાજા બની જતું હોય છે. જો આપ માનતા હોવ કે શેરડીનો રસ પીવાથી શરીરમાં મોટાપાના શિકાર બની જવાય છે. તો તે વાતને નકારી શકાય નહીં. દિવસમાં જો ૩-૪ ગ્લાસ રસ ગટગટાવી જવામાં આવે તો મોટાપાની શક્યતા રહેલી છે. દિવસમાં ૧ગ્લાસ શેરડીનો રસ પીવાથી વજન વધતું નથી. કેમ કે શેરડીમાં પ્રાકૃતિક મીઠાશ રહેલી હોય છે. શરીરમાં સુક્રોસ નામક શર્કરાને કારણે શર્કરાની માત્રા જળવાઈ રહે છે. શેરડીનો રસ પીવાથી મેટાબોલિઝમ વધે છે. જેથી વજન ઘટવાની શક્યતા વધી જતી હોય છે. શેરડીના રસના એક ગ્લાસમાં ૨૫૦ કેલરી તથા ૩૦ ગ્રામ પ્રાકૃતિક શર્કરા રહેલી હોય છે. શેરડીના રસમાં ફાઈબર, પ્રોટીન હોય છે. પરંતુ તેમાં ઝિંક, ફોસ્ફરસ, સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, મૈગ્નેશિયમ જેવાં ખનીજ તત્ત્વોથી ભરપૂર હોય છે.

## શેરડીના રસના સ્વાસ્થ્યવર્ધક લાભ

**શેરડીનો રસ શક્તિવર્ધક ગણાય છે**

ગરમીમાં જ્યારે બહાર નીકળવાનું થાય ત્યારે વ્યક્તિને થાક, નબળાઈનો અનુભવ વધુ થતો હોય છે. કેમ કે પરસેવા દ્વારા શરીરમાંથી પાણી બહાર નીકળી જતું હોય છે. થોડા થોડા અંતરે પાણી કે પ્રવાહી પીવામાં ના આવે તો શરીરમાં નબળાઈ આવી જતી હોય છે. આવા સંજોગોમાં શેરડીનો રસ પીવાથી શરીરમાં ત્વરિત ઊર્જા અનુભવાય છે. શરીરને યોગ્ય સમયે ઊર્જા આપવામાં પ્રાકૃતિક શર્કરા અગત્યનો ભાગ ભજવે છે. તેથી જ ગરમીના દિવસોમાં શેરડીનો રસ સર્વોત્તમ પીણું ગણાય છે. કુદરતી શર્કરાને શરીર સરળતાથી પચાવીને વ્યક્તિને તાજગી બક્ષે છે.

**લિવર માટે ગુણકારી**

શેરડીનો રસ પિત્તાશય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કમળાની બીમારીનો તે રામબાણ ઉપાય ગણાય છે. અનેક સંશોધન બાદ જાણવા મળ્યું છે કે શેરડીના રસ ક્ષારીય પ્રકૃતિ ધરાવે છે. જેને કારણે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટનું સંતુલન જાળવવામાં મદદ મળે છે. લિવરને સંક્રમિત થતાં બચાવે છે. બિલિરૂબિનવા સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કમળામાં શરીરમાંથી પ્રોટીનની માત્રા ઝડપથી ઘટવા લાગે છે. લોહીમાં બિલીરૂબિનની માત્રા વધવા લાગે છે. શેરડીના રસનું સેવન કરવાથી શરીરમાંથી ઘટેલું પ્રોટીન પાછું બનવા લાગે છે.

**ઍનિમિયાની સમસ્યાથી બચાવે છે**

ઍનિમિયાની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે શેરડીનો તાજો રસ અત્યંત લાભદાયક ગણાય છે. શેરડીમાં ભરપૂર માત્રામાં આયર્ન સમાયેલું હોય છે. જે લોહીમાં હિમોગ્લોબિનના સ્તરને વધારવામાં મદદ કરે છે.

**ગર્ભાવસ્થામાં લાભકારી**

ગર્ભાવસ્થામાં શેરડીનો રસ પીવો ગુણકારી ગણાય છે. કેમ કે શેરડીના રસમાં ફૉલિક એસિડ, વિટામિન બી-૯ હોય છે. જે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. ગર્ભાવસ્થા દરમિયાન કબજિયાતની તકલીફ થતી હોય છે. તેનાથી રાહત મેળવી શકાય છે.

**પાચનતંત્રને સુધારે છે**

પાચન સંબંધિત તકલીફમાં શેરડીનો રસ ટૉનિક તરીકે ઉપયોગી બને છે. કેમ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે જે પેટના પીએચ સ્તરને સંતુલિત રાખવામાં મદદ કરે છે. શેરડીના રસમાં ફાઈબરનું પ્રમાણ સારું હોય છે. જે પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે. કબજિયાતની તકલીફમાં ગુણકારી ગણાય છે.

### શેરડીના રસનો મોજિતો :

**સામગ્રીઃ** ૨ નંગ લીંબુ સ્લાઈસમાં કાપેલાં, અડધો કપ ફુદીનાના પાન, ૧ ગ્લાસ શેરડીનો રસ અથવા શેરડીના રસનું સિરપ, ૪-૫ બરફના ટુકડા, સોડા વૉટર.

**બનાવવાની રીતઃ** એક લાંબા ગ્લાસમાં લીંબુની સ્લાઈસ તથા ફુદીનાના પાનને મસળીને ગોઠવવાં. શેરડીનો રસ અથવા તેનું સીરપ નાખીને બરાબર ભેળવી લેવું. ગ્લાસમાં બરફના ટુકડા નાખવા. ઉપરથી સોડા વૉટર નાખીને બરાબર ભેળવવું. લીંબુની સ્લાઈસ તથા ફૂદીનાના નાના પાનથી સજાવવું. સ્વાદિષ્ટ હટકે સ્વાદસભર મોજિતોની મજા માણવી.



**કૅન્સરની સામે લડવામાં મદદરૂપ**

શેરડીના રસમાં ભરપૂર માત્રામાં મેગ્નેશિયમ, કૅલ્શિયમ, પોટેશિયમ, આયર્ન તથા મેંગેનિઝ હોવાને કારણે તે ક્ષારીય(અલ્કલાઈન) બનાવે છે. ફૅલ્વોનોઈડના ગુણો હોવાને કારણે પ્રોસ્ટેટ કૅન્સર તથા બ્રેસ્ટ કૅન્સરના સેલ્સને ઘટાડવામાં મદદ કરે છે.

**મોંની દુર્ગંધ તથા દાંતનો સડો રોકવામાં લાભકારક**

દાંતમાં સડો થવાને કારણે મોંમાંથી દુર્ગંધ આવવા લાગે છે. અનેક લોકો તેને લીધે લઘુતાગ્રંથી અનુભવતા હોય છે. તેમના માટે શેરડીનો રસ વરદાન સમાન ગણાય છે. કેમકે શેરડીના રસમાં કૅલ્શિયમ, ફોસ્ફરસ, જેવા ખનીજની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે દાંતના ઈનેમલ એટલે કે ઉપરના પડને બનાવી રાખવામાં મદદ કરે છે. જેને કારણે દાંત તેમજ પેઢાંની મજબૂતાઈ વધે છે. દાંતને સડાથી બચાવે છે.

**વજન ઘટાડવામાં મદદરૂપ**

ભૂખ્યા પેટે શેરડીનો રસ પીવાથી વજન ઘટાડી શકાય છે. કેમ કે શેરડીના રસમાં ફાઈબરની માત્રા હોય છે. ડાયેટરી ફાઈબર વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. લિપિડને નિયંત્રિત કરવાની સાથે ગ્લુકૉઝને તોડીને શરીરમાં શક્તિ વધારવામાં મદદ કરે છે.

**ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી**

શેરડીના રસમાં શર્કરાની માત્રા મર્યાદિત પ્રમાણમાં હોય છે. જેથી તેનો ઉપયોગ ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી ગણાય છે. પ્રાકૃતિક શર્કરાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જે લોહીમાં શર્કરાની માત્રા વધતી રોકે છે. એક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે શેરડીના રસમાં વિવિધ પૉલીફેનોલ્સ હોય છે જે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

શેરડીને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં ઈખ કે ગન્ના, અંગ્રેજીમાં શુગરકૅન કે નૉબલ કૅન, સંસ્કૃતમાં ગુડમૂલ, અધિપત્ર કે વિપુલ રસ, ઉત્તરાખંડમાં રિખૂ, કોંકણીમાં અન્ય, કન્નડમાં ઈક્ષુ, ગુજરાતીમાં નૈશાકર કે શેરડી, બંગાળીમાં આક, મરાઠીમાં કબ્બી કે આઓસ, મણીપુરીમાં ચૂ, નેપાળીમાં ઉખૂ, અરેબીકમાં કસબીશકર.

ભારતમાં શેરડીની ખેતી દેશની અર્થવ્યવસ્થા માટે શ્રેષ્ઠ કૃષિ ઉત્પાદન ગણાય છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશમાં મોટા પાયે શેરડીની ખેતી થાય છે. પ્રાચીન ગ્રંથોમાં શેરડીના રસનો ઉલ્લેખ જોવા મળે છે. શેરડીના રસની તુલના અમૃત સાથે કરવામાં આવતી હતી. શેરડીના રસની તુલના 'ધ નૅક્ટર ફ્રોમ ગૉડ'તરીકે કરવામાં આવેલી છે. શેરડીનો રસ હવે તો અત્યાધુનિક મશીનો દ્વારા મળતો થયો છે. જેમાં સ્વચ્છતાની સંપૂર્ણ કાળજી લેવાય છે.

શેરડીના રસનો ઉપયોગ કરીને વિવિધ વાનગી તેમજ પીણાં બનાવી શકાય છે જેમ કે ખીર, સ્મુધી, મોજિતો, ચણાના લોટનું પીટલું.

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# ઊંચી એડીના સેન્ડલ્સનો શોખ છે?

## જાણી લો તેની આડઅસર



આજે હાઈ હિલ્સ મહિલાઓની ફેશનનું અભિન્ન અંગ છે. કેટલીક સ્ત્રી-છોકરીઓ આ શોખ અને ફેશનને કારણે ખૂબ જ ઊંચી હિલવાળા સેન્ડલ પહેરે છે. કેટલીક માનુની પોતાની ઊંચાઈ દેખાડવા માટે હાઈ હિલ્સ પહેરે છે. એન્ટરટેઇન્મેન્ટ ઇન્ડસ્ટ્રીમાં કામ કરતી મહિલા માટે આવી ઊંચી હિલ્સ પહેરવી જરૂરી હોય છે તો કેટલીક મહિલાને એવું લાગે છે કે હાઈ હિલ્સ એમના વ્યક્તિત્વને વધુ નિખાર આપે છે... આમ જુવો તો હાઈ હિલ્સ પહેરવા માટે દરેકને પોત-પોતાનાં અલગ અલગ કારણ હોય છે, પણ તમારા વ્યક્તિત્વને નિખારતી આ હાઈ હિલ્સ તમારા સ્વાસ્થ્યની મોટી દુશ્મન પણ છે.

સતત હાઈ હિલ્સ પહેરીને પોતાનું સંતુલન જાળવવાના ચક્કરમાં તમારા પગની પિંડી, હિપ (નિતંબ) અને કરોડરજ્જુ પર ખરાબ અસર પડી શકે છે. આ જ કારણે જે સ્ત્રીઓ હાઈ હિલ્સ પહેરે છે એમને ઘણીવાર શરીરના આ અંગમાં દુખાવાની ફરિયાદ રહે છે. હા, ક્યારેક જો ઊંચી એડીના શૂઝ પહેરવામાં વાંધો નથી, પણ જો કાયમ તમે આવા જ પગરખાં પસંદ કરતા હો તો તમારે તેના જોખમ જાણવા જરૂરી છે, જેમકે...

**પીઠમાં પીડા**

તમારા આખા શરીરની સ્થિતિ તમારા પગ પર આધાર રાખે છે. હાઈ હિલ્સ પહેરવાથી એડી ઊંચી થઈ જાય છે અને પીઠની કમાન બગડે છે. આનાથી શરીરના વજનનું અસમાન વિતરણ થાય છે, જેના કારણે કમરના નીચેના ભાગમાં દુખાવો અને સોજો આવી શકે છે. આના કારણે કરોડરજ્જુનું સંતુલન પણ ખોરવાઈ શકે છે અને ગરદનથી પીઠ સુધી દુખાવો થાય છે.

**પિંડીમાં દુખાવો**

પિંડીના સ્નાયુઓમાં દુખાવો એ આ હાઈ હિલ્સની બીજી આડઅસર છે. આનાથી પગ પિંડીની અનેક નસ વિસ્તરે છે, જે સમય જતા ખૂબ પીડાદાયક થઈ શકે છે.

**પોસ્ચર બગડી શકે છે**

પોસ્ચર એટલે અંગભંગિ-મુદ્રા... હાઈ હિલ્સ પહેરવાથી તમારા પગ પર દબાણ વધે છે, જ્યારે શરીરનો ઉપરનો ભાગ સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. ઘણી વાર, આ સંતુલન જાળવવાનો પ્રયાસ કરતી વખતે, તમે બેઢંગા ઊભા રહેવાનું શરૂ કરો છો, જે સમય જતાં નુકસાનકારક પુરવાર થાય છે.

**ઘૂંટણ પર અસર**

હાઈ હિલવાળા સેન્ડલ પહેરવાથી ઘૂંટણ પર ખૂબ દબાણ આવે છે. એના કારણે હાઈ હિલ્સ પહેરનારી મહિલા કે યુવતી ઘણીવાર ઘૂંટણમાં સતત દુખાવાની ફરિયાદ કરે છે. એનાથી થતું નુકસાન પણ કાયમી બની શકે છે.

**આર્થરાઈટિસનું જોખમ**

ખૂબ ઊંચી હિલ પહેરવાથી સાંધા પર દબાણ પડે છે. જેના કારણે તેમના કોમલાસ્થિમાં (કાર્ટિલેજ) સોજો આવી શકે છે. ધીમે ધીમે આ સમસ્યા સંધિવામાં ફેરવાઈ શકે છે. આ રોગ વૃદ્ધાવસ્થામાં ઘણી તકલીફ પેદા કરે છે.

**પગની નસ ફાટી શકે**

હાઈ હિલના સેન્ડલ ખૂબ જ પાતળા હોય છે, જેનાથી પગ પર ઘણું દબાણ આવે છે. આ અકુદરતી દબાણથી પગની નસ પણ દબાવા લાગે છે. એના કારણે લોહીનો પ્રવાહ બંધ થઈ જાય પછી નસ ફાટવાનું જોખમ રહેલું છે.

**લિગામેન્ટની નબળાઇ**

હાઈ હીલ્સને લીધે અસ્થિબંધન (લિગામેન્ટ) નબળા પડી જાય છે. પગની જે કમાન શરીરને ઝટકા સહન કરવાની શક્તિ આપે છે તેને અસર થાય છે.

આમ ક્યારેક ઠીક છે, પરંતુ નિયમિત ઊંચી એડીના સેન્ડલ પહેરનારી ઘણી યુવતી આ ફેશનના નામે ઘેર બેઠાં જાતજાતની શારીરિક વ્યાધિ વહોરી લે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ત્રિદોષ જાણવાની આ છે કેટલીક રીત

ગયા અઠવાડિયે આપણે જાણ્યું કે વાત -પિત્ત-કફ શું છે. માનવ શરીર પૃથ્વી- જળ -તેજ - વાયુ અને આકાશ એવાં પાંચ તત્ત્વથી બન્યું છે. આમાં ત્રણ મુખ્ય તત્ત્વ છે. વાયુ તે વાત છે. અગ્નિ તે પિત્ત છે અને જળ તે કફ છે.

હવે આ ત્રિદોષ કઈ રીતે ઓળખી શકાય એની વાત જાણીએ

## નાડીપરીક્ષા

**નાડીપરીક્ષણનાં સૂચનઃ**

- નાડી હંમેશાં સવારના સમયે જમ્યા પહેલાં જોવી શ્રેષ્ઠ છે. નહીંતર જમ્યા બાદ ત્રણથી ચાર કલાક પછી જોવી.
- પુરુષના જમણા હાથની અને સ્ત્રીના ડાબા હાથની નાડી જોવી.
- દર્દીના અંગૂઠાના મૂળ પાસેથી ધમની ઉપર અનુક્રમે તર્જની, મધ્યમા અને અનામિકા આ ત્રણ આંગળીઓ રાખી નાડીની ચાલ તપાસવી.
- તેમાં તર્જની વાતદોષ, મધ્યમા પિત્તદોષ અને અનામિકા કફદોષની માત્રા જણાવે છે.


**ત્રણેય દોષોમાં નાડીપરીક્ષણ**

| | વાતપ્રકોપ | પિત્તપ્રકોપ | કફપ્રકોપ |
|---|---|---|---|
| ગતિ | સર્પ જેવી ઝડપી ચાલનારી | દેડકાની જેમ કૂદી ચાલનારી | હંસ જેવી મંદ ચાલવાળી |
| લક્ષણો | દબાણથી અનુભવાતી નથી | ધબકારા સાથે આંગળી ઊંચી-નીચી થાય છે. | ઊંડી અને નિયમિત |
| ધબકારા | ૮૦-૯૫ | ૭૦-૮૦ | ૫૦-૬૦ |
| તાપમાન | ઠંડું | ગરમ | ઠંડું અથવા ઉષ્ણ |

## ભિન્ન-ભિન્ન પરિસ્થિતિઓમાં નાડીનાં લક્ષણ

- સ્વસ્થ વ્યક્તિની નાડી સ્થિર (યોગ્ય ગતિથી ચાલનારી) હોય છે.
- જેમાં બે દોષો મિશ્ર હોય તેની નાડી બે આંગળીની વચ્ચે અનુભવાય છે. જેમ કે, વાયુ-પિત્ત મિશ્ર દોષની નાડી તર્જની તથા મધ્યમાની વચ્ચે, પિત્ત અને કફની નાડી મધ્યમા અને અનામિકા વચ્ચે જણાય છે.
- તાવમાં નાડી ગરમ અને વેગવાન હોય છે.
- કામ -ક્રોધ જેવા આવેશોમાં નાડી ખૂબ જ વેગવાન હોય છે.
- ચિંતાશીલ અને ભયભીતની નાડી મંદ અને ધીમી હોય છે.
- મૃત્યુ અવસ્થામાં નાડી ધીમે-ધીમે અને અટકાતી-અટકાતી ચાલે છે.

**નાડીપરીક્ષણની સાચી રીત**




**જે હાથની નાડી જોવાની હોય તે હાથના અંગૂઠાના મૂળમાં ક્રમશઃ તર્જની, મધ્યમા અને અનામિકા આંગળી રાખવી**




## મૂત્રપરીક્ષા

**ત્રણેય દોષની સમતા સમયે સ્વસ્થ મૂત્રનાં લક્ષણઃ**

૧) સ્વચ્છ પાણી જેવા રંગનું દુર્ગંધ રહિત હોય
૨) માપસરની માત્રામાં અર્થાત્ દિવસમાં સરેરાશ ૧.૫ લીટર પેશાબ થાય.
૩) પીડારહિત અને અટક્યા વિના થાય.

**વાત, પિત્ત અને કફના પ્રકોપ સમયે મૂત્રનાં લક્ષણ**

| | વાતપ્રકોપ | પિત્તપ્રકોપ | કફપ્રકોપ |
|---|---|---|---|
| રંગ | શ્યામ કે કાળું | પીળું કે લીલાશવાળું | સફેદ કે પીળું |
| સ્પર્શ | ચીકણો | ગરમ | ઠંડો |
| ઘનતા | ઓછી | મધ્યમ | વધારે |
| માત્રા | ઓછી | મધ્યમ | વધુ |
| વધુ અસંતુલિત અવસ્થામા | પેશાબ કરતી વખતે દુઃખે | મૂત્રપિંડમાં સોજો, મૂત્રમાં એસિડની ગંધ | પેશાબ અટકતો આવે |

**નોંધઃ**

- શરૂઆતના ને અંતના થોડા થોડા મૂત્રને બાકાત કરી વચ્ચેના મૂત્રનું પરીક્ષણ કરવું.
- ત્રણેય દોષના પ્રકોપ સમયે મૂત્રનો રંગ વધુ કાળો હોય છે. તેમજ જો મૂત્રનો રંગ લીલો, મરુન કે વધુ સફેદ હોય તો તે વધુ રોગ સૂચવે છે.


## મળપરીક્ષા

| | વાતપ્રકોપ | પિત્તપ્રકોપ | કફપ્રકોપ |
|---|---|---|---|
| રંગ | શ્યામ | પીળો કે લીલાશ પડતો | સફેદ |
| રૂપ | કઠણ, સૂકો અને ફીણવાળો | ઢીલો, ગંધયુક્ત અને ગરમ | ચીકાશવાળો, સ્નિગ્ધ અને ઠંડો |

તંદુરસ્ત સ્થિતિમાં મળ પાણીમાં તરે છે અને જો મળ પાણીમાં ડૂબે તો શરીરની અપચો, અજીર્ણ વગેરે રોગયુક્ત અસ્વસ્થતા સૂચવે છે. ■




# મુંબઈ સામેની હાર બાદ દિલ્હીના કેપ્ટન અક્ષરને લાગ્યો ઝટકો: ફટકારાયો ₹ ૧૨ લાખનો દંડ



નવી દિલ્હી: દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલને રવિવારે અહીં રમાયેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મેચમાં મુંબઈ ઇન્ડિયન્સ સામેની ૧૨ રનની હાર દરમિયાન સ્લો ઓવર રેટ બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે પાંચ વિકેટે ૨૦૫ રન કર્યા હતા જેના જવાબમાં દિલ્હી કેપિટલ્સ ૧૯ ઓવરમાં ૧૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (બીસીસીઆઇ) એક રિલીઝમાં જણાવ્યું હતું કે, ''દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલને દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે ઇન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન સ્લો ઓવર રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.''

રિલીઝ અનુસાર, ''આઈપીએલ આચારસંહિતાના કલમ ૨.૨૨ હેઠળ સ્લો ઓવર-રેટ સંબંધિત આ સીઝનમાં તેમની ટીમનો આ પહેલો ગુનો હતો, તેથી પટેલને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.'' ■

# છેલ્લાં ત્રણેય બેટ્સમેન રનઆઉટ: એક અજોડ કિસ્સો

## મુંબઈનો ચમત્કારિક વિજય, દિલ્હીએ જીત તાસક પર ધરી

નવી દિલ્હી: મુંબઈ ઇન્ડિયન્સે રવિવારે રાત્રે અહીં આઈપીએલમાં હારેલી બાજી જીતી લીધી અને દિલ્હી કેપિટલ્સે હાથમાં આવેલો વિજય એમઆઈને તાસક પર ધરી દીધો હતો.

મુંબઈએ પાંચ વિકેટે ૨૦૫ રન કર્યા પછી દિલ્હીની ટીમ ઉપરાઉપરી છેલ્લા ત્રણેય બેટ્સમેન રનઆઉટ થવાને પગલે ૧૯ ઓવરમાં ૧૯૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ અને મુંબઈનો ૧૨ રનથી ચમત્કારિક વિજય થયો હતો.

બુમરાહની ૧૯મી ઓવરની શરૂઆત વખતે દિલ્હીએ જીતવા ૧૨ બોલમાં ૨૩ રન કરવાના હતા. પહેલા ત્રણ બોલમાં આઠ રન બન્યા બાદ ચોથા બોલમાં આશુતોષ શર્મા (૧૭ રન) વિલ જેક્સ અને વિકેટકીપર રિકલ્ટનના હાથે રનઆઉટ થયો હતો. પાંચમા બોલ પર કુલદીપ યાદવ (એક રન) સબ્સ્ટિટ્યૂટ રાજ બાવા અને રિકલ્ટનના હાથે રનઆઉટ થયો હતો. છઠ્ઠા બોલ પર મોહિત શર્મા (૦) મિચલ સેન્ટનરના હાથે રનઆઉટ થયો હતો અને એ સાથે મુંબઈના ખેલાડીઓએ એકમેકને ઐતિહાસિક, યાદગાર જીત બદલ અભિનંદન આપ્યા હતા.



### ટી-૨૦માં સૌથી વધુ રનઆઉટ કોની ઈનિંગ્સમાં?

(૧) રવાન્ડાની ટીમમાં સાત રનઆઉટ, ૨૦૨૨માં માલવી સામે
(૨) વિક્ટોરિયાની ટીમમાં પાંચ રનઆઉટ, ૨૦૦૯માં ન્યૂ સાઉથ વેલ્સ સામે
(૩) એસેક્સની ટીમમાં પાંચ રનઆઉટ, ૨૦૦૮માં સસેક્સ સામે
(૪) મુંબઈ ઇન્ડિયન્સની ટીમમાં પાંચ રનઆઉટ, ૨૦૦૮માં કિંગ્સ ઇલેવન પંજાબ સામે
(૫) સિંહાલીઝની ટીમમાં પાંચ રનઆઉટ, ૨૦૦૭માં રગામા સામે

આ ત્રણ રનઆઉટની ઘટનામાં બે રન પણ બન્યા હતા. બુમરાહની ઓવરમાં કુલ ૧૦ રન થયા અને મુંબઈનો ૧૨ રનથી વિજય થયો હતો.

આઈપીએલમાં ત્રણ બોલમાં ત્રણ રનઆઉટનો પ્રથમ કિસ્સો રવિવારે બન્યો હતો. પુરુષોની ટી-૨૦ મેચમાં ત્રણ બોલમાં ત્રણ રનઆઉટ થયા હોવાની અગાઉ પાંચ ઘટના બની હતી. જોકે ટી-૨૦ સહિતની ક્રિકેટમાં છેલ્લા ત્રણ ક્રમ (૮, ૯, ૧૦) ના બેટ્સમેન રનઆઉટ થયા અને કોઈ ટીમ જીતી હોવાનો અજોડ કિસ્સો રવિવારે દિલ્હીમાં બન્યો. ■

# ધોનીએ બદલ્યું ચેન્નઇ સુપરકિંગ્સનું નસીબ, રોમાંચક મેચમાં લખનઉને પાંચ વિકેટે હરાવ્યું

લખનઉ: લખનઉમાં રમાયેલી ઈન્ડિયન પ્રિમિયર લીગની મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સે લખનઉ સુપરજાયન્ટ્સને પાંચ વિકેટે હાર આવી હતી. સતત પાંચ હારનો સામનો કર્યા બાદ ચેન્નઈએ આઇપીએલ ૨૦૨૫માં પોતાની પ્રથમ જીત હાંસલ કરી હતી. લખનઉ સુપર જાયન્ટ્સે પ્રથમ બેટિંગ કરીને ૧૬૬ રન કર્યા હતા જેના જવાબમાં ચેન્નઇની ટીમે ૫ વિકેટથી વિજય મેળવ્યો હતો. ધોનીએ ૧૧ બોલમાં ૨૬ રનની તોફાની ઇનિંગ રમીને ચેન્નઇની જીતમાં મોટો ફાળો આપ્યો હતો.

૧૬૭ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે ચેન્નઈ સુપર કિંગ્સે સારી શરૂઆત કરી હતી. ડેબ્યૂ મેચમાં શેખ રશીદે રચિન રવિન્દ્ર સાથે મળીને પાંચ ઓવરમાં ટીમનો સ્કોર ૫૦ને પાર પહોંચાડ્યો હતો. રાશિદ ૧૯ બોલમાં ૨૭ રન કરીને આઉટ થયો હતો. રચિન રવિન્દ્ર ૩૭ રન કરીને પેવેલિયન ભેગો થયો હતો.

ખરાબ ફોર્મમાં રહેલો રાહુલ ત્રિપાઠી ફક્ત ૯ રન કરીને આઉટ થયો હતો. રવિન્દ્ર જાડેજા પણ ૭ રન કરીને આઉટ થયો હતો. બાદમાં ધોનીએ આવીને ૧૧ બોલમાં અણનમ ૨૬ રન ફટકારીને ટીમને જીત અપાવી હતી. શિવમ દુબેએ પણ ૩૭ બોલમાં ૪૩ રન ફટકાર્યા હતા.

અગાઉ આ મેચમાં ટોસ જીત્યા બાદ ચેન્નઈએ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. લખનઉના કેપ્ટન ઋષભ પંતની અડધી સદીની મદદથી લખનઉ સુપર જાયન્ટ્સે ચેન્નઈ સુપર કિંગ્સને ૧૬૭ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૧૬૬ રન કર્યા હતા. કેપ્ટન પંતે ૬૩, માર્શે ૩૦, બદોની અને સમદે અનુક્રમે ૨૨ અને ૨૦ રન ફટકાર્યા હતા. ચેન્નઈ તરફથી જાડેજા અને પથિરાનાએ બે-બે વિકેટ લીધી જ્યારે ખલીલ અને અંશુલ કંબોજે એક-એક વિકેટ ઝડપી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનઉની શરૂઆત ખરાબ રહી હતી. ખલીલ અહેમદે પહેલી જ ઓવરમાં માર્કરામને આઉટ કર્યો હતો. આ પછી ચોથી ઓવરમાં નિકોલસ પૂરન પણ કંબોજનો શિકાર બન્યો હતો. ■

# 'દિલ્હી કેપિટલ્સ સામે ૧૩ ઓવર બાદ બોલ બદલવાનો થયો ફાયદો': કર્ણ શર્મા



નવી દિલ્હી: દિલ્હી કેપિટલ્સ વિરુદ્ધ ત્રણ વિકેટ ઝડપનાર મુંબઈ ઈન્ડિયન્સના લેગ-સ્પિનર કર્ણ શર્માએ સ્વીકાર્યું હતું કે ૧૩મી ઓવર પછી બોલ બદલવાથી તેમની ટીમને મદદ મળી હતી. એક સમયે દિલ્હીએ ૧૧મી ઓવરમાં એક વિકેટ ગુમાવીને ૧૧૯ રન કરી દીધા હતા પરંતુ છેલ્લી નવ વિકેટો ૭૪ રનમાં ગુમાવી દીધી હતી. કર્ણે અભિષેક પોરેલ, કેએલ રાહુલ અને ટ્રિસ્ટન સ્ટબ્સની વિકેટ ઝડપી હતી.

મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં તેણે કહ્યું હતું કે, ''મને નહોતું લાગતું કે ઝાકળ પડશે. પહેલી ઇનિંગમાં ઝાકળ પડી નહોતી. એટલા માટે જ્યારે બોલ બદલવામાં આવ્યો ત્યારે સીમ નહોતી. મને આનો ફાયદો થયો.''

૨૦૧૭માં મુંબઈ ઈન્ડિયન્સ સાથે ટાઇટલ જીતનાર કર્ણને આઇપીએલમાં ટીમ માટે 'નસીબદાર' માનવામાં આવે છે. તેણે ૨૦૧૬માં સનરાઇઝર્સ હૈદરાબાદ, ૨૦૧૭માં મુંબઈ ઇન્ડિયન્સ અને ૨૦૧૮માં ચેન્નઈ સુપર કિંગ્સ સાથે ટાઇટલ જીત્યું છે. ■

# બસ, તકની તલાશમાં હતો: કરુણ નાયર



નવી દિલ્હી : દિલ્હી કેપિટલ્સ માટે આક્રમક અડધી સદી ફટકારીને બે સીઝન પછી આઈપીએલમાં વાપસી કરનાર કરુણ નાયર પોતાની પહેલી મેચ રમવા માટે માનસિક રીતે સંપૂર્ણપણે તૈયાર હતો અને તેને ખ્યાલ હતો કે કેવી રીતે રમવું.

જીત માટે ૨૦૬ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે દિલ્હીએ કરુણના ૪૦ બોલમાં ૮૯ રનની ઇનિંગથી શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ વચ્ચેની ઓવરોમાં સતત વિકેટો ગુમાવી દીધી હતી અને ૧૨ રનથી મેચ હારી ગઈ હતી.

ઘણા બેટ્સમેનોમાં જસપ્રીત બુમરાહને એક ઓવરમાં બે છગ્ગા ફટકારવાની ક્ષમતા હોતી નથી પરંતુ કરુણે તે કરી બતાવ્યું. તેમના પ્રદર્શન પાછળનું કારણ સ્થાનિક ક્રિકેટમાં તેમનું પ્રભાવશાળી પ્રદર્શન પણ છે જેમાં તેમણે ગયા સીઝનમાં વિદર્ભ માટે વિવિધ ફોર્મેટમાં ૧૮૭૦ રન ફટકાર્યા હતા. ટેસ્ટ મેચમાં ત્રેવડી સદી ફટકારી ચૂકેલા કરુણે મેચ પછી મીડિયાને કહ્યું હતું કે, ''સત્ય કહું તો હું આત્મવિશ્વાસ ધરાવતો હતો કારણ કે હું પહેલા આઇપીએલ રમી ચૂક્યો હતો. મને ખબર હતી કે કેવી રીતે રમવું. મારા માટે આ કંઈ નવું નહોતું. મારા મનમાં બધી તૈયારીઓ હતી. ફક્ત તકની રાહ જોઈ રહ્યો હતો. ■

# તીરંદાજી વર્લ્ડકપમાં ધીરજે બ્રોન્ઝ તો પુરુષોની ટીમે જીત્યો સિલ્વર મેડલ

ઓબર્નડેલ (અમેરિકા): ભારતે રવિવારે અહીં તીરંદાજી વર્લ્ડ કપ સ્ટેજ-વનમાં ચાર મેડલ સાથે પોતાનું અભિયાન સમાપ્ત કર્યું, જેમાં પુરુષોની રિકર્વ ટીમ ઇવેન્ટમાં એક સિલ્વર અને વ્યક્તિગત રિકર્વ કેટેગરીમાં ધીરજ બોમ્મદેવરાના એક બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

સેનાના ૨૩ વર્ષીય તીરંદાજ ધીરજે બ્રોન્ઝ મેડલ જીતવા માટે અસાધારણ ધૈર્ય અને સંયમ બતાવ્યો હતો. તેણે ૨-૪ થી પાછળ રહ્યા બાદ વાપસી કરીને સ્પેનના એન્ડ્રેસ ટેમિનો મેડિયલને પાંચ સેટની રોમાંચક મેચમાં ૬-૪ થી હરાવ્યો હતો.

અગાઉના દિવસે ધીરજ અનુભવી તરુણદીપ રાય અને અતનુ દાસ સાથે ભારતીય ખેલાડીઓનો ભાગ હતો, જેમણે ટીમ ઇવેન્ટ ફાઇનલમાં ચીન સામે ૧-૫થી હાર્યા બાદ સિલ્વર મેડલ જીત્યો હતો. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| લૂલું | LEAK |
| ઘેટું | LAMP |
| દીવો | LAME |
| ચાટવું | LAMB |
| ગળતર | LICK |

## ઓળખાણ પડી?

દેશી ઘી, ગોળ અને ઘઉંના લોટના મિશ્રણમાંથી તૈયાર કરવામાં આવતી પંજાબી મીઠાઈની ઓળખાણ પડી? ડ્રાય ફ્રૂટ ભભરાવવામાં આવે છે.

અ) પંજરી  બ) ફિરની
ક) પીન્ની  ડ) કડા પ્રસાદ



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પા | ચ | ૨ લા | ૩ ગ | ણ | | ૪ અ | ૫ ડ | ૬ કા | ૭ વ |
| રા | | ૮ ચ | દા | | ૯ ઉ | પ | ર | વા | ળો |
| ૧૦ વા | ૧૧ ત્ર | ક | | ૧૨ અ | ફ | રા | | | ટ |
| ૧૩ ર | મ | | ૧૪ અ | પ | રા | ધ | ૧૫ બો | ૧૬ ધ | |
| | ઝ | | ૧૭ ના | ર | | | ૧૮ ધિ | ર | જ |
| ૧૯ પ | ટ | ૨૦ ક | થા | | ૨૧ અ | વ | ગ | તી | |
| ર | | ૨૨ ત | લ | ભા | ર | | યા | | ૨૩ અ |
| ૨૪ મે | ઘા | લ | ય | | ૨૫ મા | ૨૬ પ | | ૨૭ તા | વ |
| શ્વ | | ખા | | ૨૮ વા | ન | ર | | ૨૯ રી | સ |
| ૩૦ ર | વા | નું | કા | રી | | ૩૧ ખ | રે | ખ | ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ |
| | | | ૭ | ૮ | | | ૯ | | |
| ૧૦ | | ૧૨ | | | | ૧૩ | | | |
| | | ૧૪ | | | ૧૫ | | | ૧૬ | |
| | ૧૭ | | | ૧૮ | | | ૧૯ | | |
| ૨૦ | | ૨૦-અ | | | ૨૧ | | | ૨૨ | |
| | | | | ૨૩ | | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | ૨૯ | |
| | | ૩૦ | | | | ૩૧ | ૩૨ | | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. શુભ લાવનારું (૪)
૩. માર, સાલમનો પાક (૫)
૭. ઝગઝગતું, ઉજ્જવળ (ઊ.) (૩)
૯. ભેદ, ભ્રાંતિ, રહસ્ય (૩)
૧૦. બડાઇખોર, ગરમ મિજાજનું (જો.છૂ.) (૫)
૧૩. પ્યાલો (શરાબનો) (૨)
૧૪. ટેવ, આદત (૨)
૧૫. શ્વાસનો રોગ (૨)
૧૬. આગલા દિવસનું વધેલું ભોજન (૨)
૧૮. દ્વારા, વાયા (૪)
૨૦. સંકોચશીલ સ્વભાવવાળું (૪)
૨૧. શૂરવીર, તાકાતવાન (૪)
૨૩. બૂમ, રાડ (૨)
૨૪. ઉત્તર-પૂર્વનો ખૂણો (૩)
૨૬. બધે રેતી જ રેતી (૨)
૨૭. હમણાં ---ની સિઝન ચાલે છે (૪)
૨૯. નુકસાન (૨)
૩૦. ચોખ્ખું (૨)
૩૧. પંખીઓનો અવાજ (૪)
૩૩. રોજેરોજ (૫)
૩૪. અદાકાર (૨)

**ઊભી ચાવી**

૧. નર્મદાકિનારે આવેલું તીર્થધામ (૪)
૨. માલિક, સ્વામી (ઊ.) (૪)
૩. વર્ષ (૨)
૪. મોઘમ, અસ્પષ્ટ (૩)
૫. લાખ ચડાવેલું માટલું (૨)
૬. ખરાબ, નસીબ (૫)
૮. 'લાખું'નું બહુવચન (૨)
૧૨. સામાન (૨)
૧૩. એક ફળ (૪)
૧૫. ઠેર ઠેર, જ્યાં ત્યાં (૫)
૧૭. મુંબઇનું એક સ્ટેશન (૨)
૧૯. કમબખ્તી, ધાડ, ધમકી (૩)
૨૦. ઘઉંની તીખી/ગળી વાની (૫)
૨૦-અ. આદર (૨)
૨૨. નશાની આદતવાળો (૪)
૨૩. એક વેદ (૨)
૨૫. નટોમાં શ્રેષ્ઠ (૪)
૨૭. બહુ જમો તો પછી --- ચડે (૩)
૨૮. શુકનને ગામડામાં --- કહે (૩)
૩૦. સાહેબ (૨)
૩૨. વાળની છૂટી સેર (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તન છોટું પણ મન મોટું ને ખમીરવંતી કાયા' પંક્તિમાં 'ખમીર' શબ્દનો અર્થ જણાવો.

અ) નબળી  બ) તેજસ્વી  ક) ખડતલ  ડ) ઓશિયાળી

## માતૃભાષાની મહેક

કાનો માત્રા વિનાનો ત્રણ અક્ષરના શબ્દ તરસની અર્થછાયા વિસ્તરેલી છે. સંસ્કૃત શબ્દ તૃષા પરથી અવતરેલા આ શબ્દનો સર્વ વિદિત અર્થ છે પાણી પીવાની ઈચ્છા, પ્યાસ. જોકે, હિન્દીમાંથી ઉતરી આવેલા શબ્દનો અર્થ દયા, કરુણા, રહેમ એવો થાય છે. તરસ ખાવી એટલે દયા બતાવવી રૂઢિપ્રયોગ જાણીતો છે. ફાડી ખાનારું વિકરાળ જંગલી પ્રાણી ઝરખ તરસ તરીકે પણ ઓળખાય છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ NUMISMATICS ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) જમીન  બ) નંબર  ક) મિસાઈલ  ડ) સિક્કા

## ઈર્શાદ

*ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,*
*પછી આ માટીની ભીની અસર મળે ન મળે.*

-- આદિલ મન્સૂરી

## સુડોકુ-૮૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | | | | ૭ | |
| | | ૫ | ૨ | ૪ | ૯ | ૮ | | |
| ૬ | | | ૫ | | ૮ | | | ૨ |
| ૭ | | ૯ | | ૩ | | ૪ | | ૮ |
| | ૩ | | | | | | ૫ | |
| ૮ | | ૧ | | ૨ | | ૭ | | ૬ |
| ૩ | | | ૭ | | ૬ | | | ૪ |
| | | ૪ | ૮ | ૯ | ૨ | ૩ | | |
| | ૨ | | | | | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૧ | ૩ | ૯ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૨ | ૩ | ૬ | ૮ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૫ | ૪ | ૧ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૨ | ૭ | ૫ | ૪ | ૯ |
| ૫ | ૨ | ૯ | ૬ | ૪ | ૩ | ૭ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૭ | ૮ | ૯ | ૫ | ૬ | ૨ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૫ | ૧ | ૯ | ૨ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૨ | ૩ | ૬ | ૮ | ૪ | ૧ | ૫ |
| ૬ | ૧ | ૫ | ૪ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ |

## માઈન્ડ ગેમ

આપણા દેશમાં સૌથી પહેલી વાર વિમાન કયા વર્ષમાં ઊડ્યું હતું એ જણાવો. વિમાને અલ્હાબાદથી નૈની સુધી ૯.૭ કિલોમીટર અંતર કાપ્યું હતું.

અ) ૧૯૦૫  બ) ૧૯૧૧
ક) ૧૯૨૪  ડ) ૧૯૪૭

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સાચું | RIGHT |
| વજન | WEIGHT |
| લડત | FIGHT |
| પ્રકાશ | LIGHT |
| દ્રષ્ટિ | SIGHT |

માઈન્ડ ગેમ
૨૦૧૪

ઓળખાણ પડી?
ઓળો

ગુજરાત મોરી મોરી રે
કોષ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મકાન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ધીરેન ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) શ્રદ્ધા આશર (૧૬) પ્રવીણ વોરા (૧૭) પુષ્પા પટેલ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) નુતન વિપીન (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) મહેશ સંઘવી (૨૯) ભાવના કર્વે (૩૦) અલકા વાણી (૩૧) શીરીષ ઉદેશી (૩૨) વિણા સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) પુષ્પા ખોના (૩૭) નિતિન બજરિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) જ્યોત્સના ગાંધી (૪૩) રમેશ દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) હિના દલાલ (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) વિજય આસર (૪૮) જગદીશ ઠક્કર

## સુધરાઈની ચીમકી કામ કરી ગઈ

# ટેન્કરવાળાઓની હડતાળનો અંત



**થંભેલા પૈડા હવે દોડ્યાંઃ** પાણીનાં ટેન્કરવાળાઓની હડતાળ પાછી ખેંચતા ટેન્કરના ઊભા રહેલા પૈડા હવે દોડવા માંડ્યાં છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ પાણીના ટેન્કર, કૂવા અને બોરવેલનું સંચાલન ૧૫ એપ્રિલ, ૨૦૨૫, મંગળવારથી પોતાના હાથમાં લઈ લેવાની જાહેરાત બાદ હરકતમાં આવી ગયેલા વોટર ટેન્કરના માલિકોને અંતે ઝુકવું પડ્યું હતું. સોમવારે પત્રકાર પરિષદ લઈને વોટર ટેન્કર અસોસિયેશને પોતાની હડતાળ પાછી ખેંચી લેવાની જાહેરાત કરી હતી.

સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીના નવા નિયમોના વિરોધમાં મુંબઈ વોટર ટેન્કરના માલિકોએ હડતાળ પર ઊતરીને પાંચ દિવસ સુધી મુંબઈગરાને બાનમાં લીધા હતા. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ સોમવારે મુંબઈ ટેન્કર અસોસિયેશન સાથે તાત્કાલિક ધોરણે બેઠક લીધી હતી, જેમાં પાલિકાએ લાગુ કરેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ સહિત ટેન્કર માલિકોની માગણીને મુદ્દે લાંબી ચર્ચા ચાલી હતી. છેવટે વોટર ટેન્કર અસોસિયેશને પોતાની હડતાળ પાછી ખેંચી લીધી હતી.

સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીના નિયમ રાજ્ય સરકારે હળવા કરવાની માગણી મુંબઈ વોટર ટેન્કર અસોસિયેશન ૧૦ એપ્રિલ, ગુરુવારથી બેમુદત હડતાળ પર ઊતરી ગયા હતા. ટેન્કર માલિકોની હડતાલને પગલે છેલ્લા પાંચ દિવસ કમર્શિયલ સહિત રહેણાંક વિસ્તારમાં, કન્સ્ટ્રકશન સાઈટ, હોટલ સહિત અનેક સરકારી અને ખાનગી ઓફિસોમાં પાણીપુરવઠો ઠપ થઈ ગયો હતો. જોકે હડતાળ પાછી ખેંચાતા મોટી રાહત મળી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તથા કેન્દ્રીય જલશક્તિ પ્રધાન ચંદ્રકાંત પાટીલના નિર્દેશ બાદ કમિશનરે અગાઉ કૂવા અને બોરવેલના માલિકો માટે બહાર પાડેલી નોટિસ પર ૧૫ જૂન, ૨૦૨૫ સુધી સ્ટે આપવાની જાહેરાત કરી હતી. છતાં ટેન્કરધારકોએ હડતાળ પાછી ખેંચી નહોતી. છેવટે રવિવારે

(જુઓ પાનું ૪) ▸▸

# આખરે ભાજપ-કૉંગ્રેસનું ગઠબંધનઃ સોલાપુર જિલ્લામાં ઈતિહાસ રચાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોલાપુર કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી)ની ચૂંટણીમાં મોટો વળાંક જોવા મળ્યો છે. બજાર સમિતિની ચૂંટણી માટે ભાજપના વિધાનસભ્ય સચિન કલ્યાણશેટ્ટીના નેતૃત્વમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓની સંયુક્ત પેનલ બનાવવામાં આવી છે. કોંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્ય દિલીપ માને, કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ સુરેશ હંસાપુરે અને કોંગ્રેસના નેતા બાળાસાહેબ શેળકેએ ભાજપના વિધાનસભ્ય સચિન કલ્યાણશેટ્ટીના નેતૃત્વ હેઠળની પેનલને ટેકો આપવાની જાહેરાત કરી છે.

સચિન કલ્યાણશેટ્ટીએ ભાજપના વિધાનસભ્ય સુભાષ દેશમુખ અને વિધાનસભ્ય વિજયકુમાર દેશમુખને પણ સાથે આવવા અપીલ કરી છે. પરંતુ ભૂતપૂર્વ સહકાર પ્રધાન સુભાષ દેશમુખ ફરી એકવાર અપક્ષ તરીકે ચૂંટણી લડે તેવી શક્યતા છે. ગત ચૂંટણી દરમિયાન, કોંગ્રેસના નેતા દિલીપ માનેએ તત્કાલીન પાલક પ્રધાન અને ભાજપના વિધાનસભ્ય વિજય કુમાર દેશમુખના નેતૃત્વ હેઠળની પેનલને ટેકો આપ્યો હતો. વિધાનસભ્ય સુભાષ દેશમુખ વિપક્ષી પેનલમાં ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. ■

### કલ્યાણ શેટ્ટીએ શું કહ્યું?

'અમે મુખ્ય પ્રધાનના નેતૃત્વમાં આ ચૂંટણી લડી રહ્યા છીએ, આમાં પક્ષીય રાજકારણનો કોઈ મુદ્દો નથી.' બંને દેશમુખ અમારા નેતા છે, અમે તેમને પણ સાથે આવવા અપીલ કરી છે, પરંતુ ઘણા બધા લોકો અરજીઓ દાખલ કરી રહ્યા હોવાથી, ચૂંટણી બિનહરીફ થવી મુશ્કેલ છે, અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ,' એમ ભાજપના વિધાનસભ્ય સચિન કલ્યાણશેટ્ટીએ જણાવ્યું. ■

### કૉંગ્રેસ નેતા દિલીપ માનેની પ્રતિક્રિયા

મુખ્ય પ્રધાને સચિન દાદાને સૂચના આપી હતી અને તેમણે અમને અપીલ કરી હતી અને અમે તેનો સ્વીકાર કરીએ છીએ. તેથી અમે સાથે આવીને લડવાનું નક્કી કર્યું છે. અમારું લક્ષ્ય બજાર સમિતિના હિતોનું છે. કોંગ્રેસના નેતા દિલીપ માનેએ સ્પષ્ટતા કરી છે કે હું સહકાર અંગે સ્વતંત્ર નિર્ણયો લઉં છું, હું આત્મનિર્ભર છું. ■

# બાબાસાહેબ આંબેડકરના વિચારો અનુસાર મુંબઈ તો મહારાષ્ટ્રનું જઃ ફડણવીસ





**બંધારણના ઘડવૈયાને સલામઃ** ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીએ ગઈ કાલે દાદર ચૈત્યભૂમિ પર મહાનુભાવો અને આમઆદમીએ તેમને અંજલિ અર્પી હતી. (જયપ્રકાશ કેળકર, અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પૂર્ણ લંબાઈની પ્રતિમાનું આજે વડાલામાં અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ભાષાવાર રાજ્યોની રચનાનો વિચાર કરવામાં આવ્યો ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને આધારે મુંબઈ મહારાષ્ટ્રનું બન્યું હતું.

જેમણે આગ્રહ રાખ્યો હતો કે મુંબઈ મહારાષ્ટ્રનું છે, તે બાબાસાહેબ આંબેડકર હતા. મુંબઈ અને મહારાષ્ટ્ર એકબીજા સાથે જોડાયેલા છે. એ ભાષાકીય પ્રાંતીય માળખામાં મુંબઈ સહિત સંયુક્ત મહારાષ્ટ્રની રચના કરી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે મુંબઈ અને બાબાસાહેબ વચ્ચે અતૂટ બંધન છે અને કહ્યું કે તેનો જન્મ બાબાસાહેબ આંબેડકરના વિચારોમાંથી થયો છે.

વડાલા પૂર્વના કોરબે મીઠાગર વિસ્તારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પૂર્ણ લંબાઈની પ્રતિમાનું અનાવરણ મુખ્ય પ્રધાન ફડણવીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમને તેમણે સંબોધિત કર્યો હતો. દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર મુંબઈમાં તેમના કાર્યને ઉજાગર કરવા માટે ઇન્દુ મિલ્સ ખાતે તેમનું એક ભવ્ય સ્મારક બનાવી રહી છે. તેમણે આપેલું બંધારણ વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ છે.

દેશ બંધારણનાં સિદ્ધાંતો પર ચાલે છે. આ બંધારણે

(જુઓ પાનું ૪) ▸▸

## દર્શન ભાષણ કરતાં વધુ મહત્ત્વનાઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૈત્યભૂમિ ખાતે વક્તાઓની યાદીમાં નામ ન આવવા અંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે એવી સ્પષ્ટતા કરી હતી કે ભાષણ આપવા કરતાં બી. આર. આંબેડકરના દર્શન વધુ મહત્ત્વનાં છે.

ચૈત્યભૂમિ ખાતે બાબાસાહેબ આંબેડકરના દર્શન કરવા કરતાં વધુ મહત્ત્વનું શું હોઈ શકે? ભાષણ કરવા કરતાં તેમના દર્શન વધુ મહત્ત્વના હતા, એમ શિંદેએ કહ્યું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે મહાયુતિના ત્રણ સાથી પક્ષો વચ્ચે સંઘર્ષના અહેવાલો વચ્ચે શિંદેનું આ નિવેદન આવ્યું છે. અહીં ઉલ્લેખનીય છે કે રવિવારે જ એકનાથ શિંદેએ મહાયુતિમાં કોઈ સંઘર્ષ ન હોવાની સ્પષ્ટતા કરી હતી. ■

# સલમાન ખાનને ફરીથી જાનથી મારવાની ધમકી

## ટ્રાફિક પોલીસના હેલ્પલાઈન નંબર આવ્યો મેસેજ

મુંબઈઃ બોલીવૂડના અભિનેતા સલમાન ખાનને ફરી એકવાર જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર વહેલી સવારે ધમકીભર્યો મેસેજ પ્રાપ્ત થયા બાદ આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મુંબઈ ટ્રાફિક પોલીસના વ્હૉટ્સઍપ હેલ્પલાઇન નંબર પર રવિવારે વહેલી સવારે ૬.૩૦ વાગ્યે અજાણી વ્યક્તિએ મેસેજ પાઠવ્યો હતો, જેમાં સલમાન ખાનના ઘરમાં ઘૂસીને તેને મારવાની તથા તેની કારમાં બોમ્બ મૂકીને ફૂંકી મારવાની ધમકી આપી હતી. મેસેજમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ ચોક્કસ અભિનેતાને મારી નાખશે.

દરમિયાન ધમકીભર્યો મેસેજ પ્રાપ્ત થયા બાદ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને તેની જાણ કરાઇ હતી અને બાદમાં વરલી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં

(જુઓ પાનું ૪) ▸▸

# 'વાલ્મિક કરાડનું ઍન્કાઉન્ટર કરવા કરોડોની ઑફર મળેલી'

## બીડના મસ્સાજોગના સરપંચની હત્યાના કેસના સૂત્રધારને ઉડાવી દેવાની ઓફરના પોલીસ અધિકારી રણજિત કાસલેના દાવાથી ખળભળાટ

બીડઃ બરતરફ કરવામાં આવેલા બીડના પોલીસ અધિકારી રણજિત કાસલેએ દાવો કર્યો છે કે તેમને મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં મુખ્ય આરોપી વાલ્મિક કરાડનું એન્કાઉન્ટર કરવાની ઓફર મળી હતી. કાસલેએ એમ પણ કહ્યું હતું કે વાલ્મિકી કરાડના બનાવટી એન્કાઉન્ટર માટે તેમને પાંચ-દસ કરોડથી શરૂ કરી ૫૦ કરોડ રૂપિયા સુધીની ઓફર કરવામાં આવી હતી. રણજિત કાસલેએ સોશ્યિલ મીડિયા પર આ વીડિયો શેર કરતા બીડમાં ફરી ખળભળાટ જોવા મળી રહ્યો છે.

રણજિત કાસલે બીડના સાયબર વિભાગમાં પોલીસ ઇન્સ્પેક્ટર હતા. થોડા દિવસ પહેલા જ તેમને બરતરફ કરવામાં આવ્યા બાદ તેણે સોશ્યિલ મીડિયા પર અનેક સનસનીખેજ દાવા કર્યા છે. જોકે, હવે વાલ્મિક કરાડના એન્કાઉન્ટર અંગેના તેમના દાવાએ ભારે સનસનાટી મચાવી દીધી છે.

કાસલેએ જણાવ્યું હતું કે 'અક્ષય શિંદે કેસમાં પાંચ પોલીસકર્મીઓ સામે ગુનો દાખલ કરવામાં આવે અને એસઆઈટીની રચના કરવામાં આવે એવા સમાચાર મેં ટીવી પર

(જુઓ પાનું ૪) ▸▸

# ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને ડબલ ડેકર બનાવવાનું કામ શરૂ

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેને ડબલ ડેકર હાઇવે બનાવવાનું કામ શરૂ કર્યું છે જેના હેઠળ ઘાટકોપરના છેડાનગરથી થાણે વચ્ચે એલિવેટેડ રોડ બનાવવામાં આવી રહ્યો છે.

એલિવેટેડ રોડના પિલર તૈયાર કરવા માટે ઇસ્ટર્ન એક્સપ્રેસ પર બેરિકેડ્સ લગાવવાનું અને ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. ૧૨.૯૫૫ કિલોમીટર લાંબો એલિવેટેડ રોડ હાલમાં ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેની ઉપર હશે. ત્રણ-ત્રણ લેનનો એલિવેટેડ રોડ ૪૦ મીટર પહોળો હશે. છેડાનગરથી થાણેના આનંદ નગર સુધીના આ એલિવેટેડ રોડ પાછળ ૨,૬૮૨ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

આ પ્રકલ્પ પૂર્ણ થયા બાદ ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેથી પ્રવાસ કરનારા લોકો માટે વધુ એક માર્ગ ઉપલબ્ધ થશે. તેનાથી ટ્રાફિકની સમસ્યા દૂર થશે. એલિવેટેડ

(જુઓ પાનું ૪) ▸▸

# પાસપોર્ટ માટે જરૂરી 30 હજાર રૂપિયા ચોરવા શરીફુલ ઘૂસેલો સૈફના ઘરમાં

મુંબઈઃ ભારતીય પાસપોર્ટ મેળવવા માટે બનાવટી આધાર કાર્ડ અને પૅન કાર્ડ બનાવવા ૩૦ હજાર રૂપિયાની જરૂર હોવાથી આરોપી શરીફુલ ઈસ્લામ શેહઝાદ ચોરીને ઇરાદે ૧૫ જાન્યુઆરીની મધરાતે બોલીવુડના અભિનેતા સૈફ અલી ખાનના બાન્દ્રાના ફ્લૅટમાં ઘૂસ્યો હતો. જોકે સૈફે પકડી પાડતાં શરીફુલે તેના પર ચાકુથી હુમલો કર્યો હતો, એવો ખુલાસો બાન્દ્રા પોલીસે ગયા સપ્તાહે કોર્ટમાં દાખલ કરેલા ૧,૬૦૦ પાનાંના આરોપનામામાં કર્યો હતો.

આરોપનામામાં જણાવાયું હતું કે પૂછપરછ દરમિયાન શરીફુલે પોલીસને કહ્યું હતું કે તેને ભારતીય પાસપોર્ટ મેળવવો હતો.

(જુઓ પાનું ૪) ▸▸

# પત્ની ભાવ નથી આપતીઃ આ નોંધ પછી વિશાલ ગવળીનો જેલમાં આપઘાત

થાણેઃ કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકી પર બળાત્કાર બાદ તેની હત્યા કરવાના કેસના આરોપી વિશાલ ગવળીએ નવી મુંબઈની જેલમાં આત્મહત્યા કર્યા પછી તેના સેલમાંથી એક ડાયરી મળી આવી હતી, જેમાં પત્નીને તેના પર વિશ્વાસ ન હોવાથી તે હતાશ હોવાનું અને તેના અંતિમ પગલા માટે કોઈને જવાબદાર ન ગણવાનું આરોપીએ નોંધ્યું હતું.

નવી મુંબઈની તળોજા સેન્ટ્રલ જેલમાં રવિવારના મળસકે ટૉઈલેટમાં ટૉવેલ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં વિશાલ ગવળી (૩૫)નો મૃતદેહ મળી આવ્યો હતો. ગવળીએ કથિત આત્મહત્યા કરતાં ખારઘર પોલીસે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી.

(જુઓ પાનું ૪) ▸▸

# જોઇ લો, અદ્‌ભુત સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશન



મુંબઈગરાઓને ઝડપી અને આરામદાયક યાત્રા કરાવનાર કોલાબા-બાંદ્રા-સીપ્ઝ મેટ્રો લાઇન ૩ ના અમલ માટે જવાબદાર મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડે (MMRCL) તેના સત્તાવાર હેન્ડલ પર સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશનનો ફર્સ્ટ લૂક પોસ્ટ કર્યો છે. મુંબઈના સૌથી આદરણીય મંદિરોમાંના એક, ભગવાન ગણેશનું જાણીતું મંદિર શ્રી સિદ્ધિવિનાયક મંદિરની બાજુમાં સ્થિત આ નવા બનેલા સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશનનો પહેલો દેખાવ અહીં પોસ્ટ કર્યો છે.

પોસ્ટમાં કેપ્શન આપવામાં આવ્યું છે, ''મુંબઈના સૌથી આદરણીય મંદિરોમાંના એકની બાજુમાં સ્થિત મેટ્રો સ્ટેશનનો એક નજારો અહીં પ્રસ્તુત છે, જ્યાં ડિઝાઇન સાથે શ્રદ્ધા જોડાયેલી છે. સાંકડા વિસ્તારો અને સતત ભીડમાંથી પસાર થતું , સ્ટેશન વધુ ધ્યાન અને ટીમવર્ક સાથે બનાવવામાં આવ્યું છે . આજે, તે હજારો લોકોને સુવિધા, ઝડપ અને આશીર્વાદ સાથે જોડે છે.''

એક્વા લાઇન (મુંબઈ મેટ્રો લાઇન ૩) પર સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશન પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરની નજીક આવેલું છે અને તે દાદર બીચ અને રવિન્દ્ર નાટ્ય મંદિર તેમજ અન્ય સ્થળોને જોડે છે. એક્વા લાઇન, જેને લાઇન ૩ તરીકે ઓળખવામાં આવે છે, તે મુંબઈની પ્રથમ સંપૂર્ણપણે ભૂગર્ભ મેટ્રો લાઇન છે. ■

# માલવણીના ૧૪,૦૦૦ ઝૂંપડાનું છ વર્ષમાં પુનર્વસનઃ મ્હાડાએ હાથ ધરી સૌથી મોટી એસઆરએ યોજના

મુંબઈઃ મલાડ, માલવણી ખાતે ૧૪,૦૦૦ ઝૂંપડાનો સમાવેશ કરતી એસઆરએ યોજનાને ઠેકાણે પાડવા માટે મ્હાડાના મુંબઈ ડિવિઝને પગલાં લેવાનું શરૂ કર્યું છે. એસઆરએની રખડી પડેલી ૨૧ ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના મ્હાડાને સોંપવામાં આવી છે જેમાં આ સૌથી મોટી છે.

૫૧ હેક્ટરની જગ્યા પર આવેલા રાજીવ ગાંધી નગરના પુનર્વસન યોજના માટે સલાહગાર અને આર્કિટેક્ટની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે માટે શનિવારે ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યો છે. આ પ્રકલ્પ પૂર્ણ થતા છ વર્ષનો સમય લાગવાનો અંદાજ છે.

રાજ્ય સરકારના નિર્દેશ અનુસાર એસઆરએ ઓથોરિટીએ સોંપેલી ૨૧ યોજનામાંથી ૧૭ યોજનાને મ્હાડાના મુંબઈ ડિવિઝિન દ્વારા માર્ગે લાવવામાં આવશે.

મ્હાડાએ જોગેશ્વરીની સાઇબાબા એસઆરએ યોજના, કુર્લાની શ્રમિક નગર અને ચેમ્બુરની જાગૃતી એસઆરએ યોજનાને હાથમાં લીધી છે. આ ત્રણેય યોજના ૧૫૦૦થી ૨૦૦૮ ચો. મીટર ક્ષેત્રફળના હોઇ તે માટે

(જુઓ પાનું ૪) ▸▸

# ચોક્સી જેવા ભાગેડુઓને દેશમાં ચોક્કસ પાછા લાવવામાં આવશેઃ કેન્દ્રીય પ્રધાન

નાગપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર ભ્રષ્ટાચાર અને મેહુલ ચોકસી જેવા ભાગેડુઓને જરાય સાંખી નહીં લે તથા આવા લોકો માટે 'શૂન્ય સહનશીલતા'ની નીતિ અપનાવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ભાગેડુઓને ટૂંક સમયમાં દેશમાં પાછા લાવવામાં આવશે, એમ નાણાંકીય ખાતાના રાજ્ય કક્ષાના કેન્દ્રીય પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું. ૧૩,૦૦૦ કરોડના પીએનબી બૅંક લોન કૌભાંડમાં ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા મેહુલ ચોકસીના પ્રત્યર્પણની માગણી કરી હતી તે હેઠળ ભાગેડુ હીરાના વેપારીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. પીએનબી કૌભાંડમાં મેહુલ ચોકસીનો ભાણેજ નીરવ મોદી મુખ્ય આરોપી છે. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા ચોકસીના પ્રત્યારોપણની વિનંતી કરાયા બાદ શનિવારે તેની ધરપકડ કરાઇ હતી. મેહુલ ચોકસી (૬૫) ગયા વર્ષે બેલ્જિયમમાં મેડિકલ સારવાર કરાવવા માટે ગયો હતો ત્યારે તે પકડાયો હતો. ૨૦૧૮માં ભારતમાંથી ભાગી ગયા બાદ તે એન્ટિગુઆમાં રહેતો હતો.

નાગપુરમાં નેશનલ એકેડેમી ઓફ ડાઇરેક્ટ ટેક્સીસ ખાતે ૭૭મા બેચના ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસિસ ઓફિસર્સના વિદાય કાર્યક્રમ નિમિત્તે પત્રકારો સાથેની વાતચીતમાં ચૌધરીએ ઉક્ત નિવેદન આપ્યું હતું. ચોકસી અને તેના પ્રત્યર્પણ વિશે પૂછતા ચૌધરીએ કહ્યું હતું કે મોદી બહુ પહેલાથી કહેતા આવ્યા છે કે દેશની સંપત્તિ જેઓએ લૂંટી છે અને અહીંથી ભાગી ગયા છે તેઓને ફરી દેશમાં લાવવામાં આવશે અને લોકોને તેમના નાણાં પરત કરવામાં આવશે.

આવા ભાગેડુ અને ભ્રષ્ટાચાર સામે મોદી સરકારે શૂન્ય સહનશીલતાની નીતિ અપનાવી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

## દશકામાં 33 લાખ કરોડ રૂપિયાની લોન જામીનગીરી વિના અપાઈ, આમાં ૬૮ ટકા લાભાર્થી મહિલાઓ

નાગપુરઃ મુદ્રા યોજના હેઠળ નવો બિઝનેસ શરૂ કરવા માટે બાવન કરોડ લોકોને ૩૩ લાખ કરોડ રૂપિયાથી વધુની કોલેટરલ-ફ્રી (જામીનગીરી વિનાની) લોન આપવામાં આવી છે અને તેના લાભાર્થીઓમાં ૬૮ ટકા મહિલાઓનો સમાવેશ થાય છે, એમ કેન્દ્રીય પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું. નાગપુરમાં નેશનલ એકેડેમી ઓફ ડાઇરેક્ટ ટેક્સીસ ખાતે ૭૭મા બેચના ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસિસ ઓફિસર્સના વિદાય કાર્યક્રમ નિમિત્તે પત્રકારો સાથેની વાતચીતમાં ચૌધરીએ ઉક્ત નિવેદન આપ્યું હતું. આર્થિક વિકાસ અંગે દેશના વિઝન વિશે પૂછતા નાણાકીય ખાતાના રાજ્યકક્ષાના કેન્દ્રીય પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં અમારી સરકારે બાવન કરોડ લોકોને ૩૩ લાખ કરોડ રૂપિયાથી વધુની કોલેટરલ-ફ્રી લોન આપી છે. આ લોન ૫૦,૦૦૦ રૂપિયાથી વીસ લાખ રૂપિયાની રેન્જમાં આપવામાં આવી છે. આજે લોકો આ લોનની મદદથી નવો બિઝનેસ શરૂ કર્યો છે અને દેશના આર્થિક વિકાસમાં તેમનું યોગદાન આપી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું. આ લોનના લાભાર્થીઓમાં સૌથી વધુ ૬૮ ટકા મહિલાઓ હતી. ■

# ટેરિફમાં રાહતની આશાએ વોલ સ્ટ્રીટમાં સુધારોઃ ઐતિહાસિક અને અફડાતફડીથી ભરપૂર સપ્તાહ બાદ એશિયન બજારોએ નવી આગેકૂચ નોંધાવી

હોંગકોંગ - મુંબઇઃ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફોન અને લેપટોપ જેવા ઇલેક્ટ્રોનિક્સ પર અન્ય ઉત્પાદનો જેવી ઊંચી આયાત જકાત લાગુ નહીં પડે તેવું કથન જાહેર કર્યા બાદ ટેરિફ વોરની તંગદિલીમાં થોડો ઘટાડો થવા સાથે શુક્રવારે યુએસ શેરોમાં ઉછાળો આવ્યા પછી યુએસ ફ્યુચર્સ પણ સુધારો થવાથી એશિયાઇ શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો.

આ ઉપરાંત ડોલરની નબળાઇ અને ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા ઘટાડાને કારણે થનારા લાભની અપેક્ષાએ પણ એકંદર સેન્ટિમેન્ટના સુધારામાં ભૂમિકા ભજવી હતી. જોકે, ઉક્ત બંને પરિબળો ટ્રમ્પના વેપાર યુદ્ધની દિશા અંગે સતત ચિંતાનો સંકેત આપે છે.

જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૧.૮૦ ટકા વધીને ૩૪,૧૮૯.૩૭ પોઇન્ટની સપાટીએ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ૦.૮૦ ટકા વધીને ૨,૪૫૨.૪૨ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

ટેકનોલોજી કંપનીઓના શેરમાં લેવાલી વધી હોવાથી ટોકિયો ઇલેક્ટ્રોનનો શેર બે ટકા અને પરીક્ષણ ઉપકરણો બનાવતી કંપની એડવાન્ટેસ્ટનો શેર ૫.૪૦ ટકા વધ્યો હતો. દક્ષિણ કોરિયાની સૌથી મોટી કંપની, સેમસંગ ઇલેક્ટ્રોનિક્સનો શેર ૧.૪૦ ટકા વધ્યો હતો.

ચીનની નિકાસ માર્ચમાં એક વર્ષ અગાઉની તુલનામાં ૧૨.૪૦ ટકા વધી હોવાના સમાચાર બાદ હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૨.૪૦ ટકા વધીને ૨૧,૪૧૯.૫૯ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૯૦ ટકા વધીને ૩,૨૬૬.૨૬ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

ચીન દ્વારા શુક્રવારે જાહેરાત કરવામાં આવી હતી કે તે યુએસ ઉત્પાદનો પર તેના ટેરિફને ૧૨૫ ટકા સુધી વધારી રહ્યું છે, જેમાં ટ્રમ્પ દ્વારા ચીનથી આયાત પર વધારાને પગલે તાજેતરનો ટેરિફ વધારો કરવામાં આવ્યો છે, ત્યારબાદ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેઓ સ્માર્ટફોન, કમ્પ્યુટર અને અન્ય ઇલેક્ટ્રોનિક્સને તેમના ટેરિફમાંથી મુક્તિ આપી રહ્યા છે.

ચીનના વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે ટ્રમ્પનું આ પગલું તેઓ જેને પારસ્પરિક ટેરિફ કહે છે તેના ખોટા પગલાને સુધારવા તરફ એક નાનું પગલું છે. તેણે તેમને સંપૂર્ણપણે રદ કરવા અપીલ કરી છે. ટ્રમ્પે તાજેતરમાં ચીન સિવાય અન્ય દેશો માટે તેમના કેટલાક ટેરિફ પર ૯૦ દિવસનો વિરામ જાહેર કર્યા પછી પણ, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વધતા તણાવ વ્યાપક નુકસાન અને સંભવિત વૈશ્વિક મંદીનું કારણ બની શકે છે.

ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૧.૫૦ ટકા વધીને ૭,૭૫૮.૭૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો, જ્યારે તાઇવાનમાં તાઇએક્સ ૦.૬૦ ટકા વ્યો હતો, કારણ કે, તેનું અર્થતંત્ર કમ્પ્યુટર ચિપ્સ અને અન્ય હાઇ-ટેક માલની નિકાસ પર ભારે આધાર રાખે છે.




અત્યંત અફડાતફડી અને ઐતિહાસિક ઊથલપાથલમાંથી પસાર થયા બાદ શુક્રવારે, એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૧.૮૦ ટકા વધીને ૫,૩૬૩.૩૬ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૬૦ ટકા વધીને ૪૦,૨૧૨.૭ પોઇન્ટની સપાટીએ, જ્યારે નેસ્ડેક કમ્પોઝિટ ૨.૧૦ ટકા વધીને ૧૬,૭૨૪.૪૬ પોઇન્ટના સ્તરે પહોંચ્યો હતો.

યુએસ બોન્ડ માર્કેટમાંથી દબાણ થોડું ઓછું થતાં શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો. આ અઠવાડિયે અમેરિકાની બોન્ડ માર્કેટે ચિંતાના ગંભીર સંકેતો આપ્યા હતા અને તેણે રોકાણકારો સાથે ટ્રમ્પનું પણ ધ્યાન ખેંચ્યું હતું. સોમવારની શરૂઆતમાં જે ૧૦-વર્ષીય ટ્રેઝરી બોન્ડ ૪.૪૬૬ ટકા યિલ્ડ પર ટ્રેડ થઈ રહ્યો હતો. શુક્રવારે, તે સવારે ૪.૫૮ ટકા ઉપર પહોંચી ગયો હતો. એક અઠવાડિયા પહેલા ૪.૦૧ ટકાની યિલ્ડ ધરાવતો હતો.

બોન્ડ યીલ્ડ સામાન્ય રીતે ચિંતાના સમયે ઘટે છે. વેપાર યુદ્ધને કારણે યુનાઇટેડ સ્ટેટ્સની બહારના રોકાણકારો તેમના યુએસ બોન્ડ વેચી શકે છે, અને હેજ ફંડ્સ અન્ય નુકસાનને પહોંચી વળવા માટે રોકડ એકત્ર કરવા માટે જે કંઈ ઉપલબ્ધ છે તે વેચી શકે છે. વધુ ચિંતાજનક વાત એ છે કે, ટ્રમ્પના ઉન્મત્ત, ચાલુ અને બંધ ટેરિફ પગલાંને કારણે રોકડ રાખવા માટે વિશ્વના સૌથી સુરક્ષિત સ્થળ તરીકે યુનાઇટેડ સ્ટેટ્સની પ્રતિષ્ઠા અંગે શંકાઓ વધી રહી છે. સોનું રોકાણકારો માટે સલામત સ્વર્ગ તરીકે તેની પ્રતિષ્ઠા પર ખરું ઉતરી રહ્યું છે કારણ કે તેનો ભાવ નવા રેકોર્ડ બનાવે છે. સોમવારે પ્રારંભિક ટ્રેડમાં તે ૪.૨૦ ડોલર વધીને ૩,૨૪૯ પ્રતિ ઔંસ બોલાયું હતું.

વેપાર યુદ્ધને કારણે સર્જાયેલી તમામ અનિશ્ચિતતા અમેરિકન ગ્રાહકોનો વિશ્વાસ ઘટાડી રહી છે, જે તેમના ખર્ચને અસર કરી શકે છે અને અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે. આવું ચાલું રહેશે તો આ વર્ષે મજબૂત રહેલું અમેરિકન અર્થતંત્ર મંદીનો શિકાર બની શકે છે. જથ્થાબંધ સ્તરે ફુગાવા અંગેનો એક અહેવાલ અપેક્ષા કરતાં વધુ સારો આવ્યો છે, જોકે તે આંકડો પાછલા સમયગાળાને આધારે માર્ચના ભાવ સ્તરને માપે છે. ચિંતા એ છે કે ટ્રમ્પના ટેરિફની અસર અર્થતંત્રમાં પ્રવેશ કરશે ત્યારે આગામી મહિનાઓમાં ફુગાવો વધશે. અને જે ફેડરલના હાથ બાંધી શકે છે.

શુક્રવારના ફેરફારો કેટલીક સૌથી મોટી યુએસ બેંકો તરફથી અપેક્ષા કરતાં વધુ મજબૂત નફાના અહેવાલો પછી આવ્યા, જે પરંપરાગત રીતે દરેક કોર્પોરેટ પરિણામની સીઝનને શરૂ કરવામાં મદદ કરે છે.

જેપી મોર્ગન ચેઝ, મોર્ગન સ્ટેન્લી અને વેલ્સ ફાર્ગો, ત્રણેએ વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં વિશ્લેષકોની અપેક્ષા કરતાં વધુ મજબૂત નફો નોંધાવ્યો છે. જેપી મોર્ગન ચેઝનો શેર ચાર ટકા વધ્યો, જ્યારે મોર્ગન સ્ટેન્લીનો શેર ૧.૪૦ ટકા વધ્યો હતો, જોકે વેલ્સ ફાર્ગોના શેરમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ સોમવારના પ્રારંભિક ટ્રેડમાં, યુએસ બેન્ચમાર્ક ક્રૂડ તેલ ૨૦ સેન્ટ ઘટીને ૬૧.૩૦ ડોલર પ્રતિ બેરલ અને આંતરરાષ્ટ્રીય ધોરણનું બ્રેન્ટ ક્રૂડ ૨૦ સેન્ટ ઘટીને ૬૪.૫૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. યુએસ ડોલર ૧૪૩.૯૧ યેનથી ઘટીને ૧૪૩.૦૫ જાપાનીઝ યેન થયો હતો, જ્યારે યુરો ૧.૧૩૨૦ ડોલરથી મજબૂત થઇને ૧.૧૩૭૯ ડોલર બોલાયો હતો.

## ખાંડમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે રજાના માહોલમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજરમાં ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહી હોવાથી ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે ખાસ કરીને બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે બૅન્કો બંધ હોવાથી અમુક અંશે બજારમાં રજાનો માહોલ રહ્યો હોવાથી સ્ટોકિસ્ટો ઉપરાંત રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ ખપપૂરતી માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૩૯૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૨થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ રહી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૯૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમેરિકા-ચીન ટૅરિફ વૉરઃ રમકડાં ઉદ્યોગ માટે નિકાસ હબ તરીકે ઊભરવા ભારતને તક

નવી દિલ્હીઃ અમેરિકા તથા ચીન વચ્ચે વકરેલા ટૅરિફ વૉરને કારણે ભારતીય રમકડાં ઉદ્યોગ માટે ખાસ કરીને અમેરિકા ખાતે નિકાસ વધારીને દેશને રમકડાંની નિકાસ માટેનાં મુખ્ય હબ અથવા તો મથક તરીકે ઊભરી આવવાની સુવર્ણ તક સાંપડી હોવાનું રમકડાં ઉદ્યોગનાં સંગઠનના એક અધિકારીએ જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૪૫ ટકા ટૅરિફ લાદી હોવાથી રમકડાંના વૈશ્વિક વેપારનાં સમીકરણો બદલાવાની શક્યતા છે. અમેરિકાની રમકડાંની આયાતમાં ચીન ૭૭ ટકા હિસ્સો ધરાવે છે તેમાં ખાસ કરીને ઊંચા ટૅરિફને કારણે નોંધપાત્ર ઘટાડો થશે અને આયાતકારો વૈકલ્પિક પુરવઠા માટે નજર દોડાવશે, એમ અધિકારીએ ઉમેર્યું હતું.

ટોય એસોસિયેશન ઑફ ઈન્ડિયાના પ્રમુખ અક્ષય બિંજરજકાએ પીટીઆઈને જણાવ્યું હતું કે અમેરિકા ખાતેની રમકડાંની નિકાસના પુરવઠામાં સર્જાયેલો અવકાશ સરભર કરવા માટે ભારત સારી સ્થિતિમાં છે. અમેરિકાની રમકડાંની બજારનું કદ ૪૧.૭ અબજ ડૉલરનું છે અને ભારતીય ઉત્પાદકો માટે આ એક મોટી તક છે. ભારતીય ઉત્પાદકોએ ચીનની ઓફર સામે ગુણવત્તા તથા ભાવના મુદ્દે સ્પર્ધા કરવાની રહેશે. જોકે, ભારતીય રમકડાંની નિકાસમાં મક્કમ વૃદ્ધિ દર જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાંથી રમકડાંની નિકાસ જે ચાર કરોડ ડૉલરની થઈ હતી તે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને અંદાજે ૧૫.૨ કરોડ ડૉલર થઈ છે. તેમાં પણ નોંધનીય બાબત એ છે કે ભારતમાં રમકડાંની ચીનથી થતી આયાત જે નાણાકીય વર્ષ ૨૦૨૦માં ૨૩.૫ કરોડ ડૉલરની હતી તે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ઘટીને ૪.૧ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. કેમ કે ભારતે સ્થાનિકમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની સાથે આયાત પર પણ કડક નિયંત્રણો લાદ્યાં હતાં.

એક સમયે ભારતીય રમકડાં ઉદ્યોગ આયાત નિર્ભર હતો, પરંતુ હવે સ્થાનિક માગ સંતોષવા માટે ઉત્પાદકો ઉત્પાદન વધારી રહ્યા છે અને વિશ્વ બજાર પર નજર પણ દોડાવી રહ્યા હોવાનું બિંજરજકાએ જણાવતાં ઉમેર્યું હતું કે આયાતમાં ગુણવત્તાનાં ધોરણો કડક કરવામાં આવ્યાં હોવા છતાં ગેરરીતિથી ચીનથી આવતા સસ્તા રમકડાંથી બજાર ઉભરાઈ રહી છે અને શક્ય છે કે ઊંચી અમેરિકી ટૅરિફ અમલી થતાં તેમાં વધારો જોવા મળતાં સ્થાનિક ઉદ્યોગની ઉત્પાદન તથા નફાક્ષમતા પર માઠી અસર પડે.

આથી તેમણે સરકારને આયાત થતાં રમકડાંની બંદર પર કડક તપાસણી કરીને હલકી ગુણવત્તા ધરાવતાં રમકડાંની આયાતને નિયંત્રિત કરવાનો અનુરોધ કર્યો છે. તેમ જ તેમણે બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીને પણ રાજ્યના રમકડાં ઉદ્યોગને સમર્પિત એવા ક્લસ્ટર વિકસાવવા માટે ટેકો આપવા અનુરોધ કર્યો છે. કેમ કે બંગાળ પાસે રમકડાં ઉદ્યોગના હબ બનવા માટેનાં તમામ ઘટકો છે. જેમાં ખાસ કરીને વ્યૂહાત્મક લોકેશન, દરિયાઈ બંદરો, સારી પરિવહન સુવિધા, શ્રમિકોની ઉપલબ્ધિ તેમ જ કાચા માલોની ઉપલબ્ધિ પણ છે. આથી આ બાબતે માત્ર રાજ્ય તરફથી સહકારની અપેક્ષા છે.

## દોઢથી બે વર્ષમાં મંથલી એસઆઈપીનાં આંતરપ્રવાહમાં વધારાનો આશાવાદ

નવી દિલ્હીઃ અતિરિક્ત આવકોમાં થનારા સંભવિત વધારા અને શિસ્તબદ્ધ રોકાણ માટે વધી રહેલી જાગરૂકતાને કારણે આગામી ૧૮થી ૨૪ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોમાં મંથલી સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં રોકાણમાં રૂ. ૪૦,૦૦૦ કરોડ કરતાં વધુ વધારો જોવા મળી શકે છે, એમ યુનિયન એસેટ મેનેજમેન્ટ કંપનીનાં ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર મધુ નાયરે જણાવ્યું છે.

ગત માર્ચ મહિનામાં એસઆઈપીમાં આંતરપ્રવાહ રૂ. ૨૫,૯૨૫ કરોડની સપાટીએ રહ્યો હતો. જોકે, અમેરિકાના ટેરિફમાં થનારા સંભવિત ફેરફારોને ધ્યાનમાં લેતા બજારમાં ભારે ચંચળતાનું વલણ રહેતું હોવાથી મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ છેલ્લાં ચાર મહિનાથી આંતરપ્રવાહમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આમ ટૂંકા સમયગાળા દરમિયાન ઘટાડો જોવા મળી રહ્યો હોવા છતાં ભવિષ્યમાં રોકાણ વધવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સરેરાશ માસિક એસઆઈપીમાં આંતરપ્રવાહ જે આગલા નાણાકીય વર્ષમાં રૂ. ૧૬,૬૦૨ કરોડ હતો તે વધીને રૂ. ૨૪,૧૧૩ કરોડની સપાટીએ રહ્યો છે. આ વૃદ્ધિ રોકાણકારોના શિસ્તબદ્ધ રોકાણ માટેની પરિપકવતાનો નિર્દેશ આપે છે. જોકે, ગત માર્ચ એસઆઈપી ખાતાધારકોની સંખ્યા માર્ચ ૨૦૨૪માં ૮.૪ કરોડની હતી તેની સામે ઘટીને ૮.૧૧ કરોડની સપાટીએ રહી છે. તેમ જ ગત માર્ચનાં અંતે એસઆઈપી હેઠળની એસેટ્સ અન્ડર મૅનેજમેન્ટ માર્ચ, ૨૦૨૪નાં રૂ. ૧૦.૭૧ લાખ કરોડ સામે વધીને રૂ. ૧૩.૩૧ લાખ કરોડની સપાટીએ રહી હતી.

વર્તમાન નાણાકીય વર્ષમાં ઘણાં રોકાણકારો મૈત્રીલક્ષી વેરા મર્યાદાની હેઠળ આવશે તેમ જ બજારની સ્થિતિમાં સુધારો થવા જેવા પરિબળોને કારણે રોકાણકારો એસઆઈપી મારફતે વધુ રોકાણ કરવા માટે પ્રોત્સાહિત થશે, એમ નાયરે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત પહેલી એપ્રિલથી શરૂ થયેલા વર્તમાન નાણાકીય વર્ષમાં રૂ. ૧૨ લાખ સુધીની વ્યક્તિગત આવકને વેરામાંથી મુક્ત રાખવામાં આવી હોવાથી એસઆઈપી મારફતે રોકાણકારો લાંબાંગાળાના રોકાણ માટે વધુ પ્રેરિત થશે. એકંદરે રોકાણકારોમાં એસઆઈપી રોકાણ પસંદગીનું સાધન રહ્યું છે કેમ કે તેમાં ઓછામાં ઓછા માસિક ધોરણે રૂ. ૨૫૦થી રોકાણ કરી શકાય છે. આથી શિસ્તબદ્ધ રોકાણ થવાની સાથે બજારની ચંચળતાની અસરો પણ હળવી થતી હોય છે.

સામાન્યપણે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ એસઆઈપીમાં થતાં આંતરપ્રવાહ પર વધુ નિર્ભર હોય છે, જેમાં ગત નામાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં આંતરપ્રવાહ આગલા વર્ષની સરખામણીમાં રૂ. ૧.૮૪ લાખ કરોડ વધીને રૂ. ૪.૧૭ લાખ કરોડના સ્તરે રહ્યો હતો.

તેમ જ માસિક ધોરણે આંતરપ્રવાહનાં ટેકે ગત માર્ચ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ ૨૩ ટકા વધીને રૂ. ૬૫.૭૪ લાખ કરોડ ( રૂ. ૫૩.૪૦ લાખ કરોડ)ની સપાટીએ રહી હતી.

ભવિષ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન યુનિયન એસેટ મેનેજમેન્ટ કંપની સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડના વિસ્તરણ એને ગિફ્ટ સિટીમાં તેની હાજરી સ્થાપવાની યોજના ધરાવે છે, એમ નાયરે ઉમેર્યું હતું.

## ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં ટકેલું વલણ તેમ જ અન્ય ધાતુઓમાં ધીમો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ આવેલા ઉછાળાના ટેકે અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૭ સુધીની આગેકૂચ જોવા મળી હતી.



પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ટનદીઠ ૯૧૫૨.૯૦ ડૉલર આસપાસની સપાટીએ મક્કમ વલણથી ટકેલા રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ ધીમો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૫૦, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૨૭૯૭ અને કોપર આર્મિચર તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૮૧૮ અને રૂ. ૭૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૨૬, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૮૩૫ અને રૂ. ૮૬૯, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૮૭, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૪૩ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૯૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪૧ અને રૂ. ૨૫૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

## અમેરિકન ટેરિફના કમઠાણમાં ભારતીય રોકાણકારોના ₹ ૧૧.30 લાખ કરોડનું ધોવાણ, સેન્સેક્સમાં ૧,૪૬0.૧૮ પોઈન્ટનો કડાકો

મુંબઇઃ આ મહિનાની શરૂઆતથી રોકાણકારોની સંપત્તિમાં ૧૧.૩૦ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે, અને બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સમાં લગભગ બે ટકાનો કડાકો બોલાયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા એક રેસિપ્રોકલ ટેરિફ યોજનાના અમલની જાહેરાત બાદ એક તરફ ચીન અને અમેરિકા વચ્ચે વેપાર યુદ્ધ વકરવાની ચિંતા વચ્ચે વિશ્વભરના શેરબજારોમાં કડાકા બોલાઇ ગયા હતા.

ટેરિફ અમલી બનવાની તારીખ બીજી એપ્રિલથી, બીએસઈ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૧,૪૬૦.૧૮ પોઈન્ટ અથવા ૧.૯૦ ટકા ઘટ્યો છે. ઇક્વિટીમાં અનિશ્ચિતતાને પગલે, આ સમયગાળા દરમિયાન બીએસઈ-લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ ૧૧,૩૦,૬૨૭.૦૯ કરોડ રૂપિયા ઘટીને ૪,૦૧,૬૭,૪૬૮.૫૧ કરોડ (૪.૬૬ ટ્રિલિયન ડોલર)ની સપાટીએ પહોંચ્યું છે.

અમેરિકા દ્વારા વધારાની આયાત જકાત ૯૦ દિવસના સ્થગિત રાખવાની જાહેરાતને કારણે સુધરેલા માહોલમાં શુક્રવારે બેન્ચમાર્ક સૂચકાંકો લગભગ બે ટકા ઊછળ્યા હતા. દસમી એપ્રિલે શ્રી મહાવીર જયંતિ અને ૧૪ એપ્રિલે ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિને કારણે બજારો બે વાર બંધ રહ્યા હતા. ટ્રમ્પે એપ્રિલના પહેલા અઠવાડિયામાં એક ટેરિફ પ્લાન જાહેર કર્યો. બાદમાં વ્હાઇટ હાઉસે ચીન સિવાય મોટાભાગના દેશો માટે પારસ્પરિક ટેરિફ પર ૯૦ દિવસનો વિરામ જાહેર કર્યો હતો. ચીને તેના પ્રત્યાઘાતમાં અમેરિકન ચીજોની આયાત પર ૧૨૫ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. શુક્રવારે ચીને યુએસ માલ પરનો વધારાનો ટેરિફ વધારીને ૧૨૫ ટકા કર્યો, જે અમેરિકાના ૧૪૫ ટકા લેવીનો બદલો હતો. ટ્રમ્પ દ્વારા વૈશ્વિક સ્તરે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત પછી, બજારોમાં નવા નાણાકીય વર્ષની શરૂઆત ખરાબ રહી.

## ટ્રમ્પની ગુલાંટ પર ગુલાંટઃ હવે ઈલેક્ટ્રોનિક ચીજો પર સેમિકન્ડકટર ટેરિફ લાદવાની વાત!

મુંબઇઃ અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે વધુ એક નિર્ણયમાં પાછીપાની જાહેર કરી છે. ડોનલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રે શનિવારે જાહેરાત કરી હતી કે સ્માર્ટફોન અને લેપટોપ જેવી ઇલેક્ટ્રોનિક આઇટમોને પારસ્પરિક (રેસિપ્રોકલ) ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવશે.

જોકે, ફરી અમેરિકાના વાણિજય પ્રધાન હોવર્ડ લુટનિકે જાહેર કર્યું છે કે ઇલેક્ટ્રોનિક વસ્તુઓને ટેરિફમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કાયમી નથી. આ વસ્તુઓ માટે દક્ષિણ એશિયા પર આધાર રાખી શકતા નથી. યુએસ કોમર્સ મિનિસ્ટરે સ્પષ્ટપણે કહ્યું હતું કે, આ બધા માલ પર ટૂંક સમયમાં સેમિકન્ડક્ટર ટેરિફ લાદવામાં આવશે.

આ નિયમ એક કે બે મહિનામાં લાગુ કરવામાં આવશે. તે બધી વસ્તુઓ સેમિકન્ડક્ટર હેઠળ આવશે. આ તમામ પર ખાસ રીતે ટેરિફ લગાવામાં આવશે. તેમણે કહ્યુ કે અમને સેમિકન્ડક્ટરની જરૂર છે. અમને ચિપ્સની જરૂર છે અને ફ્લેટ પેનલ્સની પણ જરૂર છે. અમારે આ બધી વસ્તુઓનું ઉત્પાદન અમેરિકામાં જ કરવું પડશે કારણ કે અમે આ બધી વસ્તુઓ માટે દક્ષિણ એશિયા પર આધાર રાખી ના શકાય. અમે આ મૂળભૂત સુવિધા માટે અન્ય દેશ પર નિર્ભર નહી રહી શકીએ. તેમણે ઉમેર્યુ હતુ કે અમે આ મૂળભૂત સુવિધા માટે અન્ય દેશ પર નિર્ભર નહી રહી શકીએ.

ઉપરાંત ઈલેક્ટ્રોનિક સામાન પર આપવામાં આવેલી છૂટ હંમેશા માટે નથી. આ પ્રોડક્ટ અમારા દેશની સુરક્ષા સાથે જોડાયેલી હોવાથી અન્ય દેશ સાથે કોઈપણ પ્રકારે વ્યવહાર કરી શકતા નથી. આ તરફ ચીને અમેરિકાને રેસિપ્રોકલ ટેરિફ પરત લઈને પોતાની ભૂલ સુધારવા કહ્યું છે અને ઈલેક્ટ્રોનિક સામાન પર મળેલી છૂટ આ દિશાનું એક નાનું પગલું માનવામાં આવી રહ્યું છે.

# ભાવનગરમાં બાબા સાહેબ આંબેડકરજીની જયંતીની ઉજવણીઃ બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાર્પણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં બાબા સાહેબની ૧૩૪મી જન્મજયંતી નિમિતે સવારે શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં જશોનાથ સર્કલ ખાતે તેમજ શહેર ભાજપ કાર્યાલય ખાતે બાબાસાહેબની પ્રતિમા/ તસ્વીરને પુષ્પાર્પણ કરવામાં આવેલ તેમજ સંવિધાન વાંચન કરવામાં આવ્યું હતું.

જેમાં કેન્દ્રીય પ્રધાન નીમુબેન બાંભણીયા, ધારાસભ્ય જીતુભાઇ વાઘાણી અને સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઇ બારડ, પૂર્વ પ્રમુખો અને મહામંત્રીઓ સહિત વરિષ્ટ આગેવાનો, મહાનગર પાલીકાના પદાધિકારીઓ અને નગરસેવકો, વોર્ડ સંગઠન, અનુ. જાતી મોરચાના પૂર્વ અધ્યક્ષ ભરતભાઇ મકવાણા સહિતના હોદ્દેદારો અને અનુ. જાતીના વરિષ્ટ આગેવાનો, તેમજ તમામ સેલ, મોરચા અને સમિતિઓના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ■



રાજકોટ માધાપર ચોકડી બાયપાસ પુલ પાસે ભૂગર્ભ ગટર તૂટતાં હાઇવે ઉપર પાણીના ફુવારા ઉડ્યા હતા. (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# હિટવેવથી કચ્છના હાલ બેહાલઃ અગનભઠ્ઠી બનેલાં ભુજમાં ૪૧ ડિગ્રી સે.તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વહેલી શરૂ થઇ ચુકેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વચ્ચે હવામાન વિભાગે ગુજરાતના કેટલાક વિસ્તારો માટે યલો એલર્ટ આપી છે તે વચ્ચે રણપ્રદેશ કચ્છમાં પણ થોડા અંતરાલ બાદ ગરમીનો પારો સતત ઊંચો આવી રહ્યો છે.

જિલ્લાના મુખ્ય મથક ભુજમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી જતાં શહેર જાણે ગરમ તવામાં ફેરવાયું હતું, જયારે કંડલા એરપોર્ટ મથકે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર પહોંચતાં ગાંધીધામ, આદિપુર, અંજાર,મેઘપર બોરીચી સહિતના વિસ્તારોએ હિટવેવનો અનુભવ કર્યો હતો.

મધ્યાહ્ને આભમાંથી અગન ગોળા વરસતા હોય તેવી અસહ્ય ગરમીથી જાણે કુદરતી સંચારબંધી હોય તેમ માર્ગો સૂમસામ બની જાય છે. ૪૧ ડિગ્રીએ તપેલા ભુજમાં દિવસભર પ્રતિ કલાક ૧૨ કિલોમીટરની ગતિએ ફૂંકાતા ઉના પવનોએ ગરમીનો ડંખ વધારતાં શહેરીજનો અકળાયા હતા. કાળઝાળ ગરમીના કારણે મધ્યાહ્ને બજારો અને જાહેર માર્ગો પર નહિવત્ ચહલ પહલ જોવા મળી હતી. ■



રાજકોટના યાજ્ઞિક રોડ પર આવેલા સર્વેશ્વર ચોકના વોકળોનું કામ શરૂ કર્યું છે, કોર્પોરેશન દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું કે યાજ્ઞિક રોડ પરનો ભાગ ૪ મહિના બંધ રહેશે... (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# અમદાવાદ ખાતે ફાયર સર્વિસ ડેની ઉજવણી, ૧૯૪૪ના મુંબઇ ફાયર સર્વિસના જવાનોને અપાઈ શ્રદ્ધાંજલિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૧૪ એપ્રિલના રોજ અગ્નિશમન સેવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગ દ્વારા ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જમાલપુર ફાયર સ્ટેશન ખાતે ફાયર બ્રિગેડના ઉત્સવ અધિકારીઓ સહિતના ફાયર સ્ટાફે બે મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ દરમિયાન મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને શાસક પક્ષના નેતા સહિતના પદાધિકારીઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં.

ઈ.સ ૧૯૪૪માં ૧૪ મી એપ્રિલના દિવસે ઇંગ્લેન્ડથી આવેલા મુંબઇના વિકટોરીયા ડોકયાર્ડમાં લંગારેલા 'એસ.એસ.ફોર્ટ સ્ટાઇકીન' નામની સ્ટીમરમા ભયંકર આગ લાગી હતી. આગને કાબૂમાં લેતા મુંબઇ ફાયર સર્વિસના ૬૬ જવાનોએ પોતાના જીવનું બલિદાન આપ્યુ હતું. જેને ધ્યાનમાં રાખીને ભારત સરકારના ગૃહ મંત્રાલય તથા ફાયર એડવાઇઝરી કમિટી દ્વારા ભારતભરમા આ દિવસને 'ફાયર સર્વિસ ડે' તરીકે ઉજવણી કરવામાં આવે છે. અમદાવાદ ખાતે ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

ફાયર સર્વિસ ડેના કાર્યક્રમ નિમિત્તે ફાયર સર્વિસીઝ દ્વારા લોક જાગૃતિ અને લોક શિક્ષણના કાર્યક્રમો પણ કરવામાં આવ્યાં હતા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ આ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ દ્વારા શહીદ દિનની ઉજવણી કાલાવડ રોડ ફાયર સ્ટેશન ખાતે કરવામાં આવી હતી. સાથે સાથે ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ■

# ભાવનગરમાં ગરમીનો પારો વધતા તાપમાન ૧.૧ ડિગ્રી વધીને ૩૮.૨ ડિગ્રીએ પહોંચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. એટલું જ નહીં પરંતુ ભાવનગરમાં પણ ગરમીનું પ્રમાણ વધ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

ગઈ કાલે ભાવનગરમાં ગરમીનો પારો ૧.૧ ડિગ્રી વધીને ૩૮.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. એટલું જ નહીં પરંતુ વહેલી સવારે પણ ૨૪.૮ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજી પણ તાપમાન ૩૮થી ૪૦ ડિગ્રી સુધી જાય તેવી સંભાવનાઓ છે.

બે દિવસ પહેલા ભાવનગરમાં વરસાદ નોંધાયો હતો જેથી લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી. પરંતુ હવે ફરી પાછી ગરમીનો પારો ઉપર ગયો છે.

ભાવનગરમાં પડેલી ગરમીના વાત કરવામાં આવે તો, ૧૦મી એપ્રિલે મહત્તમ તાપમાન ૩૯.૨ ડિગ્રી નોંધાયું હતું. ૧૧મી એપ્રિલે ૩૯ ડિગ્રી અને ૧૨મી એપ્રિલે ૩૭.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પવનની ઝડપ ૮થી ૩૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી નોંધાઈ હતી. સ્વાસ્થ્યને લઈને પણ નિષ્ણાતો દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. ગરમીથી રાહત માટે વારંવાર પાણી પીવા માટે પણ કહેવામાં આવ્યું હતું. આ સાથે સાથે છાસ, લીંબુ શરબત અને નાળિયેરનું પાણી પીવા માટે પણ તબીબો દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. ■



જૂનાગઢમાં આંબેડકર જયંતી નિમિત્તે સ્કૂટર રેલી યોજાઈ હતી, જિલ્લા કલેક્ટર અને મહાનુભાવો દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા હતા. (તસવીર-હરેશ સોની જૂનાગઢ)

# રાજકોટમાં આંબેડકર જયંતીની રેલીમાં સ્ટંટ કરી રહેલા યુવકોને અટકાવતા ઘર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

અમદાવાદઃ રાજકોટમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દરમિયાન રાજકોટ જિલ્લા પંચાયત ચોક પાસે પોલીસ કમિશનર કચેરી પાસે યુવાનોએ બાઈક પર સ્ટંટબાજી કરી હતી, જ્યારે પોલીસ દ્વારા તેમને રોકવામાં આવ્યાં હતાં, ત્યારે બોલચાલી થઈ હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, પોલીસે બાઈક પર દંડા માર્યા હતાં. આ દરમિયાન યુવાનોએ રસ્તા પર બેસીને વિરોધ વ્યક્ત કર્યો હતો. પોલીસે યુવાનોને અડધો કલાક સુધી સમજાવ્યા ત્યારે મામલો શાંત પડ્યો હતો.

મળતી વિગતો મુજબ, આંબેડકર જયંતીને અનુલક્ષીને દલિત સમાજના યુવાનો દ્વારા રેલી કાઢવામાં આવી હતી. આ દરમિયાન રેસકોર્ષ રિંગ રોડ પર કેટલાક યુવકો બાઈક પર સ્ટંટ કરતા હોવાથી પોલીસે અટકાવવાનો પ્રયાસ કર્યો તો ભારે બોલાચાલી થઈ અને ટ્રાફિકજામ સર્જાયો હતો. જો કે, બાદમાં મોટા પોલીસ અધિકારીઓએ આવીને મામલાને શાંત પાડ્યો હતો અને બાદમાં પોલીસે સાથે રહીને શાંતિ પૂર્ણ રીતે રેલીને પૂર્ણ કરાવી હતી. ■

# વડોદરાના વિવિધ વિસ્તારોમાં ૧૬મી એપ્રિલથી ૨૬ એપ્રિલ સુધી વીજ પુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળાની શરૂઆત થતાની સાથે જ ભારે ગરમી પડી રહી છે. ત્યારે વડોદરાવાસીઓ માટે માઠા સમાચાર છે. આગામી ૧૬મી એપ્રિલથી લઈને ૨૫ મી એપ્રિલ સુધી સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી વીજ પુરવઠામાં કાપ મુકવામાં આવશે. અત્યારે સમારકામ ચાલી રહ્યું હોવાથી વીજ પુરવઠામાં કાપ મુકવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. ૧૬મી એપ્રિલના બુધવારે આટલાદરા સબ ડિવિઝન, અટલાદરા રોડ ફીડર, ફતેગંજ સબ ડિવિઝન દીપ ફીડર, ધરમસિંહ ફીડર સહિત આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠાનો કાપ રહેશે. ૧૭મી એપ્રિલે સમા સબ ડિવિઝન ૧૧ કેવી અગોરા, અગોરા મોલ સમા ફીડર, ગોત્રી સબ ડિવિઝન ગંગોત્રી ફીડર તથા વાસણા સબ ડિવિઝન માઇલ સ્ટોન ફીડર અને અટલાદરા સબ ડિવિઝન નારાયણ ફીડર સહિત લક્ષ્મીપુરા સબ ડિવિઝન પ્રથમ સૃષ્ટિ ફીડર અને ગોરવા સબ ડિવિઝન શ્રીનાથ ફીડરનો આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠો બંધ રહેશે.

તારીખ ૧૯ને શનિવારે ફતેગંજ સબ ડિવિઝન આનંદ નગર ફીડર, ગોત્રી સબ ડિવિઝન, ઇસ્કોન હાઇટ્સ ફીડર, વાસણા સબ ડિવિઝન ફીડર, અટલાદરા સ્ટેડિયમ ફીડરની આસપાસના વિસ્તારમાં તો ૨૦મી એપ્રિલ અલકાપુરી સબ ડિવિઝન આર્કેડ ફીડર, પૂર્વ સબ ડિવિઝન ગોરવા ગામ ફીડરની આસપાસના વિસ્તારમાં વીજળી બંધ રહેશે.

૨૨મી એપ્રિલે સમા સબ ડિવિઝન ચાણક્યપુરી ફીડર, મનોરથ ફીડર, ગોરવા સબ ડિવિઝન, સહયોગ ફીડરની આસપાસના વિસ્તારોમાં, ૨૩મી એપ્રિલે ફતેગઢ સબ ડિવિઝન હાર્મની ફીડર લક્ષ્મીપુરા સબ ડિવિઝન, માધવ પાર્ક ફીડર, અટલાદરા સબ ડિવિઝન, મહાબલીપુરમ ફીડર, અકોટા સબ ડિવિઝન, સ્વાગત ફીડર, વાસણા સબ ડિવિઝન, ટાગોર નગર ફીડર, ગોત્રી સબ ડિવિઝન, વુડા ફીડરની આસપાસના વિસ્તારમાં વીજળીનો કાપ રહેશે.

૨૪ તારીખે સમા સબ ડિવિઝન, અણુશક્તિ ફીડર, ગોરવા સબ ડિવિઝન, સુભાનપુરા રોડ ફીડરની આસપાસનો વિસ્તાર ઉપરાંત અટલાદરા સબ ડિવિઝન, સન ફાર્મા ફીડર વિસ્તારમાં વીજળી બંધ રહેશે. ૨૫મી તારીખે વાસણા સબ ડિવિઝન, વરણીમાં ફીડર, અટલાદરા સબ ડિવિઝન, ચાણક્ય ફીડર અકોટા સબ ડિવિઝન ગુજરાત ટ્રેક્ટર ફીડર ગોત્રી સબ ડિવિઝન રાજેશ ટાવર ફીડર આસપાસનો વિસ્તારમાં અને ૨૬મી એપ્રિલે ફતેગંજ સબ ડિવિઝન ડિલક્સ ફીડર, અલકાપુરી સબ ડિવિઝન સારાભાઈ ઇસ્ટ એવન્યૂ આસપાસના વિસ્તારમાં નિયત સમયે વીજ પુરવઠો બંધ રહેશે. ■

# બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન વિરુદ્ધની પોસ્ટ મામલે ઠાકોર સમાજનો આક્રોશ હજી પણ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર વિરુદ્ધ એક યુવકે સોશિયલ મીડિયામાં વાંધાજનક પોસ્ટ કરી હતી. તે યુવક ચિંતન મહેતાએ માફી પણ માગી લીધી હતી, તેમ છતાં પણ અત્યારે વિવાદ શમી રહ્યો નથી. ગઈ કાલે પાટડીના જૈનાબાદ રોડ પર ઠાકોર સમાજ અને કૉંગ્રેસના કાર્યકરોએ ચક્કાજામ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. નોંધનીય છે કે, પાટડીના નવરંગપુરાના ચિંતન મહેતાએ સી.એમ. સરકાર નામના ફેસબુક પેજ પર ગેનીબેન ઠાકોર વિરુદ્ધ અપમાનજનક પોસ્ટ મૂકી હતી. અત્યારે પણ સમગ્ર રાજ્યમાં ઠાકોર સમાજ અને કૉંગ્રેસમાં રોષ ફેલાયો છે.

નોંધનીય છે કે, જૈનાબાદ રોડ પર થયેલા ચક્કાજામને કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ૨૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હતી. વિરોધ કરનારા લોકોએ ગેનીબેન વિરુદ્ધમાં અપમાનજનક પોસ્ટ મૂકનાર યુવક સામે કડક કાર્યવાહીની માગ કરી હતી. પોસ્ટ મૂકનારા યુવકે વીડિયો પોસ્ટ કરીને માફી માગી હતી, પરંતુ વિવાદ હજી પણ ચાલી રહ્યો છે અને લોકો કાર્યવાહી કરવા માટે માગ કરી રહ્યાં હતાં. ■

# ભચાઉના શિકારપુરના હાઈવે ઢાબા પર ડ્રગ્ઝના કાળા કારોબારનો પર્દાફાશઃ ૬.૨૫ લાખના હેરોઈન સાથે સંચાલક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ માટે 'ગોલ્ડન ગેટવે' સમા બની ચૂકેલા કચ્છમાં એક હાઇવે ઢાબા પરથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે ૧૨.૫૦ ગ્રામ માદક પદાર્થ હેરોઇન સાથે એક પંજાબી શખ્સને દબોચી લીધો હતો. એસઓજીએ ભચાઉના શિકારપુર નજીક સામખિયાળી મોરબી ધોરીમાર્ગ પર આવેલી હોટેલ 'અપના પંજાબ' પર ચાલતાં ડ્રગ્ઝના છૂટક વેચાણનો પર્દાફાશ કરી, ૫૪ વર્ષિય હોટેલ સંચાલક બલવિન્દરસિંઘ જયમલસિંઘ ૬.૨૫ લાખના ૧૨.૫૦ ગ્રામ હેરોઈન સાથે ઝડપી પાડ્યો હતો.

બલવિન્દર ભાડેથી હોટેલ ચલાવતો હતો અને અહીં આવતાં ગ્રાહકોને હેરોઈનનું છૂટક વેચાણ કરતો હતો. તેના કબજામાંથી પોલીસે ૧.૧૨ લાખ રોકડાં રૂપિયા, હેરોઈનનું વજન કરવા માટે વપરાતો પોકેટ ડિજીટલ વજનકાંટો વગેરે મુદ્દામાલ કબજે કરી સામખિયાળી પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે. ■

# ભુજના હોસ્પિટલ રોડ પરની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં કેશિયર કાઉન્ટર પર લાઈનમાં ઊભેલા વૃદ્ધની બેગમાં ચેકો મારી ૧.૫૦ લાખ સેરવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના લોકોની અવરજવરથી સતત ધમધમતા હૉસ્પિટલ રોડ પર આવેલી સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાની શાખામાં નાણાં જમા કરાવવા આવેલા પોલિટેકનીક કોલેજના નિવૃત લેબ આસિસ્ટન્ટની બેગમાં કોઈ અજ્ઞાત મહિલાઓ દ્વારા ચેકો મારીને, અંદર રહેલા ૧,૫૦, ૦૦૦ રૂપિયા સિફતપૂર્વક તફડાવી લેવાતાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

આ ચોંકાવનારા બનાવ અંગે ભુજના વાલરામ નગર-૨માં રહેતા ધર્મેશભાઈ તુલસીદાસ ચોથાણીએ ભુજ શહેર બી ડિવિઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પોતાના મામાના પુત્રની ઓફીસ પર હતા, જે બાદ બેગમાં ૩.૭૪ લાખ રૂપિયાના ત્રણ બંડલ બનાવી હૉસ્પિટલ રોડ પર આવેલી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયામાં જમા કરાવવા માટે ગયા હતા. બેંકમાં કેશિયર લાઈનમાં ઊભા હતા ત્યારે તેમની આગળ એક પુરુષ ઊભેલો હતો અને પાછળના ભાગે બે મહિલાઓ ઊભી હતી.કાઉન્ટર પર રૂપિયા જમા કરાવવાનો વારો આવ્યો એટલે ફરિયાદીએ પોતાના બેગમાંથી રૂપિયા બહાર કાઢ્યા હતા ત્યારે ૧.૫૦ લાખનું બંડલ ભેદી સંજોગોમાં ગાયબ થઇ ગયું હતું. તેમની પાછળ ઊભેલી બે સંદિગ્ધ મહિલાઓ પણ ગુમ થઇ ગઈ હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# મલેશિયાની પેલિકન નેચરલ ક્લબ દ્વારા કચ્છમાં વસવાટ કરતા જળચરોની વસ્તી ગણતરી હાથ ધરાઈ



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એશિયન વેટલેન્ડ બ્યૂરો કુઆલાલંપુર મલેશિયાના મુખ્ય મથકથી દર વર્ષે એશિયા ખંડના જળાશયો પર વસવાટ કરનારા જળચર પક્ષીઓની વસ્તીની ગણતરી કરવામાં આવતી હોય છે. આ કાર્યક્રમ ૧૯૮૭ની સાલથી ચાલતો આવ્યો છે. પેલિકન નેચર કલબ શરૂઆતથી જ જળચરોની વસ્તી ગણતરીમાં જોડાયેલી હોઇ આ વરસે કલબ દ્વારા આગવી જૈવિક વિવિધતા ધરાવનારા કચ્છનાં ૭૦ જેટલાં જળાશયોની મુલાકાત લઇ કુલ્લ ૧૪૩૫૧ જેટલાં પક્ષીની નોંધ થઇ હતી.

૪૦ જાતનાં પક્ષીઓ આ ગણતરી દરમ્યાન જોવા મળ્યા હતા. ગત ચોમાસામાં વરસેલા સારા વરસાદને પગલે જળચર પક્ષીની ગણતરીમાં ૧૪૩૫૧ જેટલા જળચર પક્ષીની નોંધ પેલિકન નેચર કલબના સભ્યોએ મુલાકાત લઇ કરી હતી. માંડવીના દરિયા કિનારે શિયાળો ગાળવા આવતા સિગલ પક્ષીઓ-ધોમડાની ૩ જેટલી જાતના ૧૦૦૦૦થી વધુ સંખ્યામાં આ ગણતરીમાં જોવાં મળ્યાં હતાં. અલબત્ત 'ગજપાંઉ' 'ભગતડાં' અને 'ટીટોડી'ની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો. ■